આવતી કાલનાં નાગરિકો ઘડતું

# કુમાર

આજનાં ઘરોનું અગ્રણી માસિક

આસો · ૧૯૯૦

૧૩૦

તંત્રી · રવિશંકર રાવળ

સંપાદક · બચુભાઈ રાવત




નવપ્રભાત

આલેખક · શ્રીમતી રતી ડી. પિટિટ

કુમાર
આસો ૧૯૯૦
અંક ૧૩૦



મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત: તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ: કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.




વાર્ષિક લવાજમ, રૂા. ૬ (પરદેશ ૧૨ શિ.) ગ્રાહકો વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધાય છે. છૂટક ૦-૧૦-૦

મુંબાઈના એજન્ટ : સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨

કલકત્તા : ઉપયોગી વસ્તુભંડાર • ૧૪, અમરતલા સ્ટ્રીટ

**જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ**
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



એશિયાની વિભૂતિ

ચિત્રકાર · કનુ દેસાઈ

કુમાર આવતી કાલનાં નાગરિકોનું માસિક
આસો '૯૦

# દીવાળી

· પૃથ્વી ·

અરે વરસ આંતરે અહીં ધરે છ, દીપાવલિ!
અનંત જડ દીપમાળ શીદ આ ભૂંડી ભોમમાં?
અહીં મનુજને ઉરે ભડભડે જુદી કોમમાં
સદા વિષજીભો સમી ભભુકતી મશાલો બળી
બળી જીવન સીઝતી; નયનમાં બળે રે વળી
અખંડ ઈરિખા તણી વિષમજ્વાળ: એ હોમમાં
વહે અગનધાર, ને ફગવતી હજી વ્યોમમાં
શિખા તણી ઊંચે વિશાળ વિકરાળ ધુમ્રાવલિ.

તને પ્રગટવું, ભલે પ્રગટ; મા ધરી દીવડા
સુકોમલ સરૂપના વિહિન શક્તિના જીવડા;
અરે ફકત એક વર્ષ પ્રગટી રહે તું બની
પ્રચંડ રૂપની મહાનલ સરૂપનાં આગની
વિરાટ નવશક્તિ, ભસ્મ કર પાપજ્વાલા ભૂંડી:
પછી અહીં પધારજે બનીઠની રૂડી દીવડી.

**ચન્દ્રવદન મહેતા**



ઝેરઈર્ષ્યાની વિષમજ્વાલ મશાલો બળીબળીને જ્યાં જીવનને સીઝવી દે છે એવી આ ભૂંડી ભોમમાં આવી જડ દીપમાળો શીદ ધરે છે?—પ્રગટવું હોય તો પહેલાં તો આ પાપજ્વાલને ભસ્મ કરતી આગની વિરાટ નવશક્તિ બનીને મહાનલ સ્વરૂપમાં પ્રચંડપણે એકવાર પ્રગટ; પછી ભલે રૂડી દીવડાં બનીને પધારજે: એમ દીવાળીને ઉદ્દેશીને લખાએલા આ સરલ સૉનેટને વધુ વિવેચનની જરૂર છે?

# મારી નજરે

## ગુજરાતનું ઊજળું મોં

● **આ** વર્ષના માર્ચ મહિનામાં હું મહારાષ્ટ્રમાં ગયો ત્યારે તેના પાટનગર પૂનામાં મેં સજીવ ગુજરાતનાં દર્શન કર્યાં. અનેક વર્ષોથી જીવનમાં વણાતી આવતી જન્મભૂમિનો પ્રેમ એ દૂર વસેલા પૂનાવાસી બંધુઓમાં જે જાગૃત સ્વરૂપ જાળવી રહ્યો છે તેની બરોબરનો દૃષ્ટાંત નથી કલકત્તામાં, નથી મદ્રાસમાં કે નથી બીજે ક્યાંય પણ. ખુદ મુંબાઇ, સુરત કે અમદાવાદમાં પણ એવી એકતા, સહકાર અને સહાનુભૂતિ વિલસતાં મેં જોયાં નથી. પૂનામાં વસતા ગુજરાતી બંધુઓએ તો આપણને તેમજ પરપ્રાંતીય બંધુઓને ઉજ્જ્વલ દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.

એ ભાવનાના મૂર્ત સ્વરૂપના આદ્ય સર્જક અને સંસ્થાપક પ્રો. ઔદીચ્ય અથવા શ્રીમાન ભાનુશંકરભાઈ ઔદીચ્યે આજથી બાવીસ વર્ષ પહેલાં ત્યાંના 'ગુજરાતી બન્ધુસમાજ'ની સ્થાપના કરી અને છેવટ સુધી તેના અંગભૂત રહી તેને જાહોજલાલીમાં લાવી, ગયા માર્ચ માસમાં જ પૂનાની પોતાની નોકરી તેમજ એ પ્રવૃત્તિમાંથી ફારગ થયા. પણ 'ગુજરાતી બન્ધુસમાજ' એવું તો સદ્ભાગી છે કે એમના જેવા જ બીજા ભાવનાશાળી સજ્જને આજ એ સમાજનું સુકાન છેલ્લાં કેટલાંક વર્ષોથી મંત્રી બનીને સંભાળી લીધું છે.

આ બન્ધુસમાજ શું કરે છે અને શું કરી શકે તે નજરે જોઇને જાણ્યાઅનુભવ્યા વિના સમજવું મુશ્કેલ છે. તેની મુખ્ય નેમ એ છે કે પૂનામાં વસતા ગુજરાતી સમાજમાં પરસ્પર પિછાન, સહાનુભૂતિ અને સહકાર કેળવવાં, તેમજ બની શકે ત્યાં સહાય તથા સેવા અર્પવાં. જો માત્ર ઉદ્દેશથી જ સંસ્થાનું માપ કઢાતું હોત તો હું આ સંસ્થા સાથે એવી બીજી ઘણી સંસ્થાનાં નામ લેત. પણ આ સંસ્થાનું સક્રિય વલણ જોયા પછી તેની સરખામણીમાં મૂકાય એવું એક પણ નામ મને જડતું નથી.

જે ખુદ ગુજરાતમાં અશક્ય લાગે છે તે તેઓ ત્યાં એટલે દૂર રહી કરી બતાવે છે. જાતભાત, હોદ્દા, ડિગ્રી વગેરેની ન્યાતોથી ગુજરાતમાં સામાજિક એકતા ઊણી પડે છે. પૂનામાં એ ગુજરાતનાં સંતાનો એવા ભેદ ભૂલી ખરેખરા ભ્રાતૃભાવથી હળેમળે છે, પ્રાસંગિક અને વાર્ષિક સંમેલનો ઘણી સફળતાપૂર્વક યોજે છે, વરસમાં એક વાર તો પૂનામાં વસતાં પાંચસો જેટલાં ગુજરાતી કુટુંબોને ઘરબહાર ખેંચી લાવી રમતગમત, રાસગરબા, સ્પર્ધાઓ અને લહાણીઓનો જલસો જમાવી ભ્રાતૃભાવનું તાન અનુભવે છે.

બન્ધુસમાજના સભ્યોનું જ સંમેલન હોય ત્યારે ન્હાનાસ્તા સાથે અનેકને સહાય કરવાના ફાળા ભરવાનો કાર્યક્રમ પણ હોય. અને સભ્યોની એવી સક્રિય હીલચાલથી જ ત્યાં એક ગુજરાતી વિદ્યાર્થીમંડળ પણ અસ્તિત્વમાં આવ્યું અને ગુજરાતી વિદ્યાર્થીઓને છત્રછાયા મળી છે. એ પહેલાં પૂનામાં જુદીજુદી કૉલેજોમાં ભણવા જતા વિદ્યાર્થીઓની આપદાઓનો પાર નહોતો. જુદીજુદી કૉલેજોનાં છાત્રાલયોમાં મહારાષ્ટ્રીય વિદ્યાર્થીઓના સમુદાયમાં તેમને ભાગ્યે જ જગ્યા મળતી અથવા સગવડો મળતી અને ગુજરાતી વિદ્યાર્થીઓ એકબીજાને મળવાના આશ્વાસનથી પણ વંચિત રહેતા. તેને બદલે આજે એ સંસ્થા માટે એક મકાન છે, જેમાં ૪૫ થી ૫૦ જેટલા વિદ્યાર્થીઓની ગોઠવણ થાય છે અને એક સારૂં ગુજરાતી પુસ્તકાલય પણ તેને અંગે જામી ગયું છે. ત્યાં જઇએ એટલે નાનકડું ગુજરાતનું સંસ્થાન હોય એમ જ લાગે. પ્રો. ઔદીચ્ય સાહેબની પ્રવૃત્તિનો આ વારસો આજે અનેક વિદ્યાર્થીઓના આશીર્વાદ સમાન થઇ પડ્યો છે. એમની વિદાયના માનમાં વિદ્યાર્થીઓએ મિજબાની ગોઠવી હતી તે પ્રસંગે મને એ સંસ્થા જોવાની તક મળી. પ્રો. ઔદીચ્યની પણ ઘણાં વર્ષે પુનઃ મુલાકાત થઇ. એમની વાતચીત હસમુખી, ફુટવાળી અને નિખાલસ હતી. એવા સજ્જન વિદ્યાર્થીઓનાં દિલ જીતી લે અથવા વિદ્યાર્થીઓ પર પોતે ઓવારી જાય એમાં આશ્ચર્ય નથી.

એમની પછી એ ગાદી સંભાળનારી જે વ્યક્તિનો લાભ માત્ર પૂનાને જ મળ્યો છે તે ખરૂં જોતાં સમસ્ત ગુજરાતને મળવો જોઇએ. કોઇ ફીલ્ડમાર્શલ થઈ શકે એવો માણસ એકાદ નાની ટુકડીની સરદારીમાં જ રોકાઇ રહે તો જેમ રાષ્ટ્રને ખોટ છે તેમ પ્રો. ત્રિવેદી—પૂનાનું લાડકું નામ કહું તો ત્રિવેદી સાહેબ—ગુજરાતભરના વિદ્યાર્થીઓ અને યુવાનોના સાચા મિત્ર, સલાહકાર તેમજ સરદાર થવાની યોગ્યતા ધરાવે છે. મેં તેમને જોયા અને ઓળખ્યા ત્યારથી મેં તેમને એવા માની લીધા છે.

ત્રિવેદી સાહેબનું નામ પૂનાના ગુજરાતી સમાજમાં જાદુઈ સત્તા ભોગવે છે. એમણે પ્રેમ અને સેવાથી એકેએક જણને પોતાનો બનાવી લીધો દેખાય છે. એમનું ઘર તો જાણે ગુજરાતભરનું અતિથિગૃહ બની રહ્યું છે. એમનાં સમય અને સાધનો—તેમજ દ્રવ્યનો પણ ઘણો ભાગ-ગુજરાતની મૂંગી સેવામાં કેવી રીતે ખર્ચાઈ રહ્યાં છે એ ઘણાએ જોયું જાણ્યું હશે, પણ એમનું અનુકરણ કરવાની તાકાત કોઇ વિરલમાં જ હશે. સાદાઇ અને નમ્રતાભરી હાસ્ય વર્ષાવતી અને જગાડતી એ મૂર્તિ નકાર કે અણગમો કેવી રીતે પચાવી જઈ શકે છે એ કળવું અજાણ્યાને તો કોયડારૂપ જ રહેવાનું. ગમે તે માણસ ગમે તે વખતે તેમને ઘેર મહેમાન થઇને આવે. તેઓ પોતે ઘેર હોય કે ન હોય, છતાં તેમના કેળવેલા નોકરો આળસ કે થાક બતાવ્યા વિના જાણે તમારી જ રાહ જોતા હોય એવા ભાવથી સ્વાગત અર્પે. એ ઘરના માલિકની એવી તે શી ચાવી હશે કે તેમાં ભાગ્યે જ ખોટ જણાય? યરોડા જેલમાં ગએલા સત્યાગ્રહના યાત્રીઓમાંથી જે કોઈના પણ ત્રિવેદી સાહેબ એજન્ટ હોય તે પોતાને જોઇતી વસ્તુ દૂરથી મગાવી શકતો, અને ભાગ્યે જ આજસુધીમાં એવો દાખલો હશે કે જેને તે મળી ન હોય!

ત્રિવેદી સાહેબ એટલે ઉત્સાહ અને વ્યવસ્થાનું વાતાવરણ. કોઈના ઉપર કચવાટ કર્યા વિના, કોઇ રહી ગએલું નાનામાં નાનું કામ પણ પોતે કરવા લાગી જાય ત્યારે અક્કડમાં અક્કડ સેવક પણ નમી પડે. પૂનામાં વસતા અધિકારીવર્ગના કે વેપારી વર્ગના ગુજરાતી માણસોમાંથી પણ ત્રિવેદી સાહેબની વાત કોઈ નકારી શકે જ નહિ. પણ ત્રિવેદી સાહેબ પોતાથી બની શકે એવી બાબતોનો બોજો કોઇ પર નાખવા જાય જ નહિ એવી ક્ષમતા જાળવી રાખનાર એ છે. ગુજરાતીઓમાં તો ગુણોની આવી છાપ હોય, પરંતુ મહારાષ્ટ્રના આગેવાન પુરુષો ને વિદ્વાનો પણ તેમને સારી પેઠે પિછાને છે. વિદ્યાર્થીઆલમમાં એમની જે લોકપ્રિયતા છે તેના સ્પષ્ટ પ્રતીકરૂપે તે આજે મહારાષ્ટ્રના દસ હજાર સ્કાઉટોની સેનાના સેક્રેટરીનો હોદ્દો ભોગવે છે.

એમના ચારિત્ર્યની મર્યાદા એમનાથી નાના તો શી રીતે જ માપી શકે? આજના ગુજરાતના એ જીવંત પ્રાણપ્રતિનિધિ છે; ઊગતી પ્રજાના અર્ધ્યના સંપૂર્ણ અધિકારી છે.

## સિત્તેર વર્ષથી ખીલતી ગુજરાતી વાડી

● પૂનામાં ઘણી યે બાબતો ધ્યાન ખેંચે એવી છે, પણ ગુજરાતનું એક પારસી કુટુંબ ત્રણ પેઢીથી ત્યાં રહી હિંદુસ્તાનની ફુલવાડીઓ ખીલવી રહ્યું છે તેનો પરિચય બાગબાની કરનારા સિવાયના બીજાને ભાગ્યે જ થયો હશે.

પેસ્તનજી પી. પોચાની એ પેઢીએ હમણાં પોતાની સુવર્ણજયંતી ઊજવીને પોતાની કારકિર્દીનું મહત્ત્વ સાબિત કરી બતાવ્યું છે. આ પોચા કુટુંબ આખું અસલ ગુજરાતી ખાનદાની જાળવી રહ્યું છે, અને હજી ત્યાં ગુજરાતી ભાષા સાચવી માદરવતનનું માન સંભાળી રહ્યું છે. પૂના જાઓ અને એ પેઢીની મુલાકાત લીધા વિના આવો તો તમે એક નમૂનેદાર દુકાનદાર જોવાની તક ગુમાવી ગણાય. એમનું થાણું પૂના શહેરથી દૂર છે, પણ ત્યાં સુધી ધક્કો ખાનારને કંપનીના માલિકો બહુ ઉમળકાથી તેમનું કામકાજ બતાવી ખચિત ઉપકારવશ બનાવશે. એમની કંપનીની જાહેરાત તથા પરિચય માટે જે સુંદર ચિત્રોવાળાં સૂચિપત્રો ગ્રાહકોને મોકલાય છે તે બધાં જ તેમના પોતાના છાપખાનામાં છપાય છે. આવું સાધનસંપન્ન છાપખાનું બીજી કોઇ સંસ્થા ભાગ્યે જ ધરાવતી હશે. આ કંપની તેના દરેક પ્રકાશનમાં ખૂબ ઊંચી રુચિ અને સંસ્કારની છાપ ઉતારે છે. માત્ર છાપવાનું નહિ જ, પણ તેમના પૅકિંગ માટેનાં મજબૂત ખોખાં બનાવનારા સંચા પણ જોવાલાયક છે. એમની છપાઇ અને પ્રકાશનો જેમ છેલ્લી ઢબનાં, સફાઇદાર અને ઉઠાવદાર હોય છે તેવી જ ઢબ અને વ્યવસ્થા તેમના ધંધાના વહીવટમાં છે. તેમના કૅટલૉગ માટે તમે એક પત્ર લખો એટલે તમારૂં નામ તેમના



સંસ્થાના સ્થાપક પેસ્તનજી. પી. પોચા.
જન્મ • ૧૮૫૪ અવસાન • ૧૯૨૭

રજિસ્ટરમાં કાયમ માટે પડવાનું અને વર્ણાનુક્રમે તમારા નામનું કાર્ડ અનુક્રમના ખોખામાં પડવાનું. આ પછી તમારા જે જે ઑર્ડર જાય તે બધા તારીખ સાથે તે કાર્ડો પર નોંધાવાનાં, અને તમે કંપની સાથે જેટલો વ્યવહાર કર્યો હોય તેના પ્રમાણમાં ભવિષ્યનાં પ્રકાશનો તમને મળવાનાં.

ગ્રાહકોને મોકલવાનાં બીઆં પણ ખાસ રસાયણી યંત્રોમાં પાકી ખાત્રી લીધા બાદ જ રવાના થાય છે, અને તેમનાં પૅકેટ આખી દુનિયામાં ખાત્રીદાર ગણાયાં છે. મણનાં મણ નકામાં બીઆં બાળી દેતા તેઓ લેશ પણ સંકોચ કરતા નથી. આ ઉપરાંત શાક, વનસ્પતિ, ફળઝાડ વગેરે કોઇ પણ જાતની બાગબાનીના ચીજો તેઓ દુનિયાના કોઈપણ ભાગમાં સુરક્ષિતપણે મોકલી શક્યાના અજબ દાખલા છે.

પોતાના ધંધાની આબાદી અને પ્રતિષ્ઠા માટે, ઘણાં બાગી પ્રદર્શનોમાં પોતાનાં બીઆં વડે સારાં પરિણામો લાવી ઇનામ જીતનારાઓને પોચા કુટુંબના યુવાનો પોતાની કંપની તરફથી બીજું ઇનામ પણ આપે છે. પરદેશી કંપનીઓની હરીફાઇ છતાં પણ તેમની છાપ જેવી ને તેવી ટકી રહી છે એ જ તેમનાં જ્ઞાન અને કુશળતાની ખાતરી આપે છે.

આ જમાનાની ધંધાની સંપૂર્ણ રીતભાત, તરકીબ અને વફાદારીના નમૂના રૂપ આ પેઢી માટે ગુજરાત મગરૂબ થઇ શકે એવું છે.

**ર. મ. રા.**

## કદમાં અરધા યુરોપ જેવડા વિશાળ, છતાં રુઢિગ્રસ્ત જડ અને જંગલી હોવાને લીધે તદ્દન પછાત રહેલા રશિયાનું જેણે મુડદાંમાંથી માનવો પ્રકટાવી રાષ્ટ્રનિર્માણ કર્યું તે

યુરોપની ઉન્નતિ વહાણવટાના ધંધાને લીધે જ છે. નૌકાસામર્થ્ય મેળવ્યા વગર યુરોપમાં ટકવું અને આગળ વધવું અશક્ય છે. એટલો સિદ્ધાંત રશિયાના પીટરે પોતાના મન સાથે નાનપણમાં જ બાંધેલો. એ રાજગાદીએ આવ્યો ત્યારે એની ઉમર ફક્ત દસ વરસની હતી. રાજ એની મોટી બહેન ચલાવતી. પીટર કહેતો કે રાજ ગમે તે ચલાવે; એની મને દરકાર નથી. મને તો મારી રમત જ વહાલી છે. પણ એ રમત કઇ? જહાજ બાંધવાં, હંકારવાં, નાનકડી ફોજને કવાયત કરાવવી, અને લડાઇની રમતો રમવી.

દસમે વરસે જ એના રાજમાં બળવો થએલો. તોફાને ચડેલી પ્રજાએ એના એક કાકાને રાજમહેલમાંથી ઘસડી લાવી રસ્તા પર એના કટકા કરેલા તે પીટરે સગી આંખે જોએલું. પોતાનો દેશ જંગલી, પછાત અને રૂઢિગ્રસ્ત છે એ ત્યારથી એના ધ્યાનમાં આવેલું.

ઇ.સ. ૧૬૯૪માં એણે પોતાની જાતે બાંધેલું એક જહાજ દરિયામાં તરતું કર્યું. નાનપણનો નબળો અને કુમળો પીટર હવે ખડતલ જીવન ગાળવામાં અને દરેક જાતનું જોખમ ખેડવામાં અગ્રેસર બન્યો.

યુરોપમાં એક જ એવો દેશ છે કે જેને સમુદ્રકિનારો નથી. ત્યાંનો એક સાહસિક માણસ લેફોર્ટ પીટરનો દોસ્ત બન્યો. આ લેફોર્ટની સારીનરસી છાપ પીટર ઉપર ખૂબ રહી. નાનપણની એ રમતોમાંથી તેણે રશિયા માટે એક મોટું નૌકાસૈન્ય ઊભું કર્યું.

બીજા લોકો જ્યારે રાજદરબારી ખટપટમાં મશગૂલ હતા ત્યારે પીટરે પોતાના જેવા જ તરંગી અને બેપરવા લોકોનું એક મંડળ પોતાની આસપાસ ઊભું કર્યું. રાજાના મોજવિલાસમાં તો આ લોકો ખરા જ; પણ એમની ચૂંટણી તો એમની અંદરની લાયકાતને લીધે પીટરે કરેલી. મનથી એણે ગાંઠ વાળેલી કે મારે કેવળ ખાનદાની નથી જોવી; મારે તો ખમીર સાથે કામ છે. ઇ.સ. ૧૬૯૫માં પીટર તુર્કીના સુલતાન સાથે અથડામણમાં આવ્યો. તે એ દેશ જીતવા ગયો, પરંતુ સજ્જડ હાર ખાઇને પાછો આવ્યો. પણ પીટરને મન તો હારજીત સરખાં જ હતાં. બંનેમાં કિંમતી અનુભવ તો મળે જ છે, તે એ બરોબર સમજતો હતો.

હારીને ભલે પાછો આવ્યો, પરંતુ તે પછી એ દમ સરખો પણ લેવા થોભ્યો નહિ. ઑસ્ટ્રિયા અને પ્રશિયા વગેરે દેશોમાંથી જેટલા સુતાર, લુહાર કે એન્જિનીઅર વગેરે કારીગરો મેળવી શકાય એટલા બધા એણે મેળવ્યા. ડૉન નદીને કિનારે આવેલું મોટું જંગલ એના ધ્યાનમાં હતું. ત્યાંથી દિવસ ને રાત લાકડાં કપાવી એણે એ જંગલમાંથી જહાજો સરજાવ્યાં. એ સર્જન વખતે પીટર કયાં હતો, ખબર છે? મજૂરો વચ્ચે બે ઓરડી વાળી લાકડાની એક નાનકડી ઝૂંપડીમાં મજૂરોની પેઠે જ એ રાજવંશી નબીરો રહેતો. અને એનું પ્રત્યેક દિવસનું કામ કુશળમાં કુશળ અને મહેનતુ મજૂરો કરતાં પણ ચડી જતું. પાંચ મહિનાની અંદર એણે બે મોટાં લડાયક જહાજો તૈયાર કર્યાં. એ ઉપરાંત નાનાં જહાજો તો કેટલાં યે તૈયાર થયાં હતાં. આમાંનું પહેલું જહાજ તો ખુદ પીટરે પોતાને હાથે બનાવેલું હતું!

પછી? .... પછી આઠ મહિનાની અંદર 'અઝોવ' નો કિલ્લો એના હાથમાં આવ્યો!

આટલો વિજય મેળવ્યા પછી તુર્કી સામે મદદ માગવા એણે યુરોપનાં બીજાં રાજ્યો પાસે એક ડેપ્યુટેશન મોકલ્યું. એનો દોસ્ત પેલો લેફોર્ટ એ મંડળનો આગેવાન હતો. પીટર પોતે પણ એ મંડળમાં સામાન્ય ખલાસી સ્વયંસેવક તરીકે દાખલ થયો. દેશેદેશ ફરી મંડળ જ્યારે એક બાજુ વિષ્ટી ચલાવતું, ત્યારે પીટર જહાજ બાંધવાની કળા અને નૌકાનયન સંબંધી બીજાં શાસ્ત્રો તે તે દેશમાંથી શીખી લેતો. વિષ્ટી તો અફળ ગઇ, પણ પીટરને જોઇતું બધું મળી ગયું. કૉનિગ્ઝબર્ગમાં એ તોપખાનાનું કામ શીખ્યો. સારદામ અને ડેફોર્ડમાં ત્યાંની જહાજ બાંધવાની કળા એણે હસ્તગત કરી. લાઇડન, આમ્સ્ટર્ડામ વગેરે ઠેકાણેથી પણ ત્યાંથી મળી શકે એવું જ્ઞાન એણે મેળવ્યું.

પીટર સ્વભાવે શુદ્ધ વાણિયો હતો. લડાઇમાં ઊતરે, પણ જોખમ ખેડે નહિ. કીર્તિ કરતાં લાભની દષ્ટિ એનામાં વધારે હતી. એના જ વખતમાં સ્વીડનની ગાદી ઉપર મહત્ત્વાકાંક્ષી બારમો ચાર્લ્સ રાજ કરતો હતો. એનો સ્વભાવ પીટરથી તદ્દન ઊલટો. એને તો મેસિડોનિયાના સિકંદર જેવા વિશ્વવિજેતા

# રાષ્ટ્રપિતા પીટર



થવું હતું. એનો સ્વભાવ અને એનો અંત ગુજરાતના કરણઘેલા સાથે કંઈક સરખાવી શકાય. જોકે ચાર્લ્સની વિભૂતિ કરણ કરતાં અનેકગણી મોટી હતી.

પીટરે જોઇ લીધું કે જ્યાં ટાઢથી સમુદ્રનો બરફ નથી થતો એવે ઠેકાણે રશિયાને એકાદ અનુકૂળ બંદર હોય તો જ રશિયાની જાહોજલાલીની આશા રખાય. બસ; હાલ જ્યાં લેનિનગ્રાડ છે ત્યાં એણે સેંટ પીટર્સબર્ગ નામની પોતાની રાજધાની વસાવી. આ કામ નિર્વિઘ્ને થાય એટલા માટે એણે તુર્કી સાથે સમાધાન પણ કર્યું. બાલ્ટિક સમુદ્રમાં બંદર વસાવવાથી દુનિયા સાથેનો વેપાર શરૂ થશે, અને તો યુરોપમાં રશિયા પ્રતિષ્ઠિત પણ થશે એ ધોરણ મનમાં રાખી એણે હવે પછીની પોતાની બધી પ્રવૃત્તિઓ ગોઠવી દીધી. ત્યાં એણે એક મોટું નૌકાસૈન્ય ઊભું કર્યું. સ્વીડનનો ચાર્લ્સ જે વેળા પોતાના બાહુબળથી પોતાની બાહોશ સેના સાથે પોલંડ અને મધ્ય યુરોપની નદીઓ એકપછી એક ઓળંગતો હતો તે વખતે પીટર ઠંડે પેટે પોતાની આ બધી તૈયારી કરતો હતો. એને ક્યાં સિકંદર થવું હતું?

ઇંગ્રિયાનો મુલક જીતી લઇ ત્યાં એણે સેંટ પીટર્સબર્ગ કાયમ કર્યું. આને લીધે ચાર્લ્સ અને પીટર વચ્ચે યુદ્ધ જામ્યું. પીટર બીજી ગમે તે શરતે ચાર્લ્સ જોડે માંડવાળ કરવા તૈયાર હતો; પણ ચાર્લ્સને તો એ ઇંગ્રિયાનો મુલક જ પાછો જોઇતો હતો. હવે વાણિયો મરણિયો થયો. પીટરે નિશ્ચય કર્યો કે સર્વનાશ થાય તો યે બહેતર, પણ સેંટ પીટર્સબર્ગ તો ન છોડું જ. અને એ નિશ્ચયનું ફળ બહુ જ સુંદર આવ્યું. બાલ્ટિક સમુદ્રમાં જ્યાં સ્વીડનની આણ વર્તતી હતી તે ઠેકાણે હવે પીટરનું સાર્વભૌમત્વ જામ્યું. પીટરના જીવનની મહત્ત્વાકાંક્ષા બર આવી. એનું પછાત રાષ્ટ્ર યુરોપનાં અગ્રેસર રાષ્ટ્રોની હારમાં આવી બેઠું.

પીટરની મહત્તા એમાં છે કે એના આખા પછાત અને જડ રાષ્ટ્રમાં એ એકલો જ ડાહ્યો અને ઉત્સાહી હતો. એને તો માટીમાંથી નહિ, પણ મુડદામાંથી જીવતું રાષ્ટ્ર નિર્માણ કરવું પડ્યું હતું. એનો આખો સમાજ એનાથી વિરુદ્ધ હતો. દેશો જીતવા એ સહેલી વાત છે, પણ પોતાના રાષ્ટ્રનો સ્વભાવ બદલવો એ તો લોઢાના ચણા ચાવવા બરાબર છે.

સ્વભાવપલટાની શરૂઆત પોશાકના પલટાથી શરૂ થવી જોઇએ. બાહ્ય બદલાય એટલે એની અસર અંદર થવાની જ. જડ સમાજ માટે આ જ નિયમ હોઇ શકે છે. આજે મહાત્મા ગાંધીજી જેમ પરદેશી પોષાક ઉતારી ખાદીનો પોષાક ચડાવવાનું લોકોને કહે છે, તેમ પીટરે રશિયાની જૂની ફૅશન તોડવાની શરૂઆત કરી. જૂનો આળસુ અમીરી રશિયન પોષાક કાઢી નાખી એણે યુરોપીયન ઢબનો પોષાક બધે સખ્તાઇથી દાખલ કર્યો. પોતાના ઉમરાવોની લાંબીલાંબી દાઢીમૂછો એણે પોતાને હાથે કાપી નાખી. આને લીધે અમીરોએ બળવો પણ કર્યો. આખરે પીટરે નક્કી કર્યું કે લોકો ભલે દાઢી ઉગાડે, પણ જેટલી દાઢી રાખવી હોય તેના પ્રમાણમાં પ્રત્યેક દાઢીધારીએ કર આપવો જોઇએ! એવા જ સુલતાની હુકમથી એણે રશિયન પંચાંગમાં પણ ફેરફાર કર્યો.

બાલ્ટિક સમુદ્રમાં એકવીસ વરસ સુધી મહાયુદ્ધ ચલાવી એણે પોતાના રાષ્ટ્રને કિમતી કેળવણી આપી,



સારદામ અને ડેફોર્ડનાં જહાજ બાંધવાનાં કારખાનાંમાં જાતે કામ કરીને પીટરે એ કળા હસ્તગત કરી.

રાષ્ટ્રમાં ચૈતન્ય રેડ્યું, દેશના ઉદ્યોગધંધા વધાર્યા, સેંટ-પીટર્સબર્ગને દરેક જાતની નવી સંસ્થાઓનું પિયેર બનાવ્યું. નવીન પ્રાણથી ઊભરાઇ જતા અનેક બાહોશ રશિયન જુવાનોને એણે ત્યાં ભેગા કર્યા; જૂની ઢબના સરદારોને એણે સુખેથી મરવા દીધા. એના નવા લોકો એની સીધી દેખરેખ તળે નવી ઢબે જ ઊછરેલા હતા.

રશિયામાં ધર્માધિકારીઓનું ખાતું ભારે પ્રબળ હતું. લોકોને લાગતું કે રાજા કરતાં આ ધર્માધિકારી-ઓની સત્તા શ્રેષ્ઠ છે. પીટરે એ ખાતું તોડી પોતાની સત્તા તળે બીજું ધાર્મિક ખાતું ઊભું કર્યું. પીટરની ખૂબી એ હતી કે એક તરફથી પોતાની સત્તા વાપરીને પોતાના હુકમ એ અમલમાં આણતો, જ્યારે બીજી તરફથી હુકમ કાઢતી વખતે પાછો પિતા પુત્રને સમજાવે તેવી રીતે, ફલાણું શા માટે કર્યું, ઢીકણા પાછળ શો ઉદ્દેશ છે, જૂનું કેમ ખરાબ હતું, નવું કઇ કઇ બાબતોમાં સારૂં છે, એ બધું સમજાવતો. એક રીતે એને રાષ્ટ્રશિક્ષકનો પદવી આપી શકાય. જડ રાષ્ટ્રને, એની ઇચ્છા વિરુદ્ધ એની સામે થઇને અને એના વિરોધને પહોંચી વળીને જાગૃત કરવાનું કપરૂં કામ આ અદ્વિતીય રાષ્ટ્રપુરુષે કર્યું. ઇતિહાસકારો કહે છે કે પીટરના વખતના રશિયન સમાજનાં ખાસ અપલક્ષણો નીચે પ્રમાણે હતાં: આખી પ્રજા ક્ષીણ-

વીર્ય થઇ હતી કોઈ કોઇની સાથે સહકાર કરવા તૈયાર ન હતું. જવાબદારીનું તો કયાંયે ભાન જ ન મળે. નવી કલ્પના અજમાવી જોવી, નવા અખતરા કરવા, એ તો જાણે પાપ મનાતું. વ્યવહારમાં ન્યાયનીતિ જૂજ જ જોવામાં આવતી. જુવાનો ઉપર કુટુંબીઓનો દોર એટલો બધો ચાલતો કે વ્યક્તિસ્વાતંત્ર્ય જેવી કોઈ વસ્તુ જ રહી ન હતી. આવા નમાલા લોકોને જાગૃત કરવા માટે પીટરને અતિશય જબરદસ્તી વાપરવી પડતી. એના વખતનો એક પ્રખ્યાત અર્થશાસ્ત્રી લખે છે કે જો જમીન-માં બધે ઝાડઝાંખરાં વધેલાં હોય તો તેને બાળ્યા વગર એમાં ખેતી ન થઇ શકે. એ જ ન્યાયે રાષ્ટ્રનાં જમાના જૂનાં અપલક્ષણો બાળી જ નાખવાં પડે છે.

પરાપૂર્વથી ચાલતા આવેલા રશિયાના નિયમ પ્રમાણે ત્યાં જ્યેષ્ઠ પુત્રને જ ગાદીનો હક મળે છે. પીટરે કહ્યું કે આવી જંગલી, ભયંકર અને અશાસ્ત્રીય રૂઢિ કયાંથી આવી, કોણ જાણે? પીટરે તો પોતાના દીકરાના દીકરાને છોડી પોતાની માનીતી રાણીને જ ગાદીની વારસ ઠરાવી અને મોટી ધામધુમ સાથે એનો અભિષેક કરાવ્યો. પીટર કહેતો કે બધે જ બધું સંકુચિત થઇ ગયું છે; મારે મોકળાશ કરવી જોઇએ.

જો પીટરે પહેલેથી પરદેશી કુશળ લોકોને પોતાની નોકરીમાં રાખ્યા હોત અને પોતાના રાજનું એકએક ખાતું તેમને સોપ્યું હોત તો એનું કામ બહુ જ હળવું થયું હોત અને બાહ્ય વિજયમાં એણે કર્યું દેખાય છે એ કરતાં દસગણું એ કરી શકયો હોત. પણ એ રાષ્ટ્ર-પિતાને રાષ્ટ્રોદ્ધારનો ટૂંકો અને જોખમકારક રસ્તો લેવો ન હતો. એણે તો પહેલેથી નક્કી કર્યું હતું કે ગમે તે જોખમ ખેડીશ, અગવડ વેઠીશ, નિરાશા ખમીશ અને ભોગ આપીશ, પણ પરદેશી નોકરોના હાથ તળે તો મારા દેશને નહિ જ મૂકું. એણે પોતે પોતાની દૃષ્ટિથી પોતાના જ દેશવાસીઓમાંથી સારાસારા લોકો ચૂંટી કાઢયા; ખંત અને ધીરજથી પોતે જ એમને કેળવ્યા; અને આ રીતે પોતાના રાષ્ટ્રની સ્વતંત્રતા સ્થિર અને મજબૂત પાયા ઉપર મૂકી દીધી. એણે રાજમાં અને સમાજમાં મોટામોટા ફેરફારો કર્યા, પણ એ બધું પોતાના સમાજનો સ્વભાવ ધ્યાનમાં રાખીને જ એણે કર્યું, અને તેથી જ એ ફાવી શકયો. દેશની વ્યવસ્થામાંથી કોઇપણ વસ્તુ તોડતાં પહેલાં એ મનમાં વિચારી લેતો કે આના કરતાં સારૂં એની જગ્યાએ મારી પાસે છે?

પીટરમાં દુર્ગુણો ઓછા ન હતા. ક્રૂરતા, દગો આદિ બધું એનામાં હતું. પણ સરવાળે તો ભવિષ્યદૃષ્ટિ અને રાષ્ટ્રપ્રેમ એ બે ગુણો જ એનામાં તરી આવે છે.

પીટરને ગુજરી ગયાને આજે બસો વરસ કરતાં યે વધારે કાળ વીતી ગયો છે. આજે હિંદુસ્તાન નૌકા-સૈન્ય ઊભું કરવા નથી બેઠું, છતાં રાષ્ટ્રીય સ્વભાવ-શુદ્ધિના આપણાં પ્રયત્નમાં અને ખાસ કરીને ખાદીની હીલચાલમાં આ મહાન પીટર પાસેથી આપણને પ્રેરણા મળ્યા વગર નહિ રહે. ખાદીને ધ્યાનમાં રાખી પીટરનું આ વૃત્ત ફરી વાંચવાથી ઉપરની વાત દીવા જેવી સ્પષ્ટ થશે.

**દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**

# નવાં પુસ્તકો

**પ્રવાસી પંખી ખંજનઃ** લેખક-કેશવપ્રસાદ દેસાઈ, પ્રકાશક જીવનલાલ અમરશી મહેતા, અમદાવાદ અને મુંબાઈ ૦-૪-૦; **શ્રી મહાભારત મંજરીઃ** બંગાળી ઉપરથી અનુ-વાદકો—શ્રીસેવાનંદ અને નાજુકલાલ નંદલાલ ચોકશી, પ્રકાશક સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય અમદાવાદ ૨-૦-૦; **સાહ-સિકોની સૃષ્ટિઃ** મૂળ લેખક જૂલે વર્નના ભેદી ટાપુ નામક પુસ્તકનો સંક્ષિપ્ત અનુવાદ: કરનાર—મૂળશંકર મોહનલાલ ભટ્ટ, પ્રકાશક-**શ્રી** દક્ષિણામૂર્તિ પ્રકાશન **મંદિર** ભાવનગર, ૧-૪-૦; **શાંત પળોમાં**:લેખક ગિજુભાઇ,પ્રકાશક ઉપર પ્રમાણે,૦-૬-૦; **સ્વપ્નની છાયાઃ** અનુવાદક-રમણીક કિસનલાલ મહેતા, પ્રકાશક-દીવેટીઆ ઍન્ડ સન્સ અમદાવાદ, ૧-૪-૦; **સ્વ. ભો-ગીન્દ્રરાવ દીવેટીઆ** (જીવન સમય અને સાહિત્ય): લેખક-શાન્તિલાલ તોલાટ, પ્રકાશક-ઉપર પ્રમાણે, ૨-૦-૦; **આંધા-પોળી**: લેખક-વસંત નાયક, પ્રકાશક-ઉપર પ્રમાણે, ૦-૩-૦; **દૃષ્ટિપરિવર્તનઃ** (ભા. ૧) ટૉલ્સટૉયનાં છ ધાર્મિક લખાણોનો સંગ્રહ-ટૉલ્સટૉય ગ્રંથાવલિનું સાતમું પુસ્તક: ભાષાંતર કર્તા—વિજયરાય કલ્યાણરાય, પ્રકાશક-પ્રસ્થાન કાર્યાલય અમદા-વાદ, ૧-૪-૦; **અરૂણનું અદ્‌ભુત સ્વપ્નઃ** લેખક તથા પ્રકા-શક-સૌ. હંસાબ્હેન મહેતા, ખંભાતા હૉલ, અલ્ટમન્ટ રોડ, મુંબાઇ-૬; ૧-૮-૦; **ફોટોગ્રાફી શિક્ષકઃ** લેખક તથા પ્રકા-શક-ડી. એસ. પટેલ, ડ્રૉઇંગ માસ્તર, અલિદીના વિશ્રામ હાઇસ્કૂલ, મૉમ્બાસા, બે શિલિંગ (૧-૪-૦); **પ્રિયંકર વિહાર દિગ્દર્શનઃ** લેખક મુનિરાજ શ્રી પ્રિયંકરવિજયજી, પ્રકાશક—શા. સોમચંદ જેસિંગદાસ, મહેસાણા, મળવાનું ઠેકાણું શેઠ વસંતરાય ફતેહચંદ પો. ઓકારો (જિલ્લો હજારીબાગ) મુ. બેરમો, ૦-૧૦-૦.

આ અંકથી કુમારમાં નવો શરૂ થતો વિભાગ

# અખાડો

**જેમાં સુસંહત શરીર–Perfectly Developed Human Body–ની ઝંખનાથી વ્યાયામની ઉપાસના કરનારા યુવાનો પરસ્પર અનુભવની આપલે કરે છે.**

નિરીક્ષક

## શ્રી હરિનારાયણ આચાર્ય

હવે હું સિદ્ધાંત તરીકે કોઇપણ અખાડો કે વ્યાયામશાળા જોવા જતો નથી; જો ગયો તો મારે ભાષણ કરવું પડશે, એ બીકને લીધે. મને ભાષણ કરતાં આવડતું નથી એમ નથી; તેમ શું બોલવું એની પણ મને ફિકર નથી હોતી. પણ હું જે કહું તે આવી સંસ્થાઓના સંચાલકોને ભાગ્યે જ રૂચે. આ વાત જરા સ્પષ્ટ કરૂં.

હું જ્યારે કોઇ વ્યાયામશાળામાં જાઉં છું ત્યારે મારા અભિપ્રાય અર્થે અગર તો અતિથિસત્કારની પ્રણાલિકા સાચવવા, સંસ્થાના સંચાલક એમની વિવિધ પ્રવૃત્તિઓનું મારી સમક્ષ પ્રદર્શન કરે છે. કમનસીબે એમની આ મહેનત નિષ્ફળ જાય છે, કારણકે મને લાઠીના પ્રયોગો કે કવાયત અગર આવી જાતની સાંઘિક પ્રક્રિયાથી વિશિષ્ટ હર્ષ થતો નથી, બલ્કે એક જાતનો નિર્વેદ થાય છે. મારૂં ધ્યાન તો એ સ્થળે એકત્રિત વ્યાયામ-ઉપાસકોમાં કોનું શરીર સંપૂર્ણ ખીલવણી પામેલું છે, કયા યુવાનમાં અંગોનો સપ્રમાણ વિકાસ થયો છે એ જોવામાં રહે છે. અને અહીં મારે કબૂલ કરવું પડે છે કે આમાં હું ઘણુંખરૂં તો નાસીપાસ થાઉં છું. આજ સુધી ઇચ્છા અનિચ્છાએ પણ આપણા પ્રાન્તની નવા યુગની ઘણી—સારામાં સારી ગણાતી—વ્યાયામશાળાઓ જોઇ છે. જ્યાં શિસ્તનું પાલન કઠોર રીતે થાય છે, જ્યાંની કાર્યપ્રણાલી આદર્શ મનાય છે એવી સંસ્થાઓ મેં શોધકવૃત્તિથી નિહાળી છે. પણ આ સર્વ સ્થળે આદર્શ મનુષ્યશરીરનું મને ભાગ્યે જ દર્શન થયું છે.

વ્યાયામ એટલે માણસના જડ મનાતા દેહનું સપ્રમાણ ઘડતર. આવી સંસ્થાઓનો મુખ્ય ઉદ્દેશ 'યુવાનોનું ઘડતર' હોવો જોઇએ. પહેલું શરીર પછી બીજું બધું. પણ આ ઉદ્દેશ પાર પાડવાનું અર્થાત્ સંપૂર્ણ માનવદેહ ઘડવાનું ભૂલી જઇ માત્ર બાહ્ય દેખાવ પૂરતું આકર્ષણ કરે તેવી વ્યાયામપદ્ધતિઓના સેવનનો વ્યર્થ શ્રમ આ સંસ્થાઓમાં થતો જોવામાં આવ્યો છે. ક્યાંકક્યાંક તો કોઇ ઉત્સાહી યુવાન સ્વતંત્રપણે શરીર ઘડવાનો પ્રયત્ન કરે છે તો તેને સંસ્થાના શિસ્તના ભંગના બહાના હેઠળ રંજાડવામાં આવે છે અને એના શરીરને ખીલવવાનો ઉત્સાહ અને પ્રયત્ન બળાત્કારથી દાબી દેવામાં આવે છે. આવી વૃત્તિને હું ધિક્કારૂં છું, અને જ્યારેજ્યારે મને પ્રસંગ મળે છે ત્યારેત્યારે યુવાનો સમક્ષ હું આ કટુ સત્ય મૂકું છું. મારૂં એમ કહેવું નથી કે સાંઘિક વ્યાયામ ન કરવો; ભલે થાય. આનંદ પ્રમોદની ખાતર જેમ મેદાની રમતો—Field games, sports વગેરે—છે તેમ લાઠી, લકડી, કવાયત વગેરેનું પણ ક્રીડામન્દિરમાં સ્થાન અનિવાર્ય છે, પણ કોઇ એને સર્વસ્વ માની શરીરને ઘડનાર સાધન તરીકે ગણાવે તો એ ભૂલ છે અને આવી અક્ષમ્ય ભૂલ આજે સર્વદેશીયપણે થઇ રહી છે. તેને રોકવી જ જોઇએ એમ હું માનું છું, કારણકે આજે ગુજરાતમાં લાઠી, લકડી કે કવાયતની જરૂર ગૌણ છે. પ્રધાનતયા આપણી આવશ્યકતા તો આદર્શ શરીરવાળા યુવાનો ઘડવાની છે. અને એવું ઘડતર જ્યાં નથી થતું—જે પૃથ્વીને પગે દબાવે, જેના શરીરમાંથી યૌવનને અનુકૂળ પ્રચંડ શક્તિની છોળો ઊછળતી હોય, જેનો વૃષસ્કંધ, જેનું કપાટવક્ષ, જેનો પરિણદ્ધકંધર, જેનું વિભક્તાવયવ–વપુ આંખને આંજી નાખતું હોય એવા યુવાનો ઘડવાની જેને પડી નથી—એવી સંસ્થાઓનું અસ્તિત્વ સર્વથા ઉપેક્ષણીય છે.

વ્યાયામના વિષયમાં આ મારો આદર્શ. એ મેં 'કુમાર' વ્યાયામવિભાગના 'સ્વાસ્થ્ય–શક્તિ–સૌંદર્ય' એ યથાર્થ સંકલિત નામમાં સમાવ્યો છે. પાડા જેવાં શરીરવાળા અને આખો દિવસ ઝોકાં ખાનારા પહેલ-



કોઈકવાર દીર્ઘાયુ મહારાજને સુંદરી સંભળાવતો હોય ત્યારે તો ગાનારનો આત્મા પોતાની આસપાસ નાચી રહેતો હોય એમ કિશોરી લેખાદેવીને લાગતું.
('વેરીને પણ ચાહવા' એ વાર્તામાંના એક પ્રસંગનું ચિત્ર)
ચિત્રકાર-રવિશંકર રાવળ



શ્રીમતી રતી ડી. પિટિટ
(જાપાની પોશાકમાં)
ફોટો • કાર્લ ખંડાલાવાળા

વાનો પ્રત્યે આજે આપણે તિરસ્કાર દેખાડીએ છીએ પરંતુ એ તિરસ્કૃત પહેલવાનોના અરધા અંશનું અંગ-ચાપલ્ય પણ આપણા નવીન વ્યાયામપ્રેમીઓમાં ક્યાંય દેખાય છે? જેણે પ્રચંડકાય ગામા, ગુંગા કે કલ્લુને તેમજ પરદેશીય ઝિબિસ્કો, હેકેન્શમીટ વગેરેને જોયા છે તેમને મારા કહેવાનો અર્થ સમજાશે. આ ઉપરથી હું એમ નથી કહેવા માગતો કે હું આવા પહેલવાનો ઉત્પન્ન કરવાનો ઉપદેશ કરૂં છું. આવા પહેલવાનો સરજવા એ સહેલું નથી અને ઘેરઘેર આવા પહેલવાન ગુજરાતીઓ થશે તે દિવસને હું ધન્ય માનીશ. પણ હાલ 'પહેલવાની તોર', 'લંગોટ ધોનાર', 'ગુંડાખાનું', 'ઉસ્તાદી અમલ' વગેરે ઉપહાસવચનો વાપરીને આદર્શ શરીર ઘડનારી પ્રાચીન પદ્ધતિની એ વ્યાયામશાળાઓ (અખાડા)ને જે રીતે નિંદવામાં આવે છે તે સર્વાંશે યોગ્ય નથી એમ મારૂં કહેવું છે. આવા અખાડાઓમાં ચારિત્ર્ય કદાચ ઓછું ધ્યાન ખેંચતું હશે. હાલની કસોટીએ દેશદાઝ ને બુદ્ધિમત્તા પણ નહિ જેવાં હશે; પણ ત્યાં 'શરીરના ઘડતર'ને જે પ્રાધાન્ય અપાય છે તેવું પ્રાધાન્ય આપણાં નવીન સંસ્કાર પ્રેરનાર વ્યાયામ-મન્દિરોમાં અપાતું નથી એ તો નિર્વિવાદ સત્ય છે. અને જો 'ગુરુપૂજા' કે 'ઉસ્તાદ'ને અપાતાં શ્રીફળાદિની વાત કરો તો આજના નવા અખાડાઓમાં પણ કયાં 'વ્યક્તિપૂજા' નથી થતી? અર્થાત્ આપણે જૂનાનો નાશ કર્યો—નાશ કરવાના પ્રયત્નો કરીને તેની જગ્યાએ નવું સર્જ્યું; પણ જૂનામાં 'શરીરના બંધારણ' પર જે ધ્યાન અપાતું તેટલું શ્રદ્ધેય તત્ત્વ—પદ્ધતિ ભલે ભિન્ન હોય—યે આપણે સાચવી લીધું હોત તો આપણો આજનો પ્રયત્ન શરીરની બાંધણીની દૃષ્ટિએ નિષ્ફળ નીવડયો છે તે ન નીવડત. પ્રાચીનમાં પૂર્ણ 'સ્વાસ્થ્ય' હતું, પ્રચંડ 'શક્તિ' હતી, ને થોડાક દુંદાળા વ્યાયામવીરોને બાદ કરીએ તો—સૌષ્ઠવઅંગજનિત સૌંદર્ય પણ હતું. બધાંનું સપ્રમાણ, સંપૂર્ણ મિશ્રણ હતું. જ્યારે આજે? આજની પ્રણાલિકા 'સ્વાસ્થ્ય' સાધારણ સરજે છે; 'શક્તિ' નામની જ; અને 'સૌંદર્ય'નો તો સર્વાંશે અભાવ —થોડા અપવાદો સિવાય. અને આવી વાત જ્યાં હું કરૂં ત્યાં નવીન વ્યાયામમન્દિરનો કોઇપણ સંચાલક મને ઊભો પણ રહેવા દે કે?

આ જ વાત હું સ્વાસ્થ્ય–શક્તિ–સૌંદર્યના વિભાગમાં કહેતો આવ્યો છું. કોઇને લાઠી કે કવાયત શીખવી હોય તો તે ભલે શીખે; એની સાથે મને લઢવાડ નથી. અને ન જાણે તો ય કંઇ નહિ; એની ઊણપ જણાવાની નથી. પરંતુ આજે કોઇને પણ નિર્બળ રહેવાનો તો અધિકાર નથી એ તો મારી દૃઢ માન્યતા છે. 'ગોટલાબાજ' એટલા જ બળવાન એ સનાતન સત્ય નથી; તેમ શરીરસૌંદર્ય પણ રૂપ, રંગ કે કૃત્રિમ પ્રસાધન-વિશેષને અવલંબતું નથી. જે શરીર પૂર્ણ સ્વસ્થ હોય, જેનું દેહસૌષ્ઠવ મનોહર એકધારા વિકાસજનિત હોય અને તજ્જન્ય શક્તિથી જેનાં અંગો ઉભરાતાં હોય તેવું આદર્શ મનુષ્યશરીર જે ઘડી શકે—ઘડવાનો પ્રયત્ન કરે તે વ્યક્તિ કે સંસ્થા વા વ્યાયામપદ્ધતિ માનવજાતની પરમોપકારક છે. હું શક્તિનો પૂજારી છું. પ્રચંડ બળનો સદ્ભાવ મને હમેશાં આકર્ષે છે. પણ તેનાથી યે વધુ પૂજા તો હું શરીરસૌન્દર્યની કરૂં છું. રંગની સાથે મને પડી નથી. મને તો આદર્શ મનુષ્યશરીર આકર્ષે છે.

આ મારૂં સ્વતંત્ર મંતવ્ય છે. સ્વાસ્થ્ય–શક્તિ–સૌન્દર્યના વિભાગમાં આવતાં ચિત્રોની જે સમાલોચના મેં આજ સુધી કરી છે તે આ મંતવ્યના આધારે જ. તેથી 'સુસંહત શરીર' ઘડવામાં કઇ વિશિષ્ટ વ્યાયામ-પદ્ધતિનું શ્રેષ્ઠત્વ હું સ્વીકારૂં છું તેને સ્પષ્ટ કરવાની મારી ફરજ છે. આમ કરવાથી જ મારી ચર્ચા સફળ થાય. આવા સ્પષ્ટીકરણનો સમય હવે આવ્યો છે અને એ માટે આ અંકથી આ એક નવો વિભાગ 'અખાડો' શરૂ કર્યો છે. જેને વ્યાયામ પ્રિય છે, જે બુદ્ધિપૂર્વક યથાપ્રાપ્ય સાધનો દ્વારા શરીરવિકાસ સાધવા પ્રયત્ન કરે છે તેને ઘણા પ્રકારની શંકાઓ, મૂંઝવણ અને નિરાશાના પ્રસંગ આવે છે. શ્રમસાધ્ય મજાના 'શરીર-વિકાસ' દીર્ઘ કાળે પણ ન સધાય, વિવિધ પ્રકારની વ્યાયામ પ્રણાલિકાઓમાં 'આ કરવું કે પેલું' એવી ગડમથલ થતી હોય, શારીરિક શ્રમને અનુકૂળ દિનચર્યા ન સૂઝતી હોય, આ અને આવા વિવિધ પ્રસંગોએ વ્યાયામના ઉપાસકો પરસ્પર અનુભવની આપલે કરે છે. 'અખાડો' એ આવી આપલે કરવાનું વિશાળ સ્થાન છે. જેને સ્વસ્થ, શક્તિમાન અને સુંદર દેહ ઘડવો છે તેને પૂછવું હોય તે પૂછે; સૂચવવું હોય તે સૂચવે, બેલાશક. અહીં અનુભવની–વિચારની આપલે કરવાની

(અનુસંધાન આગળ પૃષ્ઠ ૩૮૨મે)

# દરિયાઈ શયતાન

જેવા અરબ ચાંચિ-
પરિચય અને એમના
પૂર્વજીવનની કથા આ-



મૉમ્બાસાના કાંઠે કંઠારના અંદરના ભાગમાં અનેક નાળો કુદરતે બનાવી રાખી છે. એ વાંકીચૂકી નાળો મોટાં ભૂલભૂલામણીઆ છે. નાળોમાં અનેક છુપાએલા ખડકો, રેતીના ઢગલાઓ અને કીચડ ભર્યો પડ્યો રહે છે. પાણીના જુવાળ વખતે એ બધાં પાણીથી ઢંકાઇ જાય છે. સમુદ્રની ઓટ વખતે એ નાળોમાં ઘણે ઠેકાણે નાના નાના બેટો જેવા જમીનના સુકા ટુકડાઓ દેખાય છે. રેતીના એ ઢગલા વારંવાર સ્થાન બદલે છે એટલે એ નાળોમાં બીનઅનુભવી અને નવીન નાવિક તો પોતાની નાવ અને પ્રાણ બંને ગુમાવે છે. ખરો રસ્તો માત્ર જૂનો અનુભવી નાવિક જ શોધી કાઢી શકે છે. તેમાં યે જો આખરના પાણીની ભમરીની જાળમાં કોઇ વહાણ સપડાયું તો તળિયું જોવા સિવાય બીજો માર્ગ નહિ. એ નાળોમાં અટારનાં ધડા તણાવાથી કોઇ વખત છીછરાં પાણી અને ખાર તણાઇ જવાથી કોઈ વખત ઊંડાં પાણી થઇ રહે છે. માછલી જેમ જાળમાં સપડાય તેમ અનેક આંટીઘૂંટીવાળી એ નાળો વહાણોને સપડાવી મોતના ડાચામાં મૂકી દે છે.

એ ભૂખી નાળો ઘણીખરી એકબીજાને મળી જતી હતી. ક્યાંક એ બહુ પહોળી તો ક્યાંક બહુ સાંકડી હતી. ચારે તરફ અટારના ઢગલા પડ્યા હતા. પવનના જોરથી એ અટાર ઊડી ભલભલા ખારવાઓને પણ સોંસરા વીંધી નાખતી હતી. જરા વારમાં તો તળાવ જેવો ખામોશ ભયંકર સમુદ્ર તોફાનમાં પરિણમતો ત્યારે નાળોમાં ભયંકર ગેબી અવાજોની પરંપરા ઊઠતી હતી.

દરિયાદોલતને પૂંઠે બાંધી અલહસન આ નાળો પાસે આવી પહોંચ્યું. રાત્રિના મોટા જુવાળનાં પાણી ફરી વળે ત્યાં સુધી નાળોના મોઢા પાસે લંગર નાખી વહાણો પડી રહ્યાં. આખરે જુવાળ ચડ્યો. ઘૂઘવતાં મોજાંઓએ રાક્ષસોના આકાર ધારણ કરી નાળોને જળમય બનાવી દીધી. મૂળ નાળોના સમુદ્રથી થોડે દૂર એક વાંકીચૂકી નાળ ત્રાંસી આથમણી વહી જતી હતી. એ નાળ તરફ મહોરાં ફેરવી વહાણો એ વસમી નાળની અંદર પ્રવેશ કરવા મથતાં હતાં. અનુભવી નાવિકે પાણીની ગતિ, પવનનો સુસવાટ અને વહાણની સ્થિતિ બરાબર યોગ્ય સમયસર કલ્પીને નાળમાં પ્રવેશ કર્યો. પહેલાં તો એક નાનો મછવો ઉતારવામાં આવ્યો. તેની પાછળ કીડીના વેગે લાંબા લાંબા વાંસોના ટેકાથી દોરવાતાં વહાણો જતાં હતાં. બુરૂદનો ઉપયોગ છૂટથી થતો હતો. બંને તરફ પાંચસોપાંચસો વારને છેટે જાડાં લાકડાંઓના ખાંભામાં લોઢાની જાડી સાંકળો બાંધી લેવામાં આવી હતી. જુવાળને લીધે એ સાંકળો ઉપર પાણી ફરી વળ્યાં હતાં, પરંતુ રાત્રિદિવસના અનુભવી નાવિકોનો મછવો આગળ જઇ એ સાંકળ કડામાંથી કાઢી માર્ગ ખુલ્લો કરતો હતો. ગોકળગાયની ગતિથી વહાણો ધીમેધીમે આગળ વધતાં હતાં. રાત દિનના અનુભવીઓ વગર આ દરિયાઇ દોજખમાં પ્રવેશ કરવો એ કેવળ અશક્ય હતું.

અનુભવી સુકાની આડીઅવળી વાંકીચૂંકી નાળમાં વહાણોને દોરી જતો હતો. ત્રણેક કલાકનો રસ્તો કાપ્યા પછી નાળ જરા પહોળી થઇ ને આગળ જવાનો રસ્તો સહેજ સહીસલામત બન્યો. સુકાની પોતાના હસ્તકૌશલ્યથી પાણી નીચે ઢંકાએલા રેતીના ઢગોને પડખે મૂકી વહાણને આગળ લઇ જવા લાગ્યો. નવા આવનારને તો અંધારાં આવે ને બુદ્ધિને ભ્રમમાં નાખી દે એવો કઠિન એ રસ્તો હતો. બેએક કલાકે પહોળી નાળમાં થઇને પસાર થયા બાદ વહાણો એક કુદરતી બનેલા અને તોફાનથી રક્ષાએલા બંદરમાં આવી પહોંચ્યાં.

સાગરને તીરે રેતી ઉપર મોજાં આળોટતાં હતાં. આસપાસ બાળ સૂર્યના પ્રકાશથી રેતી હીરાની કણીઓની પેઠે ઝગઝગી ઊઠી હતી. ચારે તરફ નારીએળીનાં કલ્પવૃક્ષો સમુદ્રકિનારાને છાઇ દેતાં ઊભાં હતાં. રેતી ઉપર છવાએલી રાવળપત્રીની વેલનાં પરોચી રંગનાં સુંદર ફૂલો આછા સૂર્યપ્રકાશમાં મનોહર લાગતાં હતાં.

## યાઓના રહેઠાણનો ક્રૂર સરદાર હસનના લેખતો આગળ હપતો



તેની સુંવાળી ગાદી ઉપર, મોટા તકિયાને અઢેલી એક વૃદ્ધ પુરુષ પોતાના મોંમાં હુક્કાની નળી રાખી આછાઆછા ધુમાડા કાઢતો બેઠો હતો.

સમુદ્રકિનારે પડી રહેલા શંખલા અને છિપોલાં શોધતાં કાળાં નાનાં બાળકો રેતીમાં નાનાં ઘરો અને તળાવો બનાવી અહીંતહીં રમતાં હતાં. થોડે દૂર કાળમીંઢ પથ્થરના ખડકોની સામે મોજાંઓ અથડાઇ તેમાંથી સો સો ફીટ ઊંચા ફુવારા બનતા હતા. પાસે જ ખાબોચિયાંમાં ઝીણીઝીણી માછલીઓ રમત રમતી હતી. હજારો કરચલા રેતીમાં સંતાકુકડી રમતા હોય તેમ છુપાતા દેખાતા હતા.

એ કુદરતી બંદર પચાસેક વહાણો સમાઇ શકે તેવડું હતું. તેની બે બાજુ નેસનાળની ભૂલભૂલામણીથી કુદરતે રક્ષેલો સમુદ્રકિનારો ભરેલો હતો. બીજી બે તરફ બીહામણાં ભયંકર પશુપક્ષીઓ અને વૃદ્ધ વૃક્ષોથી ભરેલું મહાવન શત્રુઓથી રક્ષણ આપતું હતું. એ રીતે એ નિર્ભય સ્થાન હતું. મનુષ્યનો પ્રવેશ અહીં અશક્ય હતો. બંદરમાં દસબાર વહાણો અને પચાસેક મછવાઓ લાંગર નાંખી પડ્યાં હતાં. તેમાં કામ કરતા કાળા સીદી ગોલાઓનો ભારે કોલાહલ સંભળાતો હતો.

બંદરથી એક પગદંડી અંદરના ભાગમાં જતી હતી. તેની બંને તરફ નારીએળીનાં વૃક્ષો વાવી છાંયડો કરવામાં આવ્યો હતો. દરિયાથી પા માઇલ દૂર અંદરના ભાગમાં ચોખાનાં લીલાંછમ ખેતરો જોવામાં આવતાં હતાં. તેમાં કાળા સીદીઓ અને સીદણો ગીતો લલકારતાં કામ કરતાં હતાં. બંદરથી બે માઇલ અંદરના ભાગમાં કિલ્લો હતો. તેની આસપાસ લગભગ પાંચસાત સો ઝૂંપડાંઓ હતાં. કિલ્લાનો આશ્રિતવર્ગ એ ઝૂંપડાંઓમાં વાસ કરતો હતો. કિલ્લાની ચારે તરફ નાનાં નાનાં ચોખાનાં ખેતરો, નારીએળીનાં ઝુંડો ને ફણસનાં ઝાડો હતાં અને તેના ઉપર મરીની સુંદર લતાઓ ચડાવવામાં આવી હતી. લવીંગનાં વૃક્ષોમાંથી સુગંધીમય હવા તાજગી બક્ષતી હતી. યુવાન હબસી સ્ત્રીઓ ખળખળ વહેતાં મીઠાં પાણીના ઝરામાંથી પાણીના ઘડા ભરી પોતપોતાનાં ઝુંપડાંઓમાં જતી આવતી જોવામાં આવતી હતી.

બંદરનો અરબ અધિકારી અલહસન વહાણમાંના કેદીઓ પાસે લૂંટનો સામાન ઊપડાવી, કિલ્લાની ખા

ઓળંગી, ઊભો ઢોળાવ ચઢી દરવાજા પાસે આવ્યો. ત્યાં બે ભયંકર સીદીઓ પોતાના લાંબા ભાલા હાથમાં રાખી ચોકી કરતા હતા. આવનારને ઓળખી પહેરેગીરોએ પોતાના ભાલા નમાવી સલામ કરી. અધિકારી પોતાના સમૂહ સહિત અંદર ચાલ્યો. કિલ્લાનું બહારનું આંગણું આવ્યું ત્યાં દીવાલની પાસે પચાસેક પથ્થરની ઓરડીઓની લાંબી હાર હતી. તેમાં કિલ્લાના રખેવાળો અને આરબ અમલદારો રહેતા હતા. આંગણું વટાવ્યા બાદ તેના દરવાજા ઉપરના ચોકીદારોની સલામ ઝીલી અધિકારી ભીતરના આંગણામાં આવ્યો. ત્યાં એક માળવાળા મકાનોની હાર ને હાર બાંધેલી જોવામાં આવતી હતી. અધિકારી અટકવા વગર વચલા મકાનની પાસે આવ્યો. તેના આંગણામાં પડતી મોટી બારી પાસે કેદીઓને ઊભા રાખ્યા ને પોતે લૂંટનો સામાન ઊપડાવી માંહેના ભાગમાં ગયો. આંગણાનાં ચારપાંચ પગથિયાં ચડી તેણે ગૅલૅરીમાં પ્રવેશ કર્યો. તેના હૉલને બંને દરવાજે બે ઊંચા કદાવર સીદીઓ હાથમાં ભાલા લઇ ઊભા હતા. તેમની પાસે જઇ અરબ અધિકારીએ તેમાંના એકના કાનમાં કાંઇક કહ્યું. તે તરત અંદર જઇ પાછો આવ્યો અને અધિકારીને ઓરડામાં પ્રવેશ કરવા જણાવ્યું.

અંદરનો ઓરડો કાળા પથ્થરનો બાંધેલો હતો. તેમાં ચારે તરફની ભીંતો ઉપર સિંહ, ચિત્તા, સાબર, જિરાફ અને જીબ્રા ગધેડાંના ચામડાંઓ શોભા માટે ટાંગેલાં હતાં. એક મોટા મગરનું ચામડું પ્રવેશદ્વાર ઉપર લટકાવેલું હતું. ઓરડાની બારી પાસે એક મોટી બેઠક બિછાવેલી હતી, તેની સુંવાળી ગાદી ઉપર મોટા તકિયાને અઢેલી એક વૃદ્ધ પુરુષ પોતાના મોંમાં હુક્કાની નળી રાખી આછાઆછા ધુમાડા કાઢતો બેઠો હતો. એંશી શરદ ઋતુઓ તેણે વ્યતીત કરી હોય એમ જણાતું હતું. તેના મુખ ઉપર અમીરાઇ છાઇ રહી હતી. પ્રકાશમય તેની આંખોમાં ઊંડી ઊંડી ક્રૂરતાની રેખાઓ તરવરતી હતી. તેની મુખમુદ્રા અત્યંત ક્રૂર, સત્તાશાળી, અડગ નિશ્ચયી અને ધૈર્યવાન હોવાનું સૂચવતી હતી. તેના વૃદ્ધ, જર્જરિત અને જમાના ખાધેલા શરીરમાં કોઇ મહા ગર્વિષ્ટ, બલિષ્ટ, કઠોર, ચપળ અને બુદ્ધિશાળી આત્મા સર્વને માપી લેતો, સૌને ડારતો જણાતો હતો. તેણે શરીર ઉપર મલમલનો શ્વેત જામો પહેર્યો હતો, માથા ઉપર અરબ ઘાટની પાઘડી હતી, પડખે સોનાની મૂઠ વાળી તલવાર પડી હતી. કોઇ શાંત પર્વતની અંદર છુપાએલા ધગધગતા જ્વાળામુખી જેવો એ બેઠો હતો.

અધિકારીએ માનસહિત તેને કુર્નિશ બજાવી નમ્રતાથી કહ્યું: 'નામવર, અમે એક વહાણ પકડ્યું છે. ભારે ધીંગાણું થયું હતું. કાફરોએ અમોને સખ્ત નુકસાન પહોંચાડ્યું છે. સરદાર મરઝુગ બેહિસમાં ગયો છે.'

'લૂંટ અને બાન (પકડાએલા કેદી) કેટલાં મેળવ્યાં છે?' લાલચુ વૃદ્ધે ઝીણે સ્વરે પ્રશ્ન કર્યો.

'પાંચ હજાર રોકડા છે; આ થોડો સામાન છે. ઉપરાંત તોફાનમાં સપડાએલું બીસમાર વહાણ, પંદર બાન અને પંદરેક ખલાસીઓ પકડ્યા છે.'

વૃદ્ધે બારીમાંથી નજર નાખી કેદીઓને માપી લીધા. તેની અનુભવી આંખે સૌનો દરજ્જો અને આર્થિક સ્થિતિ પારખી લીધાં.

'આલી!' પડખે ઊભેલા પોતાના યુવાન પુત્રને ઉદ્દેશીને વૃદ્ધે ધીરા અવાજે કહ્યું: 'આમની વ્યવસ્થા કર અને હમીદ બીન આહમદને બાનોના છૂટકારા સંબંધી ખબર મોકલ.'

અરબ અધિકારીએ દરિયાદોલત સાથે થએલા તુમુલ યુદ્ધનું વર્ણન રોચક ભાષામાં કહેવું શરૂ કર્યું. એટલામાં દ્વારમાંથી એક પ્રચંડ કાયાવાળો, ઊંચો, બળવાન યુવાન, હથિયારબંધ હબસી પ્રવેશ કરી સૌની પાછળ કોઇનું ધ્યાન ન ખેંચાય તેમ ઊભો રહ્યો. વૃદ્ધની તીક્ષ્ણ નજર તેના ઉપર જરા વાર ઠરી. એ યુવાન સીદીના મુખ પરથી તેજ ઊડી જતું હોય તેમ તે સૂકું પડતું લાગ્યું.

વૃદ્ધની પાછળ એક સીદણ જરા ઊંચી થઇ અને અતિ ધીમા સ્વરે વૃદ્ધના કાનમાં તેણે કંઇક ગણગણાટ કર્યો. જાણે કાંઈ જ ન બન્યું હોય તેમ વૃદ્ધ પાછો એક ધ્યાન થઇ લડાઈનું બયાન સાંભળવા લાગ્યો.

વર્ણન પૂરું થયું. સરદારે પાછળ ઊભેલા યુવાન સીદીને બોલાવ્યો: 'કાસમ! કેમ સૌની પાછળ ઊભો રહ્યો?' તેણે મિઠાશથી પૂછ્યું.

'ભીડ હતી એટલે હું પાછળ ઊભો હતો. નામવર!'

'તેં યુદ્ધમાં બહુ પરાક્રમ દેખાડ્યું છે. તું મોડો કેમ આવ્યો?'

'રસ્તામાં મારી મા સાથે વાત કરવા રોકાએલો.'

'એમકે? પણ તું ઝરા પાછળના બગીચાના મોટા

આંબાના ઝાડની પાસે એકલો શું કરતો હતો?'

કાસમનાં હાંજાં ગગડી ગયાં. તે તદ્દન અવાક થઈ ગયો. યમ જેવો એ યુવાન જાણે એક પળમાં નિષ્પ્રાણ થઇ ગયો.

ગાદી નીચેથી ભરેલી સોનાના અલંકારો ભરેલી એક કોથળી ઊંચી કરી વૃદ્ધ સરદારે તે કાસમને બતાવી: 'આ ક્યાં સંતાડી હતી?'

કાસમની આંખમાં બહાવરાપણું આવ્યું. તેના શબ્દોમાં ભય અને દયામણાપણાનો ભાવ હતો. અસ્પષ્ટ ઉચ્ચારણથી મ્લાન વદને તે બોલ્યો: 'નામવર, તમે સર્વજ્ઞ છો!'

એક પલવાર ભયંકર શાંતિ વ્યાપી ગઇ. સૌનાં મોં ઉપર ભય અને આશ્ચર્ય પ્રસરી રહ્યાં. સરદાર જાદુગર છે એવી જૂની મેલી માન્યતા વધુ દૃઢ થઈ.

'મને લાગે છે કે તને પેલા ઝનૂની કુતરાઓ સાથે શરત દોડવાનું મન થયું છે. રજાક! તું યોગ્ય ગોઠવણ કર.' એ સાદા અને સરળ શબ્દોમાં સજા ફરમાવતાં સરદારે વાતાવરણમાં કમકમાટી રેડતું એ છેલ્લું વાક્ય પોતાના નાના પુત્રને કહ્યું.

તરત કાસમને જકડી લેવામાં આવ્યો. કિલ્લાના દરવાજાની બહાર પ્રચંડ મેદની ભેગી થઈ. કાસમને મુખ્ય દરવાજા ઉપર લાવવામાં આવ્યો. એની પૂંઠે પાંચ ઝનૂની કુતરાઓ સાંકળમાં બાંધેલા પકડી એક હબસી ઊભો હતો. એક અરબ અધિકારીએ કાસમના ઝબ્બાનું કપડું કાપીને એ કુતરાઓને સુંઘાડ્યું. બારીમાંથી નિશાની થતાં જ કાસમને છોડી મૂકવામાં આવ્યો. ધનુષમાંથી તીર છૂટે એમ કાસમે આંધળીઆં કરી જીવસટોસટની દોટ મૂકી. જો બે માઈલ દૂર આવેલા કિનારે પહોંચી એ સમુદ્રમાં પડે તો જ ઊગરી શકે એમ હતું. તેનાં હથિયારો લઇ લેવામાં આવ્યાં હતાં. પચાસેક વાર કાસમ દોડ્યો હશે ત્યાં તો કુતરાઓને છૂટા કરવાની નિશાની બારીમાંથી થઇ. હબસીએ એકીસાથે પાંચે કુતરાઓની સાંકળો કાઢી લીધી.

અને જગતમાં અજોડ એવી શરત શરૂ થઇ. કાસમ યુવાન, પહેલવાન અને જબરો દોડૈયો હતો. તેણે પોતાની સમગ્ર શક્તિને પગમાં રેડી સમુદ્રનો માર્ગ લીધો. પાછળ મોટી છલાંગો મારતા જીભ બહાર કાઢી દોડતા ઝનૂની કૂર કુતરાઓ પોતાના શિકાર પાછળ ધસ્યા જતા હતા. જીવસટોસટની આ દોડ હતી. એકને પોતાનો પ્રાણ બચાવવો હતો, બીજાઓને પોતાના શિકારને પકડવો હતો. લોકોની મેદની આ જીવલેણ ભયંકર શરત જોઇ રહી. ધીમેધીમે કુતરાઓ અને કાસમ વચ્ચેનું અંતર ઓછું થવા લાગ્યું.

કાસમના મગજમાં વીજળી વેગે કાંઇક વિચાર સ્ફુર્યો. તેણે ઓચિંતો દક્ષિણ તરફના વનનો રસ્તો લીધો. વાડો, ઝાંખરાં, ઝરણાંઓ અને પડેલાં વૃક્ષો તેણે ઝપાટાબંધ વટાવવા માંડ્યાં. દરિયાનું રક્ષણ મૂકીને તેણે વનનું રક્ષણ પસંદ કર્યું. લોકોની મેદની હવે તેનું પકડાવું ચોક્કસ ધારવા લાગી. પોતાના એ પરિચિત સ્થાનમાં ફલંગો મારતો, કૂદતો, અતિ વેગથી કાસમ દોડ્યો જતો હતો. સૌથી આગલો કુતરો હવે તેનાથી પંદરેક વારને છેટે હતો, બીજો પચીસેક વાર દૂર દોડ્યો આવતો હતો.

ઘોર વનમાં હવે કાસમે પ્રવેશ કર્યો, અને તરત દસબાર જંગી આંબાનાં વૃક્ષોના ઝુંડ તરફ તેણે દોટ મૂકી. જીભ બહાર કાઢી નસકોરામાંથી જાણે અગ્નિ વરસાવતા કુતરાઓએ પણ તેનો કેડો લીધો. કાસમે તરત પોતાના ખીસામાં હાથ નાખી દોડતાં દોડતાં થોડા ત્રાંબાના સિક્કા કાઢ્યા અને એક આંબાના વૃક્ષ પર આવેલા કાળાં ધાબાં ઉપર જોરથી ફેંક્યા. થોડાક સિક્કા એ જ રીતે બીજાં વૃક્ષો પરનાં કાળાં ધાબાં ઉપર અચૂક નેમથી તે ફેંકતો ગયો. નિમિષ માત્રમાં અગણિત 'ધણ ધણ ધણ ધણ' અવાજથી વન ગાજી ઊઠ્યું. અસંખ્ય જંગલી ભયંકર મધમાખોને કાસમે જગાડી હતી. તે પોતે અને નજીકના બે કુતરાઓ તો મધમાખીઓ પૂરી ઊડે તે પહેલાં થોડા ડંખોની પ્રસાદી સાથે આગળ નીકળી ગયા; પરંતુ પાછળના ત્રણ કુતરાઓ ઉપર તો મધમાખીઓનો પૂરો રોષ ઊતર્યો. હજારો મધમાખીઓ તેમનાં શરીરોને ઘેરી વળી કારમા ડંખો દેવા લાગી. દરદથી ચીસો નાખતા કુતરાઓ તરત ત્યાંથી પાછા ભાગ્યા.

આ બાજુ કાસમે હવે રસ્તા ઉપરથી એક મોટો પથ્થર ઉપાડ્યો અને ધસ્યા આવતા કુતરાઓનો સામનો કરવા એક ઝાડને ઓથે ઊભો. છલંગ મારી બાઝવા આવતા પહેલા કુતરાના મોંમાં તેણે પોતાનો પાઘડી વીંટેલો ડાબો હાથ ખોસી દીધો અને જમણા હાથમાંના પથરાથી કુતરાના કપાળમાં જબરદસ્ત ઘા કર્યો. કુતરાનું કપાળ ફાટી ગયું અને તે નિષ્પ્રાણ થઇ નીચે ઢળી પડ્યો.

એટલામાં તો બીજો કુતરો આવી પહોંચી કાસમ ઉપર તૂટી પડ્યો. તેના સખત હુમલાથી કાસમ નીચે પટકાયો અને બંને એકબીજાને ચોંટી લોટપોટ થઇ જમીન ઉપર આળોટવા લાગ્યા. અમાનુષી બળથી કાસમે કુતરાની ગરદન પકડી તેની ભયાનક દાઢોને પોતાના માંસમાં પેસતી અટકાવી ને એટલા જ બળથી કુતરો તે છોડાવવા પ્રયત્ન કરવા લાગ્યો. પરંતુ કાસમ મડાગાંઠની પેઠે તેને વળગી જ રહ્યો હતો. હવે તેણે ડાબા હાથથી કુતરાના શરીર ઉપર હથોડાના જેવા આઘાતો દેવા માંડ્યા. ધીમેધીમે કુતરો અચેત થવા લાગ્યો. કાસમ બચી ગયો.

હુરાન બિન આહમદ મૉમ્બાસાના પ્રસિદ્ધ વાલી આહમદ બિન સાલેહનો મોટો પુત્ર હતો. જંગબારના પહેલા સુલતાન સૈયદ બિન સૈયદને તેણે ખૂબ હંફાવ્યો હતો. બબ્બે વાર મૉમ્બાસા ઉપરના હુમલા આહમદે યુક્તિથી નિષ્ફળ કર્યા હતા. છેવટે સુલતાનનું અભય વચન લઇ તે સુલતાનને શરણે આવ્યો હતો. પણ પાછળથી સુલતાને પોતાનું વચન તોડી વાલી અને તેના કુટુંબી મઝરૂઇઓને વહાણમાં બેસાડી સમુદ્રમાં તેમની કબરો કરાવી હતી.

યુવાન હસન ત્યાંથી ભાગી છૂટ્યો. તેણે પોતાની મિલ્કત સુલતાન પાસે માગી તે મળી નહિ, એટલે સગાંઓની મદદથી તેણે વહાણવટું ખેડ્યુ. સુલતાનનો મુલક તેણે ઉજ્જડ કર્યો. ઘણાં ગામો લૂટ્યાં. સુલતાનની ભલભલી લશ્કરી ટુકડીઓને શેહ આપી. વીજળીની ઝડપે તે ચારેતરફ કૂદી પડતો અને લૂટફાટ, આગ તથા ખુનામરકીથી સુલતાનનો દેશ ખેદાનમેદાન કરીનાંખતો.

સુલતાન સૈયદના મરણ પછી સુલતાન માજિદ બિન સૈયદ ગાદીએ આવ્યો. તેણે હસનના ભયંકર ઉત્પાતને તોડી પ્રજાનું રક્ષણ કરવા પોતાના જનરલ મૅથ્યુઝને હુકમ કર્યો. મૅથ્યુઝ મહા કાર્યદક્ષ અને ખંતીલો હતો. તેણે હસનનાં માણસોને ફોડી એનું સ્થાન જાણી લીધું અને મધરાતે એકાએક છાપો માર્યો. લુટારૂઓ ઘણાખરા કપાઇ ગયા અથવા શરણે આવ્યા, પણ અંધારાનો લાભ લઇ એકલો હસન છટકી ગયો.

રાજ્યનો દોષિત, સમાજમાં હડધૂત થએલો હસન નિરાશાથી ચારે તરફ ભાગતો, છુપાતો ફરતો હતો. પોતાની જમીન અને સ્વતંત્રતા પાછી મેળવવા માટે હવે તેને જિદ્ થઈ. તેણે ભયાનક જંગલોમાં ક્રૂર પશુઓ વચ્ચે રાતોની રાતો પસાર કરી; ટાઢ, તડકો ને વરસાદનાં અસહ્ય દુ:ખો સહન કર્યાં, ભૂખમરો વેઠ્યો; ફરી તેણે લુટારાઓની નાની ટોળીઓ એકઠી કરી અને ફરી પાછો ચારે તરફ ઘૂમી રહ્યો. સજીવન થએલા તેના આ બહારવટાએ કાળો કેર વર્તાવવા માંડ્યો. પરંતુ જનરલ મૅથ્યુઝ જબરો માણસ હતો. તેણે હસનની આસપાસ ચોકઠું ગોઠવ્યું. એક પછી એક તેની ટોળીઓને વિખેરી પકડી લીધી. એક મોટા બખેડામાં હસનના સાથીઓ કપાઇ ગયા ને તે પોતે સખ્ત ઘાયલ થયો. પણ પોતાના વફાદાર ઘોડાની સમયસૂચકતાથી આ વખતે પણ તે બચી જવા પામ્યો.

એક યુવાન માછીમાર સીદણે તેની છ માસ સેવા કરી. જખમો રૂઝાયા અને તે ઘોડે ચડવા જેવો થયો; પરંતુ સાથીઓ વગર એકલોઅટૂલો હવે તે બહારવટું કરી શકે તેમ નહોતું. જનરલ મૅથ્યુઝે તેને તદ્દન ભાંગી નાખ્યો હતો. તેનાં છુપાં સ્થાનો બધાં સળગાવી મૂક્યાં હતાં. મૅથ્યુઝની શેહ એવી ત્રાસજનક હતી કે કોઇ અરબ સરદાર તેને હવે સંઘરે કે મદદ કરે તેમ હતું નહિ. તે નિરાશ થયો અને બહારવટું મૂક્યું.

તેણે આભાર નીચે દબાઇ પોતાને બચાવનાર યુવાન હબસણ સાથે નિકાહ કર્યા. એ હબસણ મહા ચતુર હતી. આ પ્રકરણની શરૂઆતમાં આપણે જોયું તે નિર્ભય સ્થાન તેણે હસનને બતાવ્યું. વીસ વીસ વરસના બહારવટાથી કંટાળેલા હસનને આ સ્થાન પસંદ આવ્યું. તેણે અહીં ધામા નાખી પોતાનો અડ્ડો જમાવ્યો. સૌ પ્રથમ તેણે માછલાંનો વેપાર આરંભ્યો. તે પછી ઘણાં વર્ષ ગુલામી વેપાર કર્યો ને સારૂં ધન તથા ઐશ્વર્ય મેળવ્યાં. તે વડે એક ઊંચી જગ્યા પર મોટો કિલ્લો બાંધ્યો. તેની આસપાસ ખાઇઓ ખોદી તેને સુરક્ષિત કર્યો.

આ દરમ્યાન તેણે અરબ તથા બીજી પચીસેક જાતની સ્ત્રીઓ સાથે લગ્ન કર્યાં. તેને અગિયાર પુત્રો અને નવ પુત્રીઓ થઇ. તેણે અરબ સરદારો સાથે ફરીથી સંબંધ બાંધ્યો. પુત્રોને ઘેર અનેક પુત્રો ને પુત્રીઓ જન્મ્યાં. એ રીતે સગાંસંબંધીઓ વગેરે મળીને લગભગ બસો આરબ અને બે હજાર સીદીઓથી વસેલું આ સ્થાન તેણે જમાવ્યું. તેના છોકરાઓ પણ બધા ક્રૂર, ઝનૂની, વહેમી અને

ઘાતકી શયતાનો જેવા હતા. કોઇપણ ભયંકર કામ કરતાં તે અચકાતા નહિ.

વૃદ્ધા હબસણનું આધિપત્ય સૌથી પ્રબળ અને સર્વત્ર હતું. સીદણો બધી તેના આભાર નીચે હતી. તેમની મારફતે વૃદ્ધા આખા સંસ્થાનની ઝીણામાં ઝીણી હકીકત મેળવતી હતી. વૃદ્ધ સરદાર પાસે તે રાત્રિદિવસ રહેતી. તેની સેવા અને શારીરિક સંભાળ એ વૃદ્ધા જ રાખતી. હસન સખ્ત નિયમનથી સંસ્થાનનો કારભાર ચલાવતો; વૃદ્ધા હબસણ તેને દરેક ખબર પહોંચાડતી. તેનું શાસન કડક હતું અને શિક્ષાઓ ભયંકર હતી. સૌ તેને જાદુગર ગણતા. પિશાચ જેવા ભયંકર દાનવો પણ તેનાથી થરથર કાંપતા. પોતાના પુત્રોને પણ તે ગુનોહ થયે કડક શિક્ષા કરતાં પાછું વાળી જોતો નહિ.

હસન ગુલામોનો વેપાર મોટા પાયા ઉપર કરતો હતો. તેનાં વહણો ચારે તરફના દરિયાકિનારાનાં ગામોમાંથી ગુલામો પકડી આણતા હતા. આખા કંઠાળનાં ગામડાંઓમાં તેના જાસુસો ફરતા.

હબસીના સુલતાનો સાથે તે સંધિઓ કરતો અને તકરારો પણ કરતો તથા તેમનાં ગામડાંઓ લૂંટી લેતો. પહેલાં તે પોતાની સાથે મોટી રકમ અને હથિયારબંધ માણસો રાખી જંગલમાં છુપાઇ રહેતો. તેના જાસુસો દિવસના બધી ખબરો કાઢી આવી ગામના કુતરાઓને ઝેર દઇ મારી નાખતા. પછી રાત્રે અંધારૂં થતાં તેના જાસુસો ગામને ચારપાંચ ઠેકાણેથી આગ લગાડી સળગાવી દેતા. ગામવાસીઓ બહાર નીકળતા અને આગ હોલવવાની ભાંજગડમાં પડતા કે ઓચિંતો છાપો મારી હસન ગામ ઉપર હલ્લો કરતો. હથિયારબંધ અને સામા થાય તેને કાપી નાખવામાં આવતા, બાકીનાને ઘેરી કેદ પકડવામાં આવતા. તેમાંથી વૃદ્ધા વૃદ્ધાઓ, બાળકો અને બાલિકાઓને જંગલમાં લાવી છૂટાં મૂકી દેવામાં આવતાં. માત્ર સશક્ત સ્ત્રી પુરુષોને પકડી સાથે લઇ જવામાં આવતા.

એ પકડાએલા ગુલામોનાં ગળાંમાં લોખંડની હાંસડી પહેરાવવામાં આવતી. એવા દસ દસ ગુલામોની એક ટુકડી બનાવી એક સાંકળ વડે તેમના ગળાંમાંની હાંસડીઓ જોડવામાં આવતી. કોઇ તોફાન કરે કે સામે થાય તેના પગમાં બેડી નાખવામાં આવતી અને તેની આંખે પાટા બાંધી ઉપવાસ કરાવવામાં આવતા, તથા વારંવાર ચાબૂકના માર મારવામાં આવતા. બહુ જ તોફાની હોય તેને ગરમ રેતી ઉપર સુવાડી ચાબૂકના ફટકા લગાવતા. આમ નિર્દય જુલમની હદ નહોતી. દરિયામાં ફરતા એ જીવતા શયતાનો હતા.

એ ગુલામોને પછી નાનાં વહાણોમાં ચડાવતા. વહાણમાં બંને તરફ લોઢાનાં કડાં બેસાડેલાં હોય તેમાં સાંકળોથી તેમને બાંધી રાખતા. ગુલામોને બહુ જ ઓછું ખાવાપીવાનું આપતા. રાત્રિ દિવસ એક જ સ્થાને ખાવું, પીવું, ઓકવું કે હાજતે જવું બધું હતું. સૂર્યના ભયંકર તાપમાં તેમને પડી રહેવાનું હતું. જરા ઉચ્ચાર સરખો કરે તો ચામડાના જોરબંધ પીઠ ઉપર પડતા. એ જીવતું નરક હતું, ભયંકર દોજખ હતું, દુ:ખનું સાક્ષાત ધામ હતું. કોઇ ગુલામ વધારે બીમાર પડતો કે તરત જ સાંકળ કાઢી છૂટો કરી દરિયાપીરમાં તેને જીવતો ફેંકી દેવામાં આવતો. ગુલામને પોતાને સ્થાને પહોંચાડયા પછી જોકે જરા સારી રીતે રાખવામાં આવતો. નિયમન તો હજુ યે કડક રહેતું. પરંતુ ખાવાપીવાનું સારૂં મળતું. પછી એ ગુલામોને વહાણમાં બેસાડી જંગબાર લાવવામાં આવતા અહીં ગુલામોની મોટી બજાર હતી. દર બુધવાર અને શનિવારે એ બજાર ભરાતી. ત્યાં સંખ્યાબંધ વેપારીઓ ગુલામોને લઇ વેચવા બેસતા. લેનારાઓ બહુ બારીકીથી ગુલામડી કે ગુલામને તપાસી જે રોગમુક્ત અને સશક્ત હોય તેને ખરીદતા. દરેક ગુલામ દીઠ જંગબારના સુલતાનને બે રિયાબ જગાત દેવી પડતી હતી. પચાસ રિયાબથી બસો રિયાબ સુધી ગુલામોની કિંમત થતી. ગુલામો એના માલિકની મિલ્કત બન્યા બાદ તેના ઉપર માલિક ગમે તેવો અત્યાચાર ગુજારી શકતો. તેને જાનથી મારી પણ શકતો. માલિકના ત્રાસથી ભાગી ગએલા ગુલામને સુલતાનની પોલિસ શોધી લાવી તેના ધણીને સોંપતી એવો કાયદો હતો!

ગુલામ કેટલોક વખત માલિકની સાથે રહ્યા બાદ તેને ઘરના પશુ જેવો પાળવામાં આવતો. ઘણાઓ તો પછી કુટુંબવત્ થઇ જતા. આરબોની મૂડી તેમના ગુલામો ઉપરથી ગણાતી. વધારે ગુલામો ધરાવનાર આબરૂદાર ગણાતો. ધીમેધીમે ગુલામ બહુ વિશ્વાસપાત્ર બનતો. પછી તેને પરણાવી પણ દેતા. એ ગુલામનું કુટુંબ પણ માલિકની માલિકીનું જ ગણાતું. જંગબારના સુલ-

તાનને આ ગુલામોના વેપારમાંથી મોટી પેદાશ મળતી તેથી તે આ વેપારને ઉત્તેજન આપતો.

હસન આવા ગુલામોનો મોટો વેપારી હતો. તેણે એમાંથી પુષ્કળ સંપત્તિ ભેગી કરી હતી. જંગબારના સુલતાન પણ હવે તેના પ્રત્યેનું વેર ભૂલી ગયા હતા. એટલામાં હસનના ઝનુની પુત્રોએ દરિયામાં લૂટફાટ આરંભી. પ્રથમ આરબોનાં અને પછી હિંદીઓનાં વહાણો તેણે પકડયાં. આમાં લૂટ અને દંડના પૈસા તેને પુષ્કળ મળવા લાગ્યાં.

ત્રણેક માસ વીતી ગયા. બાન તરીકે પકડાએલા દરિયાદોલતના ઉતારૂઓનો હજી છૂટકારો થયો નહિ, કેમકે તેમના છૂટકારાનાં નાણાં હજી આવ્યાં નહોતાં, તેમના ઉપર કોઇ જાતનો જુલમ નહોતો, કેમકે તે બાન તરીકે હતા; પણ ખલાસીઓને સખ્ત કામ કરવું પડતું હતું. હસને આ બાનમાંના પાંચ વેપારીઓ માટે દરેકના પાંચ હજાર રીઆબ, મહેતાજીઓ માટે દરેકના એક હજાર રીઆબ અને ખલાસીઓ માટે દરેકના એક સો રીઆબ માગ્યા હતા. હસનને મન દરેક હિંદી ધનવાન હતો.

એક રાત્રે દરિયામાં ભયંકર તોફાન થયું. સમુદ્રનાં પ્રચંડ મોજાંઓ ભૂતાવળની પેઠે જાગી ઊઠયાં. આ પ્રદેશમાં દરિયામાં અનેક ભયપ્રદ ખરાબા હતા. તેમના ઉપર જાડાં બીમો ઊભાં કરી ખોટાં માર્ગદર્શક ચિહ્નો હસને રાખ્યાં હતાં. તોફાનમાં સપડાએલું કોઇ વહાણ આ તરફ આવે અને આ ચિહ્નો ઉપર વિશ્વાસ મૂકી આગળ વધે તો જરૂર ખરાબે ચડી જાય. એ ભયંકર રાત્રે એક મોટું વહાણ આફતમાં આવી આ ખોટાં ચિહ્નો પ્રમાણે આગળ વધવાથી ખરાબે ચઢયું હતું. આખી રાત્રિ તેની તોપો મદદ માટે અવાજો કરતી હતી.

સવારના વહાણ ખરાબાના ખડકમાં મજબૂત રીતે ચોંટેલું જોવામાં આવ્યું. ત્યાં જો એ રહે તો બેત્રણ ભરતીનાં પાણી તો તેને ભાંગી ભૂકો કરી નાખે; લોઢાનાં હજારો યાંત્રિક હથોડાઓની પેઠે વહાણનું પાટીએ પાટીઉં જુદું કરી દે. વહાણના ફ્રેંચ નાવિકોએ વહાણ બચાવવાની ઘણી કોશિશ કરી; પણ પછી તે વ્યર્થ જાણી બે હોડીઓમાં ઊતરી વહાણને તેમણે મૂકી દીધું.

હસનની હોડીઓ તૈયાર જ હતી. તે આવી પહોંચી. તમારી હોડીઓ આ નાળમાં ચાલી શકશે નહિ, માટે અમારી હોડીઓમાં આવી જાઓ, એમ કહી તેમણે ફ્રેંચ નાવિકોને કેદ કરી લીધા. તરત તેની બીજી હોડીઓ વહાણ ઉપર છૂટી. સેંકડો ગોલાઓએ આરબોની સરદારી નીચે તીડોનાં ટોળાં પેઠે વહાણને લૂટી લીધું. વહાણનાં કિંમતી અંગો પણ છૂટાં કરી લઇ હોડીઓમાં ભરી લીધાં. ખૂણેખાંચરેથી વહાણમાંથી બધી વસ્તુઓ લૂટી લેવાઇ અને ફ્રેંચ નાવિકોને પકડી બાન તરીકે હસન કિલ્લામાં લઇ ગયો.

અહીં તેમને કેદ રાખી દંડની ભારે રકમની માગણી કરવામાં આવી. એકાદ માસ પછી આજ રીતે બીજા એક હિંદી વહાણને પણ પકડી આણ્યું. તે પછી અરબોને એક બતેલો હાથમાં આવ્યો. આમ અત્યાચાર ઉપર અત્યાચાર થવા લાગ્યા. આ ફતેહોથી હસનના છોકરાઓ હિંમતવાન બન્યા. તેમણે હવે ખુલ્લી રીતે ચાંચિયાનો ધંધો કરવા માંડયો.

(ચાલુ) **ડુંગરશી ધરમશી સંપટ**



# વનવગડાનાં વાસી


ગયા અંકમાંના 'એક પંખીનું વેર'વાળા લેખમાં વર્ણવાએલાં થોડાં જંગલવાસી પ્રાણીઓનો આ પરિચય સ્વતંત્રરીતે વાંચતાં પણ રસદાયી થાય એવો છે.

## વેંઝુ ના'ર અને ઝરખ

એક વખત હું શુક્રવારની ગુજરીમાંથી જતો હતો ત્યાં રસ્તામાં એક મદારીને ખેલ કરતો જોયો. લોક ખૂબ ટોળે મળ્યા હતા તેથી કંઇક જોવા જેવું હશે એમ ધારી (અને આવા ખેલોમાં શું જોવું છે એવો superiority complex મારામાં ન હોવાથી) પ્રાકૃતજનસુલભ સ્વાભાવિક કુતુહલવૃત્તિથી મેં ત્યાં ડોકિયું કર્યું. ટોળાની વચ્ચે પગે ઘુઘરા બાંધી, એક હાથે વાંસળી ને બીજા હાથે ડમરૂ વગાડતો મદારી ફરતો હતો, અને એના પદાઘાતના તાલેતાલે એની આસપાસ એક વિચિત્ર પ્રાણી નૃત્ય (ગુલાંટ ખાતું, ખોડંગતું ચાલતું ને કૂદતું એવું ભેળસેળ ક્રિયાઓવાળું નૃત્ય) કરતું હતું. પહેલાં તો મને થયું કે એ કોઈ ચાલાક માકડું હશે. પણ ધ્યાનથી જોતાં તો કોઈ અપરિચિત અદષ્ટપૂર્વ પ્રાણી લાગ્યું. દેખાવમાં મોટા નોળિયા જેવું; પણ નોળિયો નહિ. થોડીવારે ખેલ પૂરો થયો ને 'સા . . . . . મફતિયાના મોંમાં થૂઉ . . .' એ 'ભરતવાક્ય' મદારી બોલે ત્યાર પહેલાં પ્રેક્ષકવર્ગ ક્યાં યે અલોપ થઇ ગયો, અને એ નિર્જન રંગભૂમિ પર રહ્યા મદારી, પેલું વિચિત્ર નર્તક ને હું. મદારીએ એનો સાજ સમેટવા માંડ્યો ત્યાં મારાથી જિજ્ઞાસાવૃત્તિ ન દબાઇ એટલે મેં એને પૂછ્યું કે ભાઇ, આ કઇ જાતનો નોળિયો છે? પેલાએ હસીને કહ્યું કે સાહેબ, આ 'નોળિયો' (નોળિયાની પણ કેટલીક જાતો હોય છે, પણ તે કોઇ બીજે પ્રસંગે) નથી; આ તો **બીજુ** (વાત બધી હિન્દુસ્તાનીમાં ચાલતી હતી) છે. ત્યારે હું સમજ્યો કે નાનપણમાં જે 'વેંઝુ' સાંભળતા તે આ જ.

'વેંઝુ'–Ratel–નો આ મારો પ્રથમ પરિચય. આ વેંઝુ હતું તો સાવ નાનું બચ્ચું; પણ એનો વિચિત્ર દેખાવ એના વ્યક્તિત્વને પિછાનવા પૂરતો હતો. 'વેંઝુ' એ હિંદુસ્તાની **બીજુ**નું ગુજરાતી રૂપ. (એક જૂની માન્યતાને આધારે એને 'ઘોરખોદીઉં' પણ કહે છે.) એનું અંગ્રેજી નામ Ratel. એ સ્તનપાયી (mammal) વિભાગના હિંસ્ર (carnivora) વર્ગ–અંતર્ગત રીંછ (ursidae) વર્ગનું પ્રાણી છે. એની પારિભાષિક સંજ્ઞા Mellivora Indica. એ રીંછ, જલમાનુષ (otter: સંસ્કૃત जलमार्जार:। જોયું છે? આપણી સાબરમતીમાં જ થાય છે. ઓળખાવીશ કોઇ અન્ય પ્રસંગે. હાલ તો प्रकृतमनुसराम:।) વગેરેનું કૌટુંબિક અને નોળિયાનું દૂરનું સ્વજન ગણાય. સમગ્ર હિંદુસ્તાનમાં એની એક જ જાત થાય છે. (અને એનામાં તેમજ આફ્રિકાના Ratelમાં વંશવિભેદક કોઇ વિશિષ્ટતા ન હોવાથી એ બંને એક જ વર્ગનાં છે. જો કોઇ ભેદ હોય તો બંનેની સ્થળવિશેષની જીવનપ્રણાલિકા પૂરતો જ). આપણી તરફ એ જૂનાગઢ, કચ્છના કેટલાક ભાગ તથા ગુજરાતના કેટલાક પ્રદેશમાં જોવામાં આવે છે. દેખાવે બચુકલા રીંછ જેવું લાગે; પણ રંગે વિચિત્ર. પેટ, પગ, ગળું વગેરે શરીરનો નીચેનો અરધો ભાગ કાળો શાહી જેવો; પીઠ, ગરદન અને માથા ઉપર આછો રૂપેરી કે ખડી જેવો શ્વેત: જાણે શરીર પર ધોળો ધાસિયો નાખ્યો ન હોય! બાંધણી બેઠા ઘાટની. કાન બુચિયા—નથી જ એમ કહોને. આંખો ચપળ. પૂંછડી તદ્દન ટૂંકી.

સ્વભાવે કેવળ નક્તંચર. અને એ નિશાચરત્વ પણ અત્યંત ગોપનીય વૃત્તિવાળું. એ એટલું તો ગુપ્ત રહે કે એના નામથી પરિચિત હોવા છતાં નૈસર્ગિક દશામાં એનું સગી આંખે દર્શન પામેલાનું પ્રમાણ ભાગ્યે એકાદ ટકો હશે! જેમનું સમગ્ર જીવન પ્રાણી-



વેંઝુ

એનાં જીવનનું રહસ્ય શોધવામાં ગયું છે તે સ્ટર્નડેલ અને જૅર્ડોન જેવા પ્રૌઢ પ્રાણીશાસ્ત્રવિશારદોનો Ratel-નો અનુભવ પણ Zooમાંનાં બંદીવાન વેંઝુના અવલોકનજનિત જ છે. આ પ્રાણીની રહસ્યપૂર્ણ જીવનીના સાક્ષાત્કારનો ધન્યપ્રસંગ કેવળ બે પ્રાણીશાસ્ત્રીઓને જ પ્રાપ્ત થયો છે.* એ. એ. ડનબાર બ્રૅન્ડર અને એફ. ડબ્લ્યુ. ચૅમ્પીઅન. એ બંને અંગ્રેજ સરકારના જંગલખાતાના અમલદારો છે. પ્રકૃતિને ખોળે સ્વચ્છંદે વિચરનાર વિવિધ વંશનાં પશુઓના ઈંગિતજ્ઞ એમના જેવા બીજા કોઇ નથી. છતાં 'વેંઝુ'નો પરિચય તો એમને પણ સર્વાંશે થઇ શક્યો નથી. આટલી વિષમ આ પ્રાણીના પરિચયની પરિસ્થિતિ છે. ડનબાર બ્રૅન્ડરે માત્ર એને બેત્રણ વખત જ જોયું છે, જ્યારે ચૅમ્પીઅને એના વીસેક વખત ફ્લૅશલાઇટ ફોટોગ્રાફ લીધા છે. અજબ જેવું તો એ છે કે આ પ્રાણી જમીન પર બોડમાં કે દરમાં રહેતું હોવા છતાં તેનો પત્તો આ બંને સૂક્ષ્મદર્શીઓને પણ લાગ્યો નથી. સ્વભાવે ભૂચર છતાં ઝાડ પર ચડવું એને મન રમત વાત છે. ભારે ચકોર પ્રાણી. ખુશમિજાજી પણ એવું જ. બસ તાનમાં આવે ત્યારે ગુલાંટો પર ગુલાંટ ખાય: જાણે બીજું 'લોટણ'. અને સમસ્ત પશુસમાજમાં નીડરતામાં એ અગ્રસ્થાને છે. એની તુલનાએ વાઘ, વરૂ કે સિંહ પણ ન ચડે. ભલભલાની સામે પણ એ મોરચા માંડે. માણસનો પણ શો હિસાબ? પીછેહઠની વાત જ નહિ. મરે ત્યારે જ થાકે. (ગુજરાતીમાં કહેવત છે કે 'વેંઝુની પેઠે વળગે છે' તે આ ઉપરથી જ). ભક્ષ્યોપાદાનમાં એ પરમહંસ વૃત્તિ સેવે છે: ઉંદર, પંખી, જીવાત, મધ, વનસ્પતિ બધું યે ખાય; એટલે એને 'ઘોરખોદું' નામ આપવું ઠીક નથી લાગતું. જેની અદ્ભુત ચપળતાથી રણમાં પણ ભક્ષ્ય મળે તેવા પ્રાણીને 'ઘોર ખોદવા' જવું પડે એ શક્ય નથી. (એનો આફ્રિકાવાળો પિતરાઇ દિવાચારી છે, એટલે હનીબર્ડ એને ગમે ત્યાં મધની લાલસાએ દોરી જાય છે.) જો હાથમાં આવે તો એના રમતીઆળ સ્વભાવને લીધે સરળતાથી પાળી શકાય છે.

* A. A. Dunbar Brander—Wild Animals of Central India; F. W. Champion—The Jungle in Sunlight and Shadow.

## ના'ર

સાતના'રી? એ સાતના'રીનું નામ સાંભળીને તો ભલભલાના હાંજા ગગડી જાય. સીમાડે એનો પગરવ સંભળાય તો તાકાત છે કોઇની કે એકલદોકલ વગડે નીકળે? એનો માત્ર પરસેવો મેં'કે ત્યાં ગાભણી હરણીના ગાભ છૂટી જાય! એવો એનો બુમાટો. એની ભયંકર સંહારવૃત્તિ આગળ તો વાઘનાં તેજ પણ ઝાંખાં પડે. ના'ર, ભૂખ્યું કે ધરાએલું—ગમે ત્યારે, જ્યાં જાય ત્યાં, બસ સંહાર, સંહાર ને સંહાર જ. એ હિંસ્ર (carnivora) વર્ગ–અંતર્ગત કુતરાના (canidœ) વંશનું, પણ દેખાવે કુતરાથી જુદું પડી જતું ને વરૂના જેવું લાગતું પ્રાણી છે. (નહાર કે ના'ર: એ કાઠિયાવાડમાં ક્વચિત્ 'વરૂ' ને મધ્ય પ્રાંતોમાં 'વાઘ'ના નામે ઓળખાય છે.) અંગ્રેજીમાં: Wild Dog, Red Dog. વૈજ્ઞાનિક સંજ્ઞા: Cyon Dukhunensis. શરીરે શિયાળથી મોટું ને વરૂથી નાનું, આશરે વારેક લાંબું. પૂંછડી એકાદ ફૂટની. રંગ લાલ—ચળકતા કાટ જેવો. એથી હિન્દીમાં એને सोन कुत्ता કહે છે. ગુજરાતમાં એ પાટણવાડા અને ચુંવાળના કેટલાક ભાગમાં જોવામાં આવે છે. વળી જ્યાં જંગલ કે ઝાડી હોય છે ત્યાં પણ એ નજરે પડે છે.

હિંસ્ર પ્રાણીઓમાં ના'રનો સ્વભાવ વિશિષ્ટ છે. દિવસ ને રાત એ ભમે અને જેની પૂંઠ પકડી તેને પૂરૂં કર્યે જ છૂટકો કરે. એનો ઉત્સાહ અદમ્ય અને નીડરતા અજોડ છે. દીપડા અને ચિત્તાનો તો એના મનથી હિસાબ નહિ. ક્વચિત્ વાઘને પણ હેરાન કરે. સામાન્ય રીતે તો એ માણસને સતાવતું નથી. એનાથી બ્હીએ. પણ જો ભૂખ્યું હોય તો માણસ પર પણ હુમલો કરે. (એક માણસ ત્રણચાર કલાક સુધી ના'રના પાપે થુવરની વાડ પર બેસી રહેલો, એ પ્રસંગ મને યાદ છે!) પણ એનો મુખ્ય શિકાર તો હરણ ને સાબર. આ જાતનાં પ્રાણીઓ પ્રત્યેની ના'રની ક્રૂરતા અને વિનાશકવૃત્તિ ભયંકર ને કંપાવનારી હોય છે. ના'ર સાધારણ રીતે ટોળે વળી ફરે છે. છ થી વીસ બાવીસ સુધી ભેગાં મળી એ ભટકે છે. એની આ ટેવથી જ 'સાતના'રી' કે 'નવના'રી'વાળી કહેવત પ્રચલિત થઇ છે. એની શિકાર કરવાની રીત અપૂર્વ છે. કોઇ ઠેકાણે હરણ દેખાય કે તરત ના'રની આખી

ટોળીના ભાગલા પડે અને જે રસ્તે હરણને લઇ જવું હોય તે આખા રસ્તે બબ્બે ત્રણત્રણના જોડકે અંતરે-અંતરે ગોઠવાઇ જાય. પછી પહેલી ટોળી હરણની પાછળ પડે. પણ હરણ પવનવેગી હોવાથી શરૂઆતમાં તો એ ટોળી એને પકડી શકે નહિ. એટલે જેવાં એ ના'ર થાકવા માંડે કે વચ્ચેથી બીજી ટોળી હરણની પૂંઠ લે. આમ હરણ દોડ્યું જાય અને વચ્ચેવચ્ચે ના'રની નવીનવી ટોળી પાછળ પડતી જાય. હરણ એક અને એની પાછળ દોડનારા તાજા, એટલે પરિણામે હરણ હારે ને ના'ર એને ફાડી ખાય. આ રીતે હમેશાં શિકાર કરવાનું આવશ્યક નથી હોતું, છતાં ક્રૂર સ્વભાવને લીધે ના'ર આમ રીબાવીરીબાવી મારે છે. વળી એની હિંસ્ર-વૃત્તિ ભક્ષ્યોપાદાન પૂરતી જ નથી હોતી. વખતે કેવળ મારવાની ખાતર પણ એ મારે! વાઘ ને સિંહથી જુદા જ સ્વભાવવાળી એની આ વિનાશપ્રવૃત્તિને લીધે શિકારી-વર્ગ એને ભાળે ત્યાં હણે છે. સ્વભાવે બહુ રમતી-આળ. એનાં બચ્ચાં કુરકુરિયાં પેઠે પાળી શકાય.

## ઝરખ

તમે કદી ઝરખ જોયું છે? ન જોયું હોય તો વાંધો નહિ. એ પ્રિયદર્શન નથી. એની અસંબદ્ધ શરીરરચના,હીન વ્યક્તિત્વ અને આંખોની મરણોન્મુખી નિસ્તેજતા જોયા પછી વિસરવી કઠણ છે. ચતુષ્પાદ ને સ્તનપાયી (mammals) પશુઓનો એ 'ભંગી' ગણાય છે;–જેમ પક્ષીઓમાં ગીધ અને કીટાદિ (Insects) માં કીડી. એને બધું યે ખપે. પ્રાકૃતિક કે અકાલ મૃત પશુદેહ જેમ વધુ કહોવાએલો હોય એમ એ વધુ સ્વાદથી ખાય. કહોવાતાં હાડકાં એને મન પકવાન્ન. વાઘનું છાંડેલું યે એ ખાય. અને આવો 'એઠવાડ' કે 'ઊકરડો' ન મળે ત્યારે કૂતરાં, બકરાં, ઘેટાં ને વખતે વાછડું કે પાડું પણ જાતે મારી ખાય. ભંગીનું કામ કરે એટલે હિંસ્રાદિ પશુઓમાં એ 'અ-સ્પૃશ્ય' 'અધમાધમ' ગણાય. કેવળ એકચર અને નૈશ-વૃત્તિવાળું જન્મભીરૂ. સિંહ, વાઘ કે ચિત્તાની શારીરિક દર્શનીયતા કે સ્વભાવનું ગૌરવ એનામાં નથી. એનો દેખાવ? બાપ રે! હિંસ્ર વંશ (carnivora)નો એ પશુ. અંગ્રેજીમાં એને Hyæna કે Striped Hyæna કહે છે. એની વૈજ્ઞાનિક ફઈબાએ પાડેલું નામ Hyæna Striata. સંસ્કૃત સાહિત્યમાં तरक्षु (તરસ)



અને ગુજરાતમાં 'ઝરખ' નામે એ ઓળખાય છે. ઝરખ-નો અંતર્વંશ આફ્રિકામાં વસતા ઝરખના અંતર્વંશથી ભિન્ન છે. વ્યાઘ્રાદિ (Felis)થી ઊતરતો ને વનીઅર (civet)નો એ કૌટુમ્બિક. બધા યે હિંસ્ર પશુઓથી એ જુદો પડે એના પગને લીધે;—એના ચારે પગે માત્ર ચારચાર આંગળાં જ હોય છે: બીજાઓને આગલા પગે ક્વચિત્ પાંચ તથા પાછલા પગે ક્વચિત્ પાંચ ને ક્વચિત્ ચાર આંગળાં હોય છે. બાંધો દેખાવમાં કૂતરા જેવો, પણ બેડોળ: આગલા પગ ઊંચા, પાછળ-ના ટૂંકા! શરીરનો રંગ ભુખરો. પીઠ ઉપર કાળાશ પડતા કે બદામી પટા. ઊંચાઇમાં ખોલકા જેવડો. કાન પણ એના કાનને મળતા. બિલાડીના જેવી લાંબી મૂછો: પણ પગના નહોર વાઘ કે બિલાડીની પેઠે ખેંચી લઇ શકે નહિ. પૂંછડી ટૂંકી. ગરદનથી પીઠ સુધી ટૂંકી વાળ. એનાં જડબાં એટલાં તો મજબૂત કે ભેંસ જેવાનાં હાડકાં પણ દાઢથી ચાવી ખાય. માણસથી ડરે, પણ ક્વચિત્ વીઆએલી માદા ચીડાઇ હોય તો હિંમતથી માણસ પર પણ આવે. (તારંગા પાસે ઝરખના ઝપાટા-માં આવેલો એક રબારી મને મળ્યો હતો—દયાજનક દશામાં.) ગુજરાતમાં એ સુદાસણા, તારંગા, વરેહા વગેરે સ્થળે જોવામાં આવે છે. એની ચરબી સાંધાના દુખાવા પર રામબાણ ઇલાજ ગણાય છે.

જંગલમાં ફરનારા કહે છે કે કોઇપણ જગ્યાએ કુદરતી મોતે મરેલું એક પણ પ્રાણી નજરે પડતું નથી. શું કોઇ મરતું જ નહિ હોય? કે પછી પેલી દંતકથાવાળા હાથીઓની પેઠે પ્રત્યેક પ્રાણીને મરવા માટે કોઇ ગુપ્ત—મનુષ્યને અગોચર એવું—સ્થાન હશે? કદાચ પ્રકૃતિની મ્યુનિસિપાલિટીનો સદૈવ તત્પર 'ભંગી-સમાજ' આવા કોયડાનો ઉકેલ હોય. પશુઓ મરે ત્યારે ઝરખ સાફ કરે: એની મદદમાં પક્ષીઓ પર નજર રાખનાર ગૃધ્રવંશ, ને એ બેની મદદમાં કીડી. એ

ત્રણેની પરહિતપરાયણૈક વૃત્તિને લીધે સમગ્ર મનુષ્યાદિ પ્રાણીવર્ગના સ્વાસ્થ્યની રક્ષા થાય છે. એમના અસ્તિત્વ પર પ્રાણીજગતનું અસ્તિત્વ નિર્ભર છે. પણ એનો નતીજો? ઝરખ પશુઓમાં અધમ, પક્ષીઓમાં ચાંડાલસ્થાન ગૃધ્રનું, ને કાડી પગે ચંપાય! ભલા ભગવાન! આજ કંઇ ભલાની દુનીઆ છે?

**'વનેચર'**



'શ્રમવિરામ'-વલ્લભદાસ ખટાઉ (મુંબાઇ) પહેલું ઇનામ


# ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ માસમાં આવેલાં ચિત્રોમાંથી ભાઇ વલ્લભદાસ ખટાઉ (મુંબાઇ)ના **'શ્રમવિરામ'** ચિત્રને પહેલું ઇનામ મળે છે. આવા સાદા વિષયને આ નામ ઉપાધિ રૂપ લાગે છે. છુટેલાં ગાડાંની નીચે વિસામો લેતો ગાડાવાળો અને ઝાડે બાંધેલા બળદો આરામનો સચોટ ખ્યાલ આપે છે. ભાઈ પ્રાણલાલ પટેલનું 'ત્રિપુટી' ચિત્ર બીજું ઇનામ જીતે છે. વાંદરાંના પુંછડાંનો ચિત્ર-જગ્યામાં સમાવેશ નહિ કરીને તે ભાઇએ મુખ્ય અંગની વિશિષ્ટતા જતી કરી છે. વાંદરાના શરીર ઉપરની રુવાંટી સુંદર રજુ થઈ છે. ત્રીજા ઇનામને પાત્ર ઠરેલા ભાઇ રામપ્રસાદ વ્યાસ (અમદાવાદ)ના 'પ્રવેશ'માં ગાડાની પાછળ તેમજ બાજુમાં પગે ચાલનારો ચિત્રમાં આવેલો હોવાથી ચિત્ર-વસ્તુના એકીકરણ (Concentration of Object)માં ખામી આવે છે. પીઠ પાછળથી આવતા સૂર્યપ્રકાશની અસરને લીધે દરેક આકાર તેજરેખાથી ઉપડી આવે છે; પણ આવું અનુકરણ એટલા મોટા પ્રમાણમાં થાય છે કે વિશિષ્ટતાથી આગળપડતું ચિત્ર ભાગ્યેજ કોઇ કરી શકે. ભાઇ ગિરધરલાલ ગાંધીની 'દેલવાડાના દહેરા'ની થાંભલીમાં જૈન શિલ્પકળાનો નમૂનો સંઘરાયો છે. સારી ફોટોગ્રાફી સિવાય તેમાં બીજો ચિત્રગુણ નથી.

નાનાનાના પદાર્થો, શાકભાજી, રમકડાં અને બીજી રોજની વપરાશની જડ ચીજો સુયોગ્યરીતે ગોઠવીને અચલ ફોટોગ્રાફીના નમૂના ઉપજાવી શકાય છે. આ કળાના આરંભકો ઘરમાં ને ઘરમાં આવા અખતરાઓથી સંયોજનકલાના પાઠ શીખી શકે. એ દૃષ્ટિએ આ માસની હરીફાઇમાં ઉત્તેજન પારિતોષિક મેળવનાર ભાઇ ત્ર્યંબક પટેલ (વાંકાનેર)નું 'તુરિયાં' અને ભાઈ હિંમતરામ મહેતા (કરાંચી)નું 'દોડ' ધ્યાન ખેંચે તેવાં ફોટોચિત્રો ગણાય. 'તુરિયાં'માં કાચની રકાબીને સ્થાને દેશી કાંઠાવાળી થાળી અગર છીબું વપરાવું જોઇએ. 'તુરિયાં'ની ગોઠવણ અને ફોટોગ્રાફી સારી છે, પણ આ વિષયની પુનરાવૃત્તિ બહુ થવા લાગી છે: એટલે હવે વિષયાંતર થવું જોઇએ. 'દોડ' ચિત્રમાં રમકડાંથી પાત્રરચના કરવાનો સારો પ્રયાસ થયો છે, પણ ફોટોગ્રાફી નિષ્ફળ ગઈ છે.

**બલવન્ત ભટ્ટ**









ઉપર: 'ત્રિપુટી' –પ્રાણલાલ પટેલ (અમદાવાદ) બીજું ઈનામ; નીચે ડાબી બાજુ: 'પ્રવેશ'–રામપ્રસાદ વ્યાસ (અમદાવાદ) ત્રીજું ઈનામ; જમણી બાજુ મથાળેથી:' દેલવાડાના દહેરાની થાંભલી'–ગિરધરલાલ ગાંધી (અમદાવાદ); 'તુરિયાં' ત્ર્યંબક પટેલ (વાંકાનેર) ઉત્તેજના ઈનામ.

## અખાડો . . . (અનુસંધાન પૃ. ૩૯૯થી)

છે. બધાની પાછળ ધ્યેય સ્વાસ્થ્ય–શક્તિ–સૌન્દર્યને સાધવાનું છે. ઇતરને માટે આ ક્ષેત્ર નથી.

**પ્રશ્નો**

(૧) દંડ અને બેઠક કેટલાં કરવાં? અતિશય કરવાથી વધુ ફાયદો થાય ખરો કે? કરવાં તો કટકેકટકે કે એકસામટાં કરવાં?

(૨) કસરત કર્યા બાદ કેટલા વખત પછી નહાવું?

(૩) 'પ્રાણાયામ' વિષે આપનો અભિપ્રાય શો છે?

(૪) 'વ્યાયામ'ને લગતાં પુસ્તકો ક્યાં મળશે? અગર 'વ્યાયામ'ને લગતું કોઇ પત્ર નીકળે છે ખરું કે?

(૫) ટૂંકમાં વ્યાયામશાળાને લગતી બધી જ માહિતી આપી આભારી કરશો. (મંગળદાસ ર. ચોખાવાળા મઢી)

**ઉત્તર**

(૧) એક જ પ્રકારનાં દંડ અને બેઠક કરવાથી અમુક હદ સુધી તો શરીરની ખીલવણી થાય છે, પણ તે હદ વટાવ્યા પછી દંડબેઠકની કિંમત ખીલવણીની દૃષ્ટિએ ગૌણ બને છે અને પ્રધાનતયા એની અસર સહનશીલતા–endurance–કેળવવા પૂરતી જ રહે છે; અર્થાત્ સ્નાયુઓનો સંપૂર્ણ વિકાસ ન થતાં એમને પૂરેપૂરા કસવા પૂરતી આ બંનેની અસર દેખાય છે. એક દૃષ્ટાંત લઇએ. એક માણસ જમીન ઉપરથી એક શેરનું કાટલું એક હાથ અદ્ધર ઉપાડીને જમીન ઉપર પાછું મૂકે છે. ધારો કે આવી રીતે વધારેમાં વધારે ૧૦૦૦ વખત કાટલાને ઉપાડીને મૂકવાની એનામાં તાકાત છે. શરૂઆતમાં તો એ સહેલાઇથી આમ કરી શકે, પણ જેમ સમય જાય તેમ એ થાકવા માંડે અને ૧૦૦૦ પૂરા કરતાં ખૂબ થાકી જાય. આ રીતે દેખીતી રીતે પૂરેપૂરૂં ૧૦૦૦ શેર વજન એણે અમુક મિનિટમાં જમીનથી એક હાથ ઉંચક્યું. તેથી જો ૧૦૦૦ શેર (૨૫ મણ)નો એક દાગીનો માત્ર એક જ વખત જમીન ઉપરથી એક હાથ ઊંચો કરવાનું એ જ માણસને કહેવામાં આવે તો તેણે તે ઉંચકવો જોઇએ. પણ એ ઉંચકી શકશે? નહિ જ. ઉંચકવાનું તો રહ્યું, પણ એને હલાવવા જેટલી તાકાત પણ એનામાં નહિ હોય. આનું કારણ? જ્યારે પહેલા પ્રયોગમાં એક જ શેર વજન હજાર વખત ઉંચકવામાં શરીરની શક્તિનો ધીમેધીમે ક્રમેક્રમે ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે બીજા પ્રયોગમાં આખા શરીરની એકત્રિત શક્તિનો એક જ ક્ષણમાં ઉપયોગ કરવાનો છે. અર્થાત્ પહેલામાં પ્રત્યેક ક્ષણ પૂરતું સ્નાયુઓનું contraction અલ્પપરિમાણ resistanceથી થતું હતું, ત્યારે બીજામાં એ જ સ્નાયુઓનું એક જ ક્ષણનું contraction બૃહત્તમ પરિમાણ resistance સામે હતું. એટલે પહેલીને આપણે fatigue–થાક ઉત્પન્ન કરનાર ક્રિયા તરીકે ઓળખાવીએ તો બીજીને strength–બળ ઉત્પાદક કર્મ કહી શકીએ. જોકે બંને ક્રિયામાં બળ -strength અર્થાત્ સ્નાયુની કાર્યક્ષમતા તો છે જ; પણ ભિન્નભિન્ન પ્રમાણમાં. એથી જો શ્રમસહતા –થાક endurance: એટલે 'અમુક પ્રમાણની શક્તિનો થોડેથોડે અંશે દીર્ઘકાળે હ્રાસ' એમ કહેવાય, તો 'બળ'–strength: એટલે 'એટલા જ પ્રમાણની શક્તિને અલ્પતમ કાળમાં એકસામટી ખરચવી' એમ સમજાવી શકાય. આટલો પ્રાથમિક ભેદ ધ્યાનમાં લેવાથી મેં શરૂઆતમાં જે કહ્યું છે તેનો અર્થ સમજાશે. એક જ જાતનો વ્યાયામ જ્યારે વારંવાર એક જ પ્રકારે કરવામાં આવે ત્યારે અમુક હદ પછી એની બલોત્પાદકતા બંધ થાય છે અને શ્રમોત્પાદક ક્રિયામાં એનો વિનિમય કરાય છે. આ દૃષ્ટિએ જોતાં દંડ અને બેઠકમાં વિશિષ્ટ 'હદ'થી આગળ જવામાં માત્ર endurance–કાર્યક્ષમતાનું તત્ત્વ જ બાકી રહે છે અને બલોત્પાદકતા ગૌણ થાય છે.

પણ આ 'હદ' નક્કી કરવામાં પ્રત્યેક વ્યક્તિ માટે એક જ ધોરણ ન હોઇ શકે. કારણ 'બળ' અગર 'શ્રમસહિષ્ણુતા' એ માણસની કાયાની રચના, આહારવ્યવહાર, ઉમર, નિવાસક્ષેત્ર વગેરે અનેક બાબતો પર આધાર રાખે છે. એટલે પ્રત્યેક વ્યક્તિને સ્નાયુઓને ઘનીભૂત કરવામાં કેટલાં દંડબેઠકની આવશ્યકતા છે એનો નિર્ણય તો એ વ્યક્તિની પરિસ્થિતિનો વિચાર કરીને જ કહી શકાય. જેમ માણસે—એની પાચનશક્તિ, ઉમર, ભોજનની વસ્તુઓ, જીવનપ્રણાલિકા વગેરે જાણ્યા સિવાય—દરરોજ આટલા શેર ખોરાક લેવો એમ કહેવું હાસ્યાસ્પદ છે તેમ આટલો વ્યાયામ કરવો એમ બાંધાભારે કહેવું એ નિરર્થક છે.

દંડ, બેઠક અને મલખમ એ વ્યાયામત્રયી પ્રત્યેક કુસ્તી કરનારે કરવાં જ જોઇએ એવી પ્રાચીન પ્રણાલિકા છે. અને કુસ્તીમાં જોકે બળની આવશ્યકતા છે જ, પણ વિશારદોના મતે તો બળથી યે વધુ પ્રમાણમાં ચાપલ્ય અને શ્રમસહતાની આવશ્યકતા છે. મલખમ

જેવું ચપળતા—'સ્ફૂર્તિ' કેળવવાનું જેમ અન્ય કોઇ સાધન નથી તેવી જ રીતે સહનશીલતા કેળવવામાં દંડબેઠક અજોડ છે. તેથીજ આપણે ૨૦૦૦ દંડ, ૫૦૦૦ બેઠક વગેરે કરાવનારી સંખ્યાની વાતો સાંભળીએ છીએ.

શરીરનાં અંગોનાં વિવિધ પ્રકારનાં સંચાલન જે સ્નાયુસમૂહથી થાય છે તે બધા જ સ્નાયુઓને એકીવખતે કેળવવાનો એક જ જાતનો વ્યાયામ હજુ સુધી શોધી શકાયો નથી; કારણ સમગ્ર શરીરની એવી કોઇપણ ક્રિયા નથી કે જે એકને જ કરવાથી બધા યે સ્નાયુઓનું એકીવખતે એકસરખું સંચાલન થઇ શકે. અર્થાત્ પ્રત્યેક સ્નાયુદ્વય (શરીરના voluntary muscles બધા જોડકે જ હોય છે) ને શ્રમ આપવા વિશિષ્ટ રીતે અંગ-સંચાલન કરવું પડે. એટલે એક જ જાતનાં દંડબેઠકથી આખું શરીર–સમગ્ર અંગો—એકધારું કેળવાય, એ બેહુદી વાત છે અને એથી જ પ્રાચીનોએ શરીરના સ્નાયુઓના હલનચલનના સૂક્ષ્મ અવલોકનથી, દંડ બેઠકની પણ વિવિધ પદ્ધતિઓ શોધી કાઢી છે. તેથી જેને માત્ર દંડબેઠકથી શરીર કેળવવું છે—શરીરની સુંદર ખીલવણી પ્રાપ્ત કરવી છે તેનો તો (ભલે અસંખ્ય વખત કરે તોપણ) એક જ પ્રકારનાં દંડબેઠકથી અર્થ સરવાનો નથી. એને તો વિવિધ પ્રકારના દંડબેઠક અનુકૂળ રીતે કર્યે જ છૂટકો. પણ જેને શરીરની સુંદર રચનાની પડી નથી, પણ માત્ર કુસ્તીના વ્યવસાય પૂરતું જ શરીરને શ્રમસહ કરવું છે, અગર કેવળ દંડબેઠકની અમુક સંખ્યાએ પહોંચવાની તાલાવેલી છે તેને આપણાં ચાલુ દંડબેઠક ચાહ્ય તેટલાં કરવાની છૂટ છે.

(૨) પ્રાચીન રીતિ અનુસાર તો વ્યાયામ—અર્થાત્ દંડબેઠક, મલખમ અને કુસ્તી—કર્યા પછી નહાવું ન જોઇએ: શરીર પરસેવાને લીધે માટીમાં રગદોળાએલું હોય છતાં પરસેવો સુકાયા બાદ તેને ચોળીને માટી ખંખેરી નાખવી પણ નહાવું નહિ એવી માન્યતા પ્રવર્તે છે. પરંતુ સશક્ત માણસને વ્યાયામ કરીને શ્વાસોચ્છ્વાસ પાછા નિયમિત થાય ત્યારે નહાવામાં કશી હાનિ નથી. માત્ર આ પ્રકારના સ્નાન વખતે ખૂબ ઉલળવું નહિ. પાણી ગરમ હોવું જોઇએ કે ટાઢું એ નહાનારની પ્રકૃતિ પર અવલંબે છે. જોકે ટાઢું પાણી વધારે ગુણકર્તા છે એમ એક પક્ષ માને છે. વળી હાલની નવીન વ્યાયામ-પ્રણાલિકા અને મેદાની રમતોના વ્યાયામશાસ્ત્રમાં તો, પરસેવો હોય ત્યારે જ ઠંડા પાણીના **shower bath** (ફૂવારા) નીચે એક ક્ષણ પૂરતા ઊભા રહી, તરત કપડાથી શરીરને આચ્છાદિત કરીને પાણી શોષાઇ જાય એટલે હાથથી આખા શરીરને મસળીને માલિશ કરવાની સલાહ અપાય છે. આથી શરીરમાં રક્તનો સંચાર થઇ નવીન સ્ફૂર્તિ આવે છે. જેમ તપાવેલા લોઢાને ટાઢા પાણીમાં બોળવાથી એના પરમાણુઓ અત્યંત નિકટ આશ્લેષ પામે છે અને તેથી એ ધાતુની કઠિનતા વધે છે, તેવી જ રીતે વ્યાયામથી ગરમ થએલા સ્નાયુઓના રેસા ટાઢા પાણીના સંસ્પર્શથી ઘનીભૂત થઇ આખો સ્નાયુ બલવાન થાય છે. આવી માન્યતા આપણે ત્યાં પણ પ્રવર્તે છે ખરી. હું જ્યારે આડબેતર (**cross country**) દોડવાનો અભ્યાસ કરતો હતો ત્યારે આવી જ સલાહ રસ્તે જતા એક અભણ પણ અનુભવી વાઘરીએ મને આપી હતી તે પરથી એ હું જાણું છું.

(૩) જેઓ પ્રાણાયામની મહત્તા—કેવળ આવશ્યકતા પણ—સ્વીકારે છે તે બધા સામાન્યરીતે 'યોગ'-માં શ્રદ્ધા ધરાવનારા હોય છે. યોગપ્રક્રિયાના અત્યંત આવશ્યક અંગ તરીકે પ્રાણાયામની ગણના કરીને એનું યોગબાહ્ય મહત્ત્વ પ્રાચીનોએ સ્વીકાર્યું નથી. અર્થાત્ યોગનાં આસન પ્રાણાયામને આચરનારા આ સાધનોનો શરીરના કેવળ વ્યાયામની દૃષ્ટિએ વિચાર કરતા નથી; એટલે યોગની દૃષ્ટિએ આ પ્રશ્નનો વિચાર આ વિભાગમાં અસ્થાને છે.

પરંતુ હમણાંહમણાં યોગના આ વિશિષ્ટ અંગથી શરીરને કેળવવાની હિમાયત કેટલેક સ્થળે થઇ રહી છે, તેટલા પૂરતું વ્યાયામના ક્ષેત્રમાં તેનું સ્થાન ગણાય. આ દૃષ્ટિએ પ્રાણાયામ ફેફસાં કેળવવાનું સર્વોત્કૃષ્ટ સાધન છે, એટલું જ નહિ પણ અસ્વાભાવિક શ્રમ વખતે પણ રક્તશોધક હોવા ઉપરાંત નિયમિત શ્વાસોચ્છ્વાસની અજોડ પ્રક્રિયા છે. દીર્ઘ કાળના અભ્યાસથી પ્રાણાયામ શ્વાસની ગતિ પર અપૂર્વ સ્વામિત્વ આપે છે. એટલે કોઇપણ પ્રકારના વ્યાયામમાં પ્રાણાયામનું અત્યંત મહત્ત્વનું સ્થાન હોવું જોઇએ.

અહીં એક વાત કહેવી જરૂરની છે. સામાન્યરીતે શરીરની નિશ્ચલ અને કંઇક અંશે શિથિલ સ્થિતિમાં પ્રાણાયામનો અભ્યાસ કરવાની પદ્ધતિ છે, પરંતુ વ્યાયામની દૃષ્ટિએ દીર્ઘ એટલે પુષ્કળ ઑક્સિજનવાળો

શ્વાસ તો કંઈક શ્રમ કરાતો હોય તે પ્રસંગે કરવો ઇષ્ટ છે એમ મારું માનવું છે; કેમકે શરીર જેમ વધારે શ્રમ કરતું હોય તેમ લોહીની ગતિ વધે ને તેટલે અંશે એની શુદ્ધિ કરવાને ફેફસાંને વધારે પ્રમાણમાં ઑક્સિજન ખેંચવો પડે. એટલે જ દીર્ઘ શ્વાસોચ્છ્વાસ આવા પ્રસંગે વધુ પ્રમાણમાં ફલદાતા નીવડે. છતાં ચાલતાં, ફરતાં કે દોડતાં, સૂતાં, ઊઠતાં કે બેસતાં પ્રાણાયામનો વિધિ ઉપકારક છે એ તો નિર્વિવાદ છે.

(૪) આનો શો જવાબ આપવો ? 'વ્યાયામ' એ અનેકદેશીય પ્રવૃત્તિ છે. એના કયા અંગનું સાહિત્ય વા સામયિક પત્ર જાણવું છે એની ખબર ન પડે ત્યાંસુધી ઉત્તર આપવો અશક્ય છે.

(૫)'ટૂંક'માં 'બધી જ માહિતી' આપવી એટલે વ્યાયામશાસ્ત્રનો મહાભારત ગ્રંથ લખવો ! પણ જો હું વ્યાયામમન્દિરનો સર્વતંત્રસ્વતંત્ર સંચાલક હોઉં તો આટલું તો જરૂર કરું:

૧ વ્યાયામ કરવા આવનારને પ્રથમ તો સંપૂર્ણ વિકાસ પામેલા સુંદર મનુષ્યદેહની આવશ્યકતાનું પૂરેપૂરું ભાન કરાવું.

૨ શરીરની કાઠી ઉપર ધ્યાન રાખી ૧૪થી ૧૬ વર્ષની નીચેની ઉમરના માટે શરીરવિકાસને બાજુએ રાખી પુષ્કળ રમતો—જેમાં દોડવાનું, કૂદવાનું વગેરે હોય—રાખું. આમાં લાઠી, લકડી, કવાયત, મેદાની રમતો, હળવાં જિમ્નૅસ્ટિક્સ વગેરેનો સમાવેશ કરી શકાય.

૩ સોળ વર્ષથી ઉપરની ઉમર માટે શરીરવિકાસ અને બલોત્પાદક વ્યાયામપદ્ધતિ મુખ્ય વિષય;–શરૂઆતમાં લગામ રાખીને. એના આનુષંગિક અંગ તરીકે, સ્વરક્ષણ અર્થે બૉક્સિંગ અને જ્યુજીત્સુ ફરજિયાત શીખવાડું. કુસ્તી શીખવી હોય તો તેનું પણ સ્થાન રહે.

૪ અને hiking (વનયાત્રા) તથા camping તો દર અઠવાડિયે ફરજિયાત. એના સિવાય વ્યાયામમન્દિરને પક્ષઘાત થયો ગણાય. પછી બીજું બધું.

## આ અંકમાંની ચિત્રપ્લેટ

નારીજગતને શોભા રૂપ એવાં શ્રીમતી રતી ડી. પિટિટની, આ અંકની અંદરની ચિત્રપ્લેટમાં રજુ થએલી છબી જ તેમના કલારસિક આત્માનું પિછાન આપવા પૂરતી નથી ? મુંબાઇના જાણીતા શ્રીમંત પારસી કુટુંબમાં જન્મ લઇ આ બહેને પોતાની નાનપણની લગભગ બધી જ કેળવણી ઇંગ્લંડમાં લીધી હતી. તેથી જ તેમને રૂપરંગ અને હાવભાવની કલાઓ સુસાધ્ય બની. તેમણે ચિત્રકામમાં બચપણથી જ વિશેષ શોખ પ્રકટ કર્યો હતો અને મુંબાઇ આવતાં સર જે. જે. સ્કુલ ઑફ આર્ટમાં દાખલ થઈ તેની છેવટની ડિપ્લોમા મેળવી. અજબ જેવું તો એ છે કે યુરોપની છાયામાં કેળવાએલું એમનું માનસ હિંદી કલા અને હિંદી સ્વરૂપો પર આફરીન છે.

ચિત્રકલા સાથે જ તેમણે ફોટોગ્રાફીની નવી કલાને સંપૂર્ણપણે અપનાવી લીધી છે અને મુંબાઈના ઍમૅચ્યોર ફોટો કલાકારોમાં તે અગત્યનું સ્થાન પામ્યાં છે, એટલું જ નહિ પરંતુ દુનિયાનાં ફોટોપ્રદર્શનોમાં ભાગ લઈ નામના મેળવી હમણાં જ તે ગ્રેટબ્રિટનની રૉયલ ફોટોગ્રાફિક સોસાએટીનાં અન્તર્ગત સભ્ય (associate) બન્યાં છે, અને તેને અંગે A.R.P.S.ની ડિગ્રી ધરાવે છે. આ ડિગ્રી ફોટોગ્રાફીની કલામાં ખાસ વિશિષ્ટતાની ધરાવનારને જ મળે છે.

આ બે કલાઓ સાથે તેમણે નૃત્યકલામાં પણ શ્રેષ્ઠપદ મેળવ્યું છે અને હમણાં જ મુંબાઇની ઍમૅચ્યોર્સ ડ્રામૅટિક કૉન્સર્ટ તરફથી ભજવાએલા The Queen of Hearts (લાલની રાણી)માં સોલોઈસ્ટના પાત્ર તરીકે સરસ કામ બતાવેલું. હિંદી નૃત્યકલામાં પણ તેમણે ઉપાસના વધારી છે.

તેમની કારકિર્દીના કલશ રૂપ કથા તો એ છે કે તેમના જ સમા એક કલાપ્રેમી યુવાન બૅરિસ્ટર ભાઇ કાર્લ ખંડાલાવાળા સાથે ૧૯૩૪ના એપ્રિલ માસમાં તે અદરાયાં. આ યુવાન દંપતીના પરસ્પરના જીવનમાં કલાની ગ્રંથી કેવો અનેરો ભાગ પામી છે, એ ભાઈ કાર્લ ખંડાલાવાળા તથા તેમની કલાનો વિશેષ પરિચય આવતા અંકોમાં કરીશું ત્યારે જાણીશું.

ભગવાન બુદ્ધે જાતે કહેલી અને જગતની પ્રાચીનતમ વાર્તાઓમાંની એક: જે બોધે છે કે

# વેરીને પણ ચાહવા

[મોટેરાંઓને પણ વાંચવી ગમે એવી બાળવિભાગની વાર્તા]

[ નવલિકા લેખે આ દૃષ્ટાંત છેક સામાન્ય ગણાય, પણ એનું મૂલ્ય ઐતિહાસિક છે; કેમ કે ગૌતમ બુદ્ધે જાતે કહેલા જે બહુ થોડા દૃષ્ટાંત આજ લગી ઊતરી આવેલા લગભગ ખાતરીથી કહી શકાય તેમાંનો એક આ. એટલે આનાથી પણ પ્રાચીન દૃષ્ટાંતો જોવા જઇએ, તો જૂનામાં જૂનાં ઉપનિષદોમાં જે થોડા છે તે જ. આનાં સૌથી જાણીતાં રૂપ બે છે: એક વિનય પિટકમાંનું, બીજું એ પછી નવેસર લખાએલું જાતકમાલામાંનું. અહીં બંને રૂપનો લાભ લઈ, ઘણી વિગત મૂળ પ્રમાણે રાખીને પણ કેટલીક નવી યોજીને આ દૃષ્ટાંત નવેસર લખ્યો છે. હાલના વાચકને પુનરુક્તિઓ વધારે આવતી લાગશે. આપણી પ્રાચીન સાહિત્યશૈલીનું આ લક્ષણ, લેખનવાચન નહિ જ અથવા છેક વિરલ: રાજાજ્ઞાઓ, કાયદા, સાહિત્ય, બોધ, કાવ્ય, પ્રાર્થના, સ્તુતિ, આરતિ, ઇતિહાસ, શાસ્ત્ર, એમ તમામ કર્ણોપકર્ણ જ પ્રસરતાં શીખાતાં અને જળવાતાં તે કાળનું છે. અહીં રાખેલી છે તેથી ઘણી વધારે પુનરુક્તિઓ મૂલમાં છે. ]

કહે છે કે ઘણા પુરાણા કાળમાં બ્રહ્મદત્ત નામે કાશીરાજ હતો. તેનું રાજ્ય વિશાળ હતું. અને તેને લાવ લશ્કર, કોષ ભંડાર, કોઠાર ભોંયરાં, હાથી ઘોડા અને વાહનો, શસ્ત્રાસ્ત્ર બખતર, અને ઢાલ અને જાતજાતની સમૃદ્ધિમાં હીરામોતી અને અગરકસ્તુરીથી માંડીને દાણાદૂણી, માલમલીદા, મધ ઘી તેલ અને પાણી, પથ્થર લક્કડ રેતી અને માટી, કશી ચીજની કમીના નહોતી. તે જ કાળે પાસેના કોસલ દેશના એનાથી મોટી ઉમરના રાજા દીઘીતિને આમાંની ઘણીખરી વસ્તુની અછત હતી. મુલક થોડો, વસતી આછી અને અણઘડ, કોઠાર તીજોરી ખાલી, લશ્કરનું ઠેકાણું નહિ, એમ એની હાલત એકંદરે તંગ હતી.

ગાદીએ આવ્યા પછી થોડી જ મુદતમાં દશેરાનું મુહૂર્ત લઇને બ્રહ્મદત્ત લાવલશ્કર સાથે કોસલ ઉપર ચડી આવ્યો. દીઘીતિ ચિંતામાં પડ્યો. આવા સમર્થ વેરી સામે લડાઇમાં બે કલાક પણ ટકાય એમ હતું નહિ, તો પછી ફોગટ પાંચપંદર હજાર માથાં કપાય અને તેમનાં ગભરૂ બાળબચ્ચાં નોધારાં થઇ જાય, એવી ક્ષત્રિયવટને વળગવું જ શાને વારુ? આટલું લોહી રેડાતાં બ્રહ્મદત્ત કોસલાધિપતિ તો થવાનો, ત્યારે (એણે વિચાર કર્યો જે)'હું જ સમઝીને ખસી ના જાઉં?'

દીઘીતિ માત્ર પોતાની રાણીને સાથે લઇને અલોપ થઇ ગયો અને બ્રહ્મદત્ત વગર લડાઇએ કોસલાધિપતિ થઇને બેઠો. દીઘીતિ જીવતો હશે, ક્યાંક ભરાયો હશે, કંઇક ઘાટ ઘડતો હશે જો, એવું બધું જ જુવાન બ્રહ્મદત્ત વિજયના મદમાં મહિને બે મહિને ભૂલી ગયો.

રાંક વેષે રખડતાં અને ભટકતાં દીઘીતિ અને એની રાણી કાશીનગરીના પરામાં એક કુંભારને ત્યાં જઇને રહ્યાં. રાણીને છઠ્ઠો મહિનો બેસી ગએલો એટલે પ્રસવ થતાં લગી બંનેએ ત્યાં જ રહેવાનું ઠરાવ્યું. એ નીચ લત્તામાં અને એમના બદલેલા વેષમાં કોઇને એમના ઉપર વહેમ જાય એમ હતું નહિ. આખા કાશીમાં એમને ઓળખતો માત્ર એક માણસ હતો, મહારાજા બ્રહ્મદત્તનો પુરોહિત. પણ એ બ્રાહ્મણ દીઘીતિનો ગુરુભાઇ અને બાળમિત્ર હતો, એટલે એના તરફની ધાસ્તી જ નહોતી.

દિવસ જતાં કોસલની રાણીને દોહદ ઊપજ્યું. 'મને મળસ્કે શસ્ત્રાસ્ત્રથી સજ્જ થએલી ચતુરંગ સેના જોવાના કોડ છે, તે દેખાડો, તેને કવાયદ કરતી અને આખરે તરવાર, કટાર, સાંગ, બરછી, ભાલાં, તીર આદિ પોતપોતાનાં હથિયારોને ધોતી અને સાફ કરતી દેખાડો, હજારો હથિયાર બોળાયાં હોય એવા જલાશયમાંથી હું અંજલિ ભરીને પાણી પીઉં.'—એમ તે પતિને કહેવા લાગી. કોસલપતિ ઘણું ય કહે, 'રાણી, રાજપાટ કશું રહ્યું નથી એ તો જાણો છો, અને આવાં ઘેલાં શું કહાડો છો?' દીઘીતિ જેમ વારવા જાય તેમ રાણીના કોડની ગાંઠ વધુ બેસે. આખરે હારીને તે મહારાજાના પુરોહિત કને ગયો અને ગળગળો થઇ ગયો. પુરોહિત પૂછે 'છે શું?' તે કહે, 'રાજપાટ બધું યે ગયું; એક રાણી રહી છે, અને તે પણ રીસાઇ જવાની એવાં માઠાં ચિહ્ન દેખાય છે. દહાડો વાંકો ત્યાં ઉત્સવ આવતો ધારિયે અને નીકળી પડે કાણનો અંજામ.' આ પ્રમાણે તેણે પોતાના બાળસખાને રાણીના વિચિત્ર દોહદની વાત કરી.

પુરોહિત કહે, 'એમાં મુંઝાવ છો શાને? એ ચિહ્ન ભાવિ ઉદયનાં પણ હોય. પરંતુ ગર્ભનું તેજ જોવું

જોઇએ.' દીઘીતિ રાણીને પુરોહિત પાસે લઇ આવ્યો. આઘેથી રાણીને આવતી જોતાં જ પુરોહિત અંજાઇ ગયો, આસનથી ઊભો થઇ ગયો, અને વન્દન કરતો કરતો બોલી ઊઠયો; 'પધારો, પધારો, ભાવિ કોસલેશ્વર પધારો!' અને એણે તો જઇને બ્રહ્મદત્તને જ સમજાવ્યો, જે કાલે એવું નક્ષત્ર બેસે છે અને ગ્રહોની એવી દૃષ્ટિ શરૂ થાય છે કે તેને આરમ્ભે જ ચતુરંગ સેનાની ભાતભાતની કવાયદ આપણા અગડના ચોગાનમાં થવી જોઇએ. મહારાજાએ તરત હુકમ કર્યો અને રાણીએ પોતાના અતિ વહાલા દેખાવ પ્રાતઃકાળથી મધ્યાહ્ન લગી પેટ ભરીને જોયા. આખરે હથિયારો બોળાઇ સાફ થવા લાગ્યાં તેવા જલાશયમાંથી અંજલિ પાણી પણ પીધું, અને એના જીવને શાતા વળી.

પૂરે માસે રાણીને પુત્ર સાંપડયો. તે દિવસે નહિ એટલો રાતે અને રાતે નહિ એટલો દિવસે વધવા લાગ્યો. એવા પુત્રરત્નના મોહમાં ને મોહમાં રાજારાણી કાશીનગરી છોડીને બીજે જવાનું ભૂલી જ ગયાં.

એક દિવસ દીઘીતિ બજારમાં ફરતો હશે ત્યાં આઘેથી એક ચ્હેરો તેની નજરે પડ્યો અને તે વહેમાયો. આ માણસ કોસલનો હશે અને મને ઓળખી કહાડશે તો? તોપણ કાશીમાંથી ખસી જવાનું તો રાજા કે રાણીને રુચ્યું નહિ. તેમણે એટલું જ ડગલું ભર્યું કે પુત્રને પોતાથી અળગો કરી નગર બહાર પણ પાસેના આશ્રમમાં સોંપી દીધો, ત્યાં એ તમામ વિદ્યાકલા ઝડપથી ભણવા લાગ્યો. આશ્રમમાંના બીજા છોકરા એને પૂછે 'અલ્યા તારૂં નામ?' તો એ કહે 'રાજા!' છોકરા કહે, 'કયાંનો રાજા?' આ જવાબ દે, 'તમારો સ્તો વળી? હું રાજા અને તમે સૌ મારા લાવલશ્કરના સુભટો.' વળી છોકરા કહે, '"રાજા" નામ ન હોય.' એટલે આ કહે, 'હવે પાછો માતાપિતા કને જઇશ ત્યારે નામ પૂછી આવીશ.' અને માતપિતાએ એને કહ્યું 'વત્સ, તારૂં નામ દીર્ઘાયુ: ઇશ્વર તને સો વર્ષ પૂરાં જીવાડો!'

દીર્ઘાયુને મૂછ આવી અને વિદ્યાકલા ભણી રહ્યો, ત્યાં એક બનાવ બન્યો. કોસલના રાજમહેલનો જ એક હજામ કાશી આવી ચડયો. તેણે વૃદ્ધ થએલ દીઘીતિને દીઠો અને તેના કાન તળેના લાખા ઉપરથી તેને વહેમ પડયો. ખાતરી કરવાને એ છાનોછૂપો તેની પાછળ પાછળ જવા લાગ્યો, અને એક વાર તેના રહેઠાણમાં રાણીને પણ જોઇ ગયો, એટલે તેને ખાતરી થઇ કે આ બે તો એ જ; ભલેને એમના દીદાર અને હાલહવાલ નાદારીના. મોટા ઇનામની લાલચે તેણે જઇને મહારાજા બ્રહ્મદત્ત આગળ ચાડી ખાધી. અને અધિક પાંસળીવાળી જાત, એટલે સાથે ગાંઠનું પણ ઉમેર્યું: 'હમણાં જ અહીં આવ્યાં લાગે છે; હૈ જાણે આપ સામે કાંઇ હાથચાલાકી અજમાવે, તો હું પણ કોસલનો વતની, તે, માબાપ, માર્યો જાઉં; એટલે એ તો એ જ છે એવી ખાતરી થતાં જ આપને શરણે આવ્યો છું.'

બ્રહ્મદત્તે પાંચ ટુકડી મોકલી, તેમણે કુંભારપરું ઘેરી લઈ રાજારાણીને પકડયાં, અને મહારાજા આગળ અંગેઅંગે જકડીને રજુ કરી દીધાં. પાછલે પહોરે તો મહારાજાએ આખી કાશી નગરીમાં સાદ પડાવ્યો. 'કોસલનો માજી રાજા દીઘીતિ અને તેની રાણી અહીં અમારો ઘાત કરવા આવેલાં તેવી બાતમી અમારા ગુપ્તચરોથી મળતાં અમે તેમને પકડી લીધાં છે. સવારે એમને હાથપગ બાંધી અવળે ગધેડે લાદી આખો દિવસ નગરીમાં ફેરવવામાં આવશે. દરેક ચોકમાં એમનાં કાળાં કર્મોનો ઢંઢેરો પીટવામાં આવશે, અને સમીસાંઝે એમને દક્ષિણ દરવાજા બહાર ધકેલી અમારા જલ્લાદ એમનાં શરીર કાપી નાખી ચારચાર કટકા કરશે ને ચારે દિશામાં ઊસેડી દેશે. રાજદ્રોહીઓના એ જ હાલ!'

આખો દિવસ હજારો લોક એ બે ગધેડાંની આસપાસ ભમ્યાં; અને દરેક ચોકમાં ઢંઢેરો પીટાય તે વખતે અટકચાળાં છોકરાં અને બીજાં એ બીચારા પર પથરા, ઇંટકા, કાદવ, સડેલું માંસ, હાડકાં* આદિ કંઇ કંઇ ફગવે અને હાહાહીહી કરી મૂકે.

દીર્ઘાયુના આશ્રમ લગી યે વાત પહોંચી ગએલી, એટલે કેટલાક સાથીઓ સાથે એ પણ શહેરમાં આવ્યો હતો અને લોકોની ઠઠમાં રહીને માતાપિતાના આ ભૂંડા હાલ જોતો હતો. પહેલો જ ચોક આવતાં એનું લોહી તપી ગયું, અને તે બીજા ચોકમાં શું ને શું સાહસ આદરત; પણ ત્યાં તો વૃદ્ધ દીઘીતિએ એને દીઠો, અને તે મોટે અવાજે, જાણે આકાશને જ કહેતો

* ગૌતમ બુદ્ધના સમયમાં આખો દેશ માંસાહારી હતો: હાલ યુરોપ છે તે કરતાં વધારે.



બીજે ચોક આવતાં તો વૃદ્ધ દીધીતિએ અને દીઠો અને મોટે અવાજે, જાણે આકાશને જ કહેતો હોય તેમ ગભીરપણે બોલ્યા. 'વત્સ દીર્ઘાયુ! વડીલના છેલ્લા બોલ સાંભળજે, ગોખી રાખજે, સમજજે અને પાળજે.'

હોય એમ ગંભીરપણે બોલ્યો:

'વત્સ દીર્ઘાયુ! વડીલના છેલ્લા બોલ સાંભળજે, ગોખી રાખજે, સમજજે, અને પાળજે. હે વત્સ, ચડતીપડતી, સુખદુઃખ, માનાપમાન, કશાની મણા રહી નથી; કોઇને રહેતી નથી. સૌએ પોતપોતાના ગજા પ્રમાણે એ ભોગવવાં જ પડે એવો આ સંસાર છે. એ સર્વ મીઠાકડવા અનુભવને પચવી જે સારરૂપ બોધ હું પામ્યો છું તે તને વારસામાં આપું છું; સાંભળજે, ગોખી રાખજે, સમજજે, પાળજે; તારું ભલું થશે. દીર્ઘાયુ વત્સ, ચિત્તમાં અણીદાર લાગણી પેસી જાય કે આપોઆપ ફૂટે તેને લાંબો કાળ રહેવા દઇશ નહિ. એ તિક્ષ્ણ લાગણી અને તેના ફૂલફળ તમામ તજી દેજે. અને હે વત્સ! ચિત્તમાં મુલાયમ લાગણી આવી પડે કે આપોઆપ ફૂટે તેને રખે ટૂંકા કાળની કરતો; એનાં ફૂલફળને પણ વધાવી લેજે. ટૂંકામાં તારા ભલા માટે આટલું જ કહી જાઉં છું કે ઋષિમુનિઓનો આ પુરાણો શ્લોક ધ્યાનમાં રાખજે—

ના શમે વેર ને ઝેર, ખેડતાં વેરઝેરને:
વેર ને ઝેરની શાન્તિ સાધો નિર્મલ હેતથી.'

બીજા, ત્રીજા અને ચોથા ચોકમાં દીધીતિએ આ વેણ ફરીફરીને આકાશ સામે જોઇને ગંભીર સ્વરે ઉચ્ચાર્યાં. લોક કહેઃ 'અરે, આ તો ગાંડો થયો ને શું? દુઃખનો માર્યો લવરીએ ચડ્યો.' અને બોલી રહે ને તુરત એના ઉપર પથરા વગેરેના વરસાદ વરસવા લાગે. દીધીતિએ કશું જ ગણકાર્યું નહિ. પણ નવજુવાન દીર્ઘાયુથી માતાપિતાની આ અત્યંત દુર્દશા વધારે ખમાઇ નહિ. એટલે તે ત્યાંથી ખસી ગયો ને દક્ષિણના દરવાજા બહાર રાજમાર્ગને લાગેલો એક પારસ પીપળો હતો તેના ઉપર ચડી ને તેમાં લપાઇ રહ્યો. દીર્ઘાયુ આમ દેખાતો બંધ થયો એટલે દીધીતિ પણ બોલતો અટકી ગયો.

સાંઝ પડતાં મહારાજાના સેવકોએ કોસલનાં માજી રાજારાણીને દક્ષિણ દરવાજાની બહાર આણી કાપી નાખ્યાં અને એ બે શરીરના આઠ કટકા હુકમ પ્રમાણે આઠ દિશામાં ઉસેટી દીધા, તે પારસ પીપળામાં છુપાઇ રહેલ દીર્ઘાયુએ જોઇ રાખ્યા.

રાતનો એક પ્રહર જતાં પહેલાં તો એ સ્થળે કોઇ કરતાં કોઇ ન રહ્યું. દીર્ઘાયુ ઝાડ પરથી ઊતર્યો. આઠે કટકા તેણે ભેગા કર્યા; રખડીરવડીને ઝાડોનાં પડેલાં મૂળ થડ અને ડાળખાં વીણી આણીને સીંચ્યાં અને અગ્નિ પ્રગટાવી માતાપિતાની ચિતા સળગાવી. એની

જ્વાલાઓ આખા ઢગલામાંથી ઊંચે ચડવા લાગી એટલે તેણે એ પવિત્ર ચિતાને હાથ જોડીને ત્રણ પ્રદક્ષિણા કરી. તે પછી એ પાછો ઝાડ ઉપર લપાઇને બેઠો.

મહારાજા બ્રહ્મદત્તને ઊંઘ નહોતી આવતી. તે પોતાના મહેલની ઊંચામાં ઊંચી અગાસીમાં આંટાફેરા મારતો હતો. ત્યાં તેણે દક્ષિણ દરવાજા બહાર રાતે ભભૂકતી આ ચિતાની જ્વાળાઓ દીઠી; તેમની હાથ જોડીને પ્રદક્ષિણા ફરતો ઓળો પણ દીઠો. તેણે અનુમાન કર્યું: 'ખરેખર આ કોઇ દીઘીતિનો પુત્ર કે પિત્રાઇ હોવો જોઇએ. મારી પણ શી માઠી દશા ચાલે છે કે સાચી ને પૂરી બાતમી મને મળતી જ નથી!' તરત તેણે એક ટુકડી દોડાવી: 'જાવ, પેલી ચિતાની પ્રાતઃકાલ લગી ખડેપગે ચોકી કરો.'

સિપાહોને ચોકી કરવા ઊભા રહેતા જોતાં જ દીર્ઘાયુ છાનોમાનો નગરીમાં દોડ્યો. અને કાશી જેવી મહાનગરીમાં દારૂની દુકાનોની ખોટ નહિ, એટલે થોડી પળમાં જ પાડા ઉપર મોટી પખાલ ભરીને દારૂ લઇ આવ્યો. પેલી ટુકડી દેખે એમ તે પાડાની રસી ખેંચતો અને લોકડિયાં ગાય એવાં ત્રુટક ગીત લલકારતો ત્યાં આગળથી જવા લાગ્યો. ત્યાં તો સિપાહોએ એને દીઠો સ્તો. તેઓએ એને આંતર્યો. એકે ફાળિયું ઝૂંટવી લીધું, બીજાએ ધપ્પો માર્યો, ત્રીજો સરદાર જેવો રોફથી પૂછે: 'અલ્યા, આટલી રાતે ક્યાં ચાલ્યો? આ શાની પખાલ છે?' દીર્ઘાયુ હાથ જોડીને કહે: 'નાયક રાજેસરી, પેલે ગામ કાલે અમારા લોકમાં લગનસરા છે તે જાનૈયા સારૂ આ થોડો દારૂ લઇ જાઉં છું.' 'દારૂ' બોલ સાંભળતાં જ દીર્ઘાયુને ઠેલી દઇને સિપાહો પાડાની આસપાસ વીંટાઇ વળ્યા. ચિતા રહી એને ઠેકાણે, એમણે તો પખાલ ઉતારી લીધી, પાડાને તગડી મૂક્યો, અને કોણ વધુ પી શકે છે એની ચરસાચરસી માંડી ઢાંસવામાં પડ્યા. ઘડીમાં જ નાયક અને આખી ટુકડી ત્યાં જ લોથપોથ થઇને એકબીજા ઉપર ઢળી પડ્યા.

દીર્ઘાયુને એટલું જ જોઈતું હતું. પાડાની સાથે પોતાના વસ્ત્રમાં સંતાડીને એ સુખડના કટકા અને દૂધની એક બતક પણ લાવ્યો હતો. સુખડ એણે ચિતાની ટોચ ઉપર મૂકી દીધું અને પાછો ઝાડ ઉપર ચડી જઇને નીરાંતે બેઠો. બે કલાકે ચિતા પૂરેપૂરી બળી રહી એટલે તેને એણે દૂધે ઠારી અને વાંસ વડે કોયલા અને રાખ ફેરવી ફેરવીને ફૂલ બ્હારી લીધાં. ત્યાં પાછલી રાત થવા આવેલી, એટલે એ કોરે કોરે ગંગાજી ગયો, અને તેમાં ફૂલ પધરાવી, સ્નાન કરીને જ પોતાને આશ્રમે ચાલ્યો ગયો. કલાક દિવસ ચડતાં ટુકડીના નાયકે જઇને જાહેર કર્યું કે રાતે તો કોઈ જ આવ્યું નહોતું. પણ તે અગાઉ અરુણોદયના ઉજાસમાં ગુપ્તચર આવીને જોઇ ગયો હતો જે સિપાહો તો દારૂની પખાલ પાસે ઘસઘસાટ ઘોરતા હતા, અને ચિતાને કોઇએ દૂધે છાંટી હતી. બ્રહ્મદત્તે એ અજાણ્યા સાહસિક શત્રુનું પગેરૂં કઢાડવા પગીઓને હુકમ કર્યો; પણ ગંગાજીમાં તો સવાર પડે લાખ માણસ નહાવા આવે જાય, ત્યાં પગીઓ બીચારા શો પત્તો મેળવી શકે?

સૂતક ઊતરતાં દીર્ઘાયુ મહારાજાના માનીતા હાથીના માવત કને આવ્યો અને હાથ જોડીને કહે: 'હું તમારી અને તમારા આ ગજરાજની સેવા કરીશ. મારે ગજવિદ્યા શીખવી છે. તમને સારી ગુરુદક્ષિણા આપીશ.' માવત કહે: ભલે. હાથીને માવત બે ટંક હારો મૂકે ત્યારે દીર્ઘાયુ સામે બેસી હાથીની જાતને ગમે એવાં ગીત સુંદરીના તારમાં ઉતારે. આમ બે વાર નિયમિત રીતે વગડતી સુંદરીના સૂર મહારાજા બ્રહ્મદત્તને કાને પડવા લાગ્યા. એક બે ને ત્રણ દિવસ થયા અને એનો ખવાસ માવતને પૂછવા આવ્યો: 'માવતજી, પ્રભુ પૂછે છે, ગજરાજને આવું મધુર બજાવીને કોણ રીઝવે છે?' માવતે આંગળી વડે દીર્ઘાયુને બતાવ્યો એટલે ખવાસ તેને મહારાજા પાસે લઇ ગયો. રાજાની આંખ પણ એના તેજસ્વી ચ્હેરામ્હોરાથી ભરાઇ અને તેણે તરત કહ્યું: 'અલ્યા, તું તો રૂપાળો છે; જાણે જોબનની મૂર્તિ. સુંદરી વગાડે છે જાણે કલાની મૂર્તિ. આજથી તું મારી સેવામાં રહે.' દીર્ઘાયુએ હાથ જોડી મસ્તક નમાવ્યું. એને તો એટલું જ જોઇતું'તું.

હવે એ રાતદિવસ મહારાજાની તહેનાતમાં ગાળવા લાગ્યો. એના પહેલો ઊઠે, એના પછી ઊંઘે અને એનો પડતો બોલ ઝીલે. મહારાજાને એની દરેક હીલચાલ અને એનું કામકાજ ગમી ગયું. વળી દીર્ઘાયુને કશું ન આવડે એવું યે હતું નહિ. આમ મહારાજાનું હેત દીર્ઘાયુ ઉપર વધતું ચાલ્યું અને દીર્ઘાયુના ચિત્તમાં પણ હેતનો સંચાર થયા વગર રહ્યો નહિ. વચ્ચે વચ્ચે મહારાજાની પાસે પટરાણી પધારે તે કોઇકોઈ વાર

સાથે તેમની વયમાં આવતી કુંવરી લેખાદેવીને લેતી આવે. દીર્ઘાયુ અને લેખાનાં નેત્ર મળતાં પ્રથમથી જ અન્યોન્ય કિરણ વિનિમય આપોઆપ થવા લાગ્યા. તારામૈત્રક બે દિલને સાંધે છે ત્યાં બોલની જરૂર રહેતી જ નથી. કોઇક વાર દીર્ઘાયુ મહારાજાને સુંદરી સંભળાવતો હોય અને આ આવી ચડતાં, ત્યારે તો ગાનારનો આત્મા પોતાના આત્માની આસપાસ નાચી રહેતો હોય એમ કિશોરી લેખાદેવીને લાગતું અને તે વિવશ બની જતી. સંગીતના સંદેશાને પણ વાણીની જરૂર હોતી નથી.

એક વાર બ્રહ્મદત્ત લશ્કર સાથે શિકારે ચડ્યો ત્યારે તેણે પોતાના રથમાં સારથી લેખે દીર્ઘાયુને સાથે લીધો. શિકાર ખેલતાં ખેલતાં મહારણ્યના મધ્ય ભાગમાં મહારાજાનો રથ લશ્કરથી છૂટો પડી ગયો. દીર્ઘાયુએ ત્રણચાર કલાક પ્રયત્ન કર્યો, પણ વાટ સૂઝે જ નહિ ને લશ્કરનો પત્તો પણ લાગે નહિ. આખરે થાકી જઇને મહારાજાએ હતા ત્યાં જ થોડો વિસામો ખાવા ઠરાવ્યું. દીર્ઘાયુએ ઘોડા છોડી નાખ્યા અને તેમને ચરવા માટે લાંબી રાશે છૂટા મૂકી દીધા. રથમાંથી જૂંગણ કાઢી એક તરુવરની છાયામાં બિછાવ્યું, ને પોતે થડને ટેકે બેઠો એટલે બ્રહ્મદત્ત એના ખોળામાં માથું મૂકીને આડો પડ્યો, અને તેને એવો તો થાક લાગેલો કે તરત તેની આંખ મળી ગઇ.

મહારણ્યમાં એકલો જાગતો બેઠો છે અને ખોળામાં બ્રહ્મદત્ત ઊંઘે છે, ત્યાં દીર્ઘાયુને પોતે વાંછ્યા કરતો હતો તે જ પળ આગળ આવીને ઊભેલી લાગી. આ ઘાતકી બ્રહ્મદત્તે પોતાનાં નિર્દોષ માતાપિતાને કેવું વીતાડેલું, કેવે ઘોર મોતે મારી નાખેલાં, તે એની આંખ આગળથી હજી યે ખસતું નહોતું. તેવતેવડા ભાઇબંધોની સોબતમાં મઝા કરતો હોય ત્યાં પણ આ સંભારણું આંખ આગળ આવીને એના રંગમાં ભંગ પાડી એને ગંભીર બનાવી દેતું હતું. અત્યારે તેને એમ જ થયું કે જે કર્તવ્યસિદ્ધિની તકની રાહ જોતો જ તે જીવતો હતો તે મહામોંઘી તક આ ક્ષણે તેને આપોઆપ આણી આપી છે. અને તેની આંખમાં ખુન્નસ ભરાયું તે એટલો તો ઉશ્કેરાઇ ગયો કે પોતે શું કરે છે તેનું પણ એને ભાન રહ્યું નહિ, અને જમણા હાથે એની તરવાર મ્યાનમાંથી નીકળી ખોળામાં નીરાંતે ઊંઘતા બ્રહ્મદત્ત ઉપર ઉગામાઇ.

ત્યાં જ એના મગજમાં બીજો તાર સળવળ્યો: બીજી જ છબી તેની આંખ આગળ છવાઇ અને એ ભવ્ય આકૃતિમાંથી નીકળતા શબ્દો તેના કર્ણપુટમાં ગાજી રહ્યા. એ દેવાધિદેવ શી છબી તે એના પિતા, અને એ ગંભીર બોલનો સ્વરપ્રવાહ તે તેમણે કાશીનગરીના એકપછી એક ત્રણ ચોકમાં એને ઉદ્દેશીને ચીપીચીપીને આકાશમાં કહેલા તે બોલ હતા. આ ભવ્ય તેટલો કરુણ અને તેટલો જ અજબ સંસ્કાર જાગતાં, દીર્ઘાયુનો હાથ આપોઆપ નમી ગયો, આંગળાંએ તરવારને મૂઠમાંથી આપોઆપ છોડી દીધી. જુવાને દીર્ઘ શ્વાસ ખેંચ્યો તેની થડકે બ્રહ્મદત્તનું માથું પણ એના ખોળામાં જરા ઊંચું થઇને પાછું પડ્યું.

એ નીરાંતના જેવી દેખાતી ઊંઘમાં બ્રહ્મદત્તને પણ સ્વપ્ન આવેલું, કે દીધીતિપુત્ર જેણે માતાપિતાનાં શબનો અગ્નિસંસ્કાર કરેલો, તે કોસલનો વારસ અને જોબનની મૂર્તિ જેવો બળવાન તથા શુક્રાચાર્ય જેવો કાવાબાજ યોદ્ધો આ ક્ષણે જ એની નિદ્રાનો લાભ લઇને એને ઘટતો બદલો દેવા તેમ પુત્રધર્મનું ઋણ અદા કરવાને તરવાર ઊગામી રહ્યો છે, તે જોતજોતાંમાં પોતાના શરીરના પણ ચાર કટકા કરી નાખશે. આમ દીર્ઘાયુએ શ્વાસ લીધો, અને આમ બ્રહ્મદત્તનું માથું પાછું ખોળામાં પડતાંની સાથે તેનું આ કારમું સ્વપ્ન પૂરું થયું અને તે જબરી કંપારી ખાતો જાગી ઊઠ્યો. એ કંપારી અને પોતાની ધાસ્તી જેમતેમ દાબતો બ્રહ્મદત્ત ખોળામાંથી ઊઠી બેઠો થયો અને આંખો ચોળી ચોતરફ જોવા લાગ્યો, તો બીજો કોઇ માણસ તો તેને દેખાયો નહિ; પણ જુવાન બલિષ્ઠ સારથિ પાસે તેની તરવાર ખુલ્લી પડેલી જોવામાં આવી. પોતાનો કમ્પ કે પોતાની ધાસ્તી તે પૂરેપૂરાં દબાવી શકેલો નહિ.

દીર્ઘાયુએ સવાલ કર્યો: 'પ્રભો! આપને કંઇ નઠારૂં સ્વપ્ન આવેલું લાગે છે?'

બ્રહ્મદત્ત સાચાબોલો હતો. તે કહે: 'હા, મારા સારથિ અને વહાલા રક્ષક, મેં એવું સ્વપ્ન જોયું કે કોસલરાજા દીધીતિનો પુત્ર બાપનું વેર વાળવાને મારી સામે તરવાર ઊગામી રહ્યો છે. અને આ તારી તરવારે ખુલ્લી છે. શું એ દીધીતિપુત્ર સાચે જ અહીં ક્યાંક છે અને તેને આઘો રાખવાને જ તારે તરવાર ખેંચવી પડી?' દીર્ઘાયુ અત્યંત શાંત અવાજે બોલ્યો:



બ્રહ્મદત્ત કરગરી પડચો

'પ્રભો! હું જ તે **દીધીતિપુત્ર દીર્ઘાયુ.** .અને આપ જુઓ છો કે મારી તરવાર ખુલ્લી છે, પણ હાથમાં લીધેલી નથી. પણ હવે એને હું વાપરી શકું છું. તમારાં ઘોર કુકર્મોનો દંડ દેવાને આથી તે ચડિયાતી તક મને ક્યારે સાંપડવાની?' એમ બોલીને દીર્ઘાયુએ ડાબે હાથે બ્રહ્મદત્તનું મસ્તક ઝાલ્યું. વીજળી વેગે બ્રહ્મદત્તે અનુમાન કર્યું કે નિદ્રાવશને મારવાનું પાપ ન કરવાને જ એણે તરવાર ચલાવેલી નહિ, પણ હવે તો તે મારી નાખશે. અને તે કરગરી પડચો. દીર્ઘાયુએ ઝાલેલું માથું તે છોડવી ન શક્યો, તોપણ જેમતેમ તેણે એને સાષ્ટાંગ નમસ્કાર કર્યાં અને એના પગને વળગી પડચો. તે ફરીફરી બોલવા લાગ્યો: 'દીર્ઘાયુ, વ્હાલા દીર્ઘાયુ! તું જ બોલ જોઉં, તારા આવ્યા પછી મારૂં હેત તારા ઉપર એકધારૂં નથી વર્ષ્યું? અને તું જ મને મારી નાખીશ? ના, ના, દીર્ઘાયુ! મને જીવતો રાખ, જીવતદાન દે!'

દરમિયાન પૂજ્ય પિતાની મુખમુદ્રા દીર્ઘાયુ સામે જોયા જ કરતી હતી અને તેમના એ છેલ્લા બોલ એના મગજને સંભળાયા જ કરતા હતા. વળી બ્રહ્મદત્તે હેતનો દાવો કર્યો, તેમ દીર્ઘાયુના ચિત્તમાં પણ કાશીરાજ ઉપર હેતનો સંચાર થવા પામ્યો હતો. આખરે દીર્ઘાયુ નિશ્ચય પર આવ્યો, અને પગ વડે જ તેણે પોતાની તરવાર આઘે ફેંકી દીધી. તે કહે 'અરે મહારાજા અરે મુરબ્બી, અરે મારા ઉપર આટઆટલું હેત વરસાવનારા, આપને જીવતદાન આપનાર હું કોણ? જીવતદાન તો મારે આપની કને જાચવાનું!'

બ્રહ્મદત્ત કહે: 'ભલે, એમ તો એમ, વ્હાલા દીર્ઘાયુ: તું મને જીવતદાન દે; હું તને જીવતદાન દઉં.' અને બંનેએ સામસામાં વચન લીધાંદીધાં, હાથ મેળવ્યા, ભેટી પડચા અને બંનેએ શપથ લીધા કે બેમાંથી કોઇએ બીજાનો વાળ વાંકો ન કરવો.

પછી બ્રહ્મદત્તે રથ જોડાવ્યો. દીર્ઘાયુએ તાજા થયેલા ઘોડાને તેમની સૂઝ પ્રમાણે ચાલવા દીધા અને નમતો પહોર થતાં રથ પાછો લશ્કર ભેગો થઇ ગયો.

કાશી પહોંચી મહારાજાએ મંત્રીઓની સભા ભરી અને સવાલ મૂક્યો: 'જો માજી કોસલાધિપતિ દીધીતિનો યુવાન બળવાન પુત્ર આપણે હાથ આવે તો આપણે શું કરવું ઉચિત છે?' એક મંત્રી કહે એના હાથ કાપી નાખવા ઘટે. બીજો કહે પગ કાપી નાખવા ઘટે. ત્રીજો કહે હાથપગ બંને. ચોથો કહે એના કાન કાપવા ઘટે. પાંચમો કહે એનું નાક કાપવું ઘટે. છઠ્ઠો કહે નાકકાન બંને. સાતમો કહે એની આંખો ફોડી નાખવી ઘટે. આઠમો કહે એને તો મારી જ નાખવો.

આમ મંત્રીઓ નામત થઇ રહેતાં, બ્રહ્મદત્ત કહે: 'આ મારી પાસે બેઠો છે તે જ દીધીતિપુત્ર દીર્ઘાયુ. એને કશી ઇજા કરવાની નથી. એણે અમને જીવતદાન દીધું છે, અમે એમને જીવતદાન દીધું છે.'

પછી બ્રહ્મદત્તે દીર્ઘાયુને સવાલ કર્યો: 'યુવરાજ, તમારા જ્ઞાની પિતાએ જે ગંભીર બોધવાક્ય તમને તે દિવસે ઘોર કૃતાન્તની છાયામાં ઊભેલા તથાપિ ત્રણત્રણ વાર અતિ ગંભીર અને શાંતચિત્તે સંભળાવ્યાં, તે તે જ દિવસે અક્ષરે અક્ષર ગુપ્તચરે મને પણ સંભળાવ્યાં હતાં. અને એ બોધવાક્ય તથા અંતે એમણે ઉચ્ચારેલો શ્લોક મારી સ્મૃતિમાંથી ખસતાં નથી. પણ એ આખા વચનામૃતનો પૂર્વાપર સંબંધ મને બેસતો નથી. તીક્ષ્ણ લાગણી એટલે શું? મુલાયમ લાગણી એટલે શું? લાંબો કાળ, ટૂંકો કાળ, ફૂલ, ફળ, એ બધાં રૂપકો કે ગુહ્યોનો શો અર્થ વારુ?

દીર્ઘાયુએ ખુલાસો કર્યો: 'પ્રભો, તીક્ષ્ણ લાગણી

તે વેર: મુલાયમ લાગણી તે હેત. લાંબો કાળ એટલે એમ કે વેરઝેર થઇ તો આવે અથવા કોઈ કુબુદ્ધિ ઉશ્કેરે, પણ ચિત્તમાં તેને લાંબો કાળ સ્થાન ન આપવું, તેની જડ બાઝવા ન દેવી; પછી તેને ફૂલ કે ફળરૂપ, વેર વાળવાનું એટલા જ દૃષ્ટિએ ન્યાય્ય બીજી બધી દૃષ્ટિએ ઘોર અને અન્યાય્ય એવાં પરિણામી અપકૃત્ય બેસે જ ક્યાંથી? ટૂંકો કાળ એટલે આથી ઉલટું. જડ બંધાવા ન પામે એટલા કાળમાં હેતની લાગણીને ઉખડી જવા ન દેતાં તેને ફૂલ ફળ લાગવા દેવાં. સ્નેહીઓ જે અન્યોન્ય કરતા રહે છે એવા ઉપકાર તે હેતનાં ફૂલ અને ફળ. વળી મોતના મુખમાં જઈ પડેલા મારા પૂજ્ય પિતાજીએ પોતાના ઉત્તમ વારસા લેખે, વળી મારાં શ્રેય કાજે મને ઋષિમુનિઓનો તે પુરાતન શ્લોક સંભળાવ્યો, તે મારા-આપણા સંબંધને લાગુ પાડવાનો હતો. તમે મારાં માતાપિતાના હાલહવાલ કર્યા. હું એનું વેર તમારા પર લઉં; તમારૂં વેર મારા પર તમારા વારસ વાળે; મારૂં વેર તેમના પર મારા વારસ વાળે;—આમ તો વેરઝેરની એ પરંપરામાં પેઢીઉતાર અવનવા અંકોડા ગંઠાતા જાય ને તે લાંબી ચાલ્યા જ કરે, ચાલ્યા જ કરે, કદાપિ ન અટકે. એથી ઉલટું, તમારા—મારા અનુભવ જ જુવો. તમારૂં હેત મારા ઉપર થયું, જવાબમાં મારા દિલમાં ય તમારા ઉપર હેતનો સંચાર થયો, અને આ હેતબીજ આપણે ઉખેડી ન નાખ્યાં, જામવા દીધાં, તો તમે મને, મેં તમને જીવતદાન દીધું, અને એ આગલું વેર શમી ગયું. પૂજ્ય દેવતુલ્ય પિતાજીએ અંતઘડીમાં મને જે અતિપુરાણ અર્થગર્ભ શ્લોક કહ્યો હતો તે આ:

> ના શમે વેર ને ઝેર ખેડતાં વેરઝેરને;
> ઝેર ને વેરની શાંતિ સાધો નિર્મલ હેતથી.

બ્રહ્મદત્ત અને આઠે મંત્રી કહે: 'ધન્ય ભાગ્ય તે પિતાનાં જેના મિતાક્ષરમાં ગુપ્ત રાખેલાં બોધવચન પુત્ર આમ પૂરેપૂરાં સમજે છે, સ્વીકારે છે અને ઉશ્કેરાએલી પળોમાં પણ પાળી શકે છે.' અને મંત્રીસભાની આ રોમાંચક હકીકત જાણવામાં આવતાં જ બ્રહ્મદત્તની પટરાણી પણ સભામાં આવી લાગ્યાં, અને મહારાજા તેમ મંત્રીઓ આગળ પોતા તરફથી નવી દરખાસ્ત રજુ કરી, તે સૌએ વધાવી લીધી. કાશીમહારાજા અને મહારાણીએ પોતાની પુત્રી લેખાદેવી દીર્ઘાયુને ગાજતેવાજતે પરણાવી, અને પહેરામણીમાં તેને તેનું રાજપાટ પાછું આપી દીધું; વળી તેના કોષકોઠાર છલોછલ ભરી આપ્યા અને યુવાન દમ્પતીને વદાય કરતાં સાથે સેંકડો કુશળ કારીગરોને પણ કાશી છોડી



**વાણીઓ અને હનુમાન**

સટ્ટાખોર વાણીઓ મુંબાઇમાં રે'તો,
સાંજસવાર હનુમાનને હાથ જોડી કે'તો:
'અન્તરજામી બાપ! તમે જાણો મારી પીડ,
પાંચસો જો અપાવો તો ભાંગે મારી ભીડ.
અપાવો તો રોજ આવી પાદપૂજા કરૂં,
શનિવારે પાઇપાઇનું તેલ લાવી ધરૂં.

એક દા'ડો હનુમાનને એવી ચડી ચીડ,
પથ્થરમાંથી પેદા થયા. બોલ્યા નાખી રીડ:
'પૂજારીનો ઓશીઆળો. ખાવા દે તો ખાઉં,
કેમ કરી ભૂંડા હું તે તારી વા'રે ધાઉં?

પાંચસોને બદલે આપે પાઇપાઇનું તેલ?!
પૂંછડું દેખી મૂરખ મને માની લીધો બેલ?
પાંચસો જો હોય તો તો કરાવું ને હોજ?
ભરાવું ને તેલ પછી ધુબકા મારૂં રોજ!


**પ્રેમશંકર ભટ્ટ**



અયોધ્યામાં વસવા અને તેને પાછું સમૃદ્ધ બનાવવાને મોકલી આપ્યા. બ્રહ્મદત્તનો રાજપુરોહિત, દીધીતિનો ગુરુભાઇ અને બાળમિત્ર અતિવૃદ્ધ થઇ ગયો હતો, તે જાતે પોતાના મોટા પૌત્ર સાથે દીર્ઘાયુને

રાજતિલક અને અભિષેક કરવાને અયોધ્યા ગયો, અને પોતાના એ પૌત્રને ત્યાં રાજગુરુપદે સ્થાપીને પોતે દંડી બની હિમાલયના બરફોમાં જ ગળી પડવાને ચાલી નીકળ્યો. એ અતિવૃદ્ધ તથાપિ સશક્ત સંન્યાસીનો દેહ, કોઇ કહે છે બદ્રિનાથ આગળ પડ્યો, કોઇ કહે છે માનસસર આગળ પડ્યો, અને કોઇ તો કહે છે ત્યાંથી પણ સેંકડો જોજન આઘે પૃથ્વીના છાપરા ઉપર અતિભવ્ય સરોવર આવેલું છે જેમાંથી એક દિશામાં વંક્ષુ વહે છે, એક દિશામાં સિન્ધુ વહે છે અને એક દિશામાં સરસ્વતી વહે છે તે અતિપવિત્ર ધામ લગી એ પહોંચ્યો તે પછી પડ્યો.

**બલવન્તરાય કલ્યાણરાય ઠાકોર**





# તેજો ચમાર

માથે ચામડાંનો ખડકલો ઉપાડી રોજ મોચી-ઓળમાં જવા તેજો મારી દુકાન પાસે થઇને નીકળતો ત્યારે અમે નાકે ડૂચો દઇ દેતા. એવી બદબો ફેલાય કે વાત પૂછો મા. પણ તેજાને મન કાંઇ નહિ. તેજો ચમાર હતો.

તેજો દર વરસે ભામ રાખે ને આખા ગામનાં ઢોર મરી જાય તે ઉચકી જાય. માલિક પાસેથી તેને લઇ જવાના પૈસા યે પડાવે. તેજો ઢોરનું ચામડું ઉતારી લે ને મુડદાલ માટી ભંગીઓ વગેરેને લઇ જવા દે. હાડકાંનો ઢગલો કરાવે ને પછી એનો ય વેપાર કરે. તેજો હાડકીઓ હતો.

તેજો આવાં ચામડાંને કુંડમાં બોળે ને મીઠું નાખી સોડવે. પછી ધોઇને આવળની છાલમાં બોળી રાખી કમાવે. જરાક કૂણું પડે એટલે સૂકવે ને પછી વેચવા નીકળે.

ગાવડીયાં, ભેંસાં ને બકરાંના ભાવ જુદાજુદા રાખે, ને મૂલ કરે ત્રણ ગણું. મોચી ચમારનું સાટું માંડ સુધરે. તેજો ચામડાનો વેપારી હતો.

એ ખેડુતોના કોસ પણ શીવે, જમીન પર પાથરવાની ચમોડ બનાવે, સુંડલા મઢે ને નવરો હોય તો ચંપલે શીવે. બજારમાં બેસી ટાંકા ટેભા ય કરે. તેજો ચમાર હતો.

તેજાની વહુ દિ' બધો સીમમાં જાય. ત્યાંથી આવળ સૂડી લાવે ને સૂકવે. છાલ ઉતારી લે ને આવળિયાંના ભારા લઇ ગામમાં વેચવા નીકળે ને બેચાર પૈસે લોકો ખરીદી લે. તેજો ને તેની વહુ એક પણ વસ્તુ અલેખે જવા ન દે. તેજો ઉદ્યોગી હતો.

તેજાને ને ઢેઢને ભાણે વેહેવાર, પણ એવો વહેવાર નહિ. તેજો ભંગીને અડીને છાંટ લે. ડાંગસીઆ સાથે ય એને ભાણા વહેવાર તો ખરો. સાંજ પડે ત્યારે તેજો ઢેઢવાડે જાય ને વારાફરતી હોકાની ફૂંક તાણે. તેજો સૌ સાથે ભળી બેસે એવો. તેજો મીલનસાર હતો.

તેજો કોઇનો હાથપગ ભાંગ્યો હોય તો ચડાવી દે, મચક આવી હોય તો તેલ ચોળીને બરાબર કરે, ને સાંધો ખડી ગયો હોય કે ઢાંકણી ઊતરી ગઇ હોય તો બરાબર બેસાડી દે. તેજાને ત્યાં દરદીઓ હાલ્યા જ આવે; પણ તેજો કોઇને ના ન કહે. તેજો હાડવૈદ હતો.

શ્રાવણ મહિને તેજો બારોટ ને ઢેઢગરોડા જમાડે. સાધુ આવે તેમને લૂગડાં અપાવે ને સવા ભગતના મહા-રાજ આવે ત્યારે પગે રૂપીઆ મૂકે. તેજો આસ્થાળુ હતો

વરસોવરસ તેજો ગામની ભામ રાખે ને મૂઆં ઢોરને ગામમાંથી બહાર દૂર લઇ જાય. તેજો ગયો પણ એનો છોકરો હજુ ભામ રાખે છે; એના બાપનું ગયું દેખાવા દેતો નથી.

**મનુભાઈ જોધાણી**



# માધુકરી

**સ્વભોગ**

લાખો ને કંઇ ક્રોડ યોજન તણા ખારો વહી આવતા
સિંધુને ઉર, ને વળી ધરતીના સૌ મેલ ભેગા થતા;
એ સૌ સંઘરી ઉદરે નિજતણા મૂંગો રહી ઉદધિ,
માગે જ્યાં જળ મેઘ, વાદળી મીઠી રક્ષેલ દે ઉરની.
ખારાશે બળતો રહી અવરને મીઠાશ આપે દધિ. —જેઠાલાલ ત્રિવેદી

## ગણિતશાસ્ત્રી લીલાવતી

સૈકાઓ પહેલાંની આ વાત છે. જ્યારે હિંદમાં સંસ્કૃતિનો વિસ્તાર ખૂબ વધેલો હતો અને શાસ્ત્રોની શોધો ચાલુ હતી ત્યારે દક્ષિણ હિંદમાં ભાસ્કરાચાર્ય નામના એક મહા વિદ્વાન પંડિત વસતા હતા. આખી દુનિયામાં તે વખતે હિંદનું નામ મોખરે હતું. સમગ્ર શાસ્ત્રો જાણનારા મહાન પંડિતો હિંદમાં સંખ્યાબંધ હતા. વેદવેદાંગ, કાવ્યશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર, વિજ્ઞાનશાસ્ત્ર વગેરેના વિદ્વાનો પાસે દેશદેશથી વિદ્યાર્થીઓ ભણવા આવતા હતા.

ભાસ્કરાચાર્ય પણ જ્યોતિષશાસ્ત્રના એવા નિષ્ણાત પંડિત હતા. એમનું જ્યોતિષ એટલા હદે પહોંચેલું કે જન્મકાળ પહેલાંથી જન્મનારનું ભાવિ જાણી શકતા અને એમનો જોષ મિથ્યા ગયો એવું તો કદી કોઇએ જાણ્યું નહોતું.

ભાસ્કરાચાર્ય યુવાન વયે પરણેલા હતા, પરંતુ તેમને જ્યોતિષના અભ્યાસમાં સ્ત્રીની સામે જોવાનો પણ વખત નહોતો મળતો. અભ્યાસમાં પારંગત થયા પછી તેમણે સ્ત્રીના તરફ લક્ષ આપ્યું. તેમનો સંસાર વિદ્યાધ્યયન ને અધ્યાપનમાં ચાલતો હતો.

થોડો સમય વીત્યા પછી ભાસ્કરાચાર્યનાં પત્નીને પ્રસવકાળ પાસે આવ્યો. પોતાની રીત મુજબ ભાસ્કરાચાર્ય ભાવિ જાણી શકે તેમ હતું, પણ પોતાના જ ફરજંદનું ભાવિ જાણવાથી ચિંતા વધે તે હેતુથી તેમણે એનો વિચાર જ ન કર્યો. પણ માતાથી રહેવાયું નહિ. પુત્રીના જન્મ પછી એક ઘડી વીતતાં જ તેમણે ભાસ્કરાચાર્યને આગ્રહપૂર્વક કુંડળી માંડી જોષ જોવા વિનવ્યા.

ભાસ્કરાચાર્યે જોષ જોઈ આંખો મીંચી દીધી. 'પુત્રી લીલાવતી પરણીને તરત વિધવા થશે.' એટલું જ બોલી એમણે સમાધિ ચડાવી.

એ વાતને વર્ષો વીત્યાં, લીલાવતીનાં લગ્નનો વખત પાસે આવ્યો. સારામાં સારૂં સૌભાગ્યમુહૂર્ત જોઇ તે પ્રમાણે ઘટિકાયંત્ર ગોઠવી ભાસ્કરાચાર્ય કન્યાદાન દેવા બેઠા. જ્યોતિષમાર્તંડ ભાસ્કરાચાર્યે કહ્યું કે, 'આ ચોઘડિયામાં જો કન્યા પરણશે તો સૌભાગ્યવતી રહેશે. વિધિના લેખ પણ મિથ્યા થશે.'

કન્યા લીલાવતી કુતૂહલથી ઘટિકાયંત્ર જોવા ગઇ. એને તો કંઇ ખબર જ નહોતી. યંત્ર જોતાં તેના નાકમાંની મોતીની વાળીમાં એનું વલ્કલ વસ્ત્ર ભરાયું અને વાળી તૂટી. એક ખૂબ નાનું મોતી પાણીમાં પડીને ઘટિકાયંત્રની વાટકીના વીંધમાં ભરાઇ ગયું. વાટકીમાં પાણી ઉપર ચડતું અટકયું. પાણી ચડવાની ગતિ ધીમી થઈ અને ભાસ્કરાચાર્યે શોધેલી મુહૂર્તઘડીમાં પલ વિપળનો ફેર પડયો.

કન્યાદાન દેવાયું. ભાસ્કરાચાર્ય હર્ષ પામતા હતા કે વિધિના લેખ ભાસ્કરાચાર્યે અવગણ્યા. અને કન્યા પરણીને સાસરે પણ ગઈ. પણ વિધિના લેખ કંઇ મિથ્યા થાય! સાસરવાટના માર્ગમાં જ પતિને સર્પદંશ થયો અને તત્કાળ તેનું મૃત્યુ થયું. લીલાવતી વિધવા થઈ.

ભાસ્કરાચાર્યનો ગર્વ ઊતર્યો. પણ લીલાવતીનો શોક હૈયાફાટ હતો. ભાસ્કરાચાર્યને લાગ્યું કે આ કન્યાનો શોક જો ઓછો નહિ થાય તો એ પ્રાણત્યાગ કરશે. તેથી અને હવે વિધવા પુત્રીને પંડિતા બનાવવાની ઇચ્છાથી ભાસ્કરાચાર્યે રડતી લીલાવતી પાસે જઇ એક શ્લોક કહ્યો. શ્લોકમાં એવું પૂછેલું કે 'તારા જન્મ વખતે મંગળ જે નક્ષત્રમાં હતો તેનાથી આજે ૧૬ નક્ષત્ર દૂર છે દરમ્યાનમાં તેણે બે પ્રદક્ષિણા પૂરી કરી છે. તો મંગળની ગતિ કેટલી?'

લીલાવતીને આવા દાખલાઓમાં મજા પડવા માંડેલી જોઇ ભાસ્કરાચાર્યે એનું વૈધવ્ય ભૂલાવવા ઊંચામાં ઊંચું ગણિતશાસ્ત્ર શીખી તેમાં પારંગત થવાનું પ્રોત્સાહન આપ્યા કર્યું. અને માત્ર થોડાં જ વર્ષોથી એકધારી મહેનતને પરિણામે લીલાવતી ગણિતપારંગત ગણાઇ એટલું જ નહિ પરંતુ એણે 'લીલાવતી' નામના ગણિતશાસ્ત્રનો પહેલો આધારભૂત ગ્રંથ લખ્યો.

'લીલાવતી'ના ગણિતશાસ્ત્રનાં વિધાનો આજે પણ કાયમ

ગણાય છે અને એમ કહેવાય છે કે ત્યાર પછી ગણિતનાં મૂળભૂત વિધાનોમાં કશી વિશેષ પ્રગતિ થઇ શકી નથી. 'લીલાવતી' ગ્રંથની ઉપયોગિતા એટલી બધી અંકાઇ છે કે જર્મનીમાં અભ્યાસ કરતા એક પ્રખર ગણિતશાસ્ત્રીએ એ સંસ્કૃત ગ્રંથની એક જ જૂની હસ્તલિખિત નકલના રૂપિયા બે લાખ આપવાનું થોડાં વર્ષ પહેલાં જાહેર કર્યું હતું.

'લીલાવતી' ગ્રંથ વિષે થોડો મતભેદ છે કે એ ગ્રંથ લખ્યો હતો ભાસ્કરાચાર્યે અને પુત્રીનું નામ આપ્યું હતું; પણ જૂનાં શાસ્ત્રીય પુસ્તકોમાં 'લીલાવતી ગણિતશાસ્ત્રસંપન્ન'નો ઉલ્લેખ છે અને 'લીલાવતી' ગ્રંથનો પણ ઉલ્લેખ છે.

ભારતવર્ષમાં આવી વિભૂતિઓ થઇ ગયાનો આપણી અત્યારની બહેનોને બહુ ઓછો ખ્યાલ છે.લીલાવતી જેવી મહાન ગણિતશાસ્ત્રી બહેન આપણા જ દેશમાં થોડા સૈકાઓ પહેલાં હતી એ વિચાર માત્ર બહેનોને મગરૂર બનાવવા પૂરતો છે. આજે આપણે ત્યાં શીખવાતું ગણિતશાસ્ત્ર મુખ્યત્વે પરદેશી લેખકોનાં પુસ્તકોમાં હોય છે તેથી આપણામાં જો આપણી અણવિકસેલી શક્તિઓ વિષે કંઇ શંકા રહેતી હોય તો તે આવાં ઉદાહરણોથી ઓછી થવી જોઇએ. જેને આજ સુધી આધારભૂત ગણવામાં આવે છે એ લીલાવતી જેવી એક સ્ત્રી પણ આપણા જ દેશમાં થઈ ગઇ તેનો ખ્યાલ આપણામાં રહે તો યે આપણે પ્રોત્સાહિત થઇશું. (ગુજરાત સમાચાર–જ્યોતિસંઘ પૂર્તિ)

### વ્યવસ્થાની અદ્‌ભુત કુશળતા

યુરોપમાં આજે ચોમેર શાસ્ત્રીય ગણત્રી પ્રમાણેની જે વ્યવસ્થા પ્રચલિત છે તેના યોજનાર નિષ્ણાતોમાંનો એક ડૉ. એડમન્ડ લૅંડોર એકવાર માત્ર મજૂર હતો, પણ પોતાની જાતમહેનતથી ભણીને તે સાયન્સનો ગ્રૅજ્યુએટ થયો અને યુરોપની કેટલી યે મીલોની પદ્ધતિસર વ્યવસ્થા રચીને આપોઆપ કામ સચવાયા કરે એવા નિયમો, કોષ્ટકો અને પત્રકો તેણે રચ્યાં. તેની આ લાયકીને આધારે તે કેટલી યે મીલોનો મૅનેજર બન્યો.

એકવાર બ્રસેલ્સમાં બેઠાંબેઠાં તેણે રૂમાનિયાની એક મીલ પર તાર કર્યો. તારમાં આટલું જ હતું: Examine friction gear coupling Deasel motor cracked bolt. તપાસો ફ્રિકશન ગીઅર કપ્લિંગ ડીઝલ મોટર ફાટેલો બોલ્ટ. રૂમાનિયાવાળાઓએ તપાસ કરી તો એ જ પ્રમાણે થએલું હતું! ૧૬૧૫ માઇલ દૂર પડેલી રૂમાનિયાની મીલનો આ મૅનેજર શું કંઇ જાદુથી એ જાણી ગયો હતો? જરા પણ નહિ. છેલ્લી ઢબે કામની રચના કરવાનું જ એ ફળ છે!

ડૉ. લૅંડોરે પોતે પારીસમાં જાતે જ આ વાતનો ખુલાસો કર્યો ત્યારે સૌને તે સીધીસટ લાગી. ફ્રાન્સ અને રૂમાનિયાની ઘણી મીલો એટલા અંતરેથી તે પોતે સંભાળે છે અને અશક્યને શક્ય બનાવે છે. તેમાં ખરૂં મહત્ત્વ પોતે જે અઠવાડિક રીપોર્ટ મંગાવે છે તેનું જ છે. આ રીપોર્ટ જોયો હોય તો દરેકે દરેક માહિતી આપનારા ચાર્ટ પર આમતેમ ચડઊતર કરતી લીટીઓનું માત્ર જાળું લાગે; પણ તેમાં દરેકેદરેક તત્ત્વની નોંધ સમાઈ હોય છે. તેણે જોયું કે ૧૦૦ ટકા માલ નીકળે એવા સંજોગોમા સાધારણ ૭૫ ટકાથી પણ ઊતરીને આંક ૭૧ પર આવી ગયો હતો. ૧૬૧૫ માઇલ પર બેઠેલા એ મૅનેજરને સુપરિટેન્ડન્ટે લખી નાખ્યું હતું કે અણઘડ માણસોની ભરતીનાં કારણોએ એમ બન્યું હતું. પણ અણઘડ માણસોથી કેવા પ્રકારનું નુકસાન થાય તેનો તો ખાસ અભ્યાસ ડૉ. લૅંડોરે કર્યો હતો, એટલે ઉપરની હકીકત પર તે વિચાર કરવા લાગ્યા. સ્થાનિક ઉપરી તો કંઇક બહાનું કે કારણ બતાવે જ, પણ આ ઉસ્તાદની રીતો જુદી જ હતી. તેણે પક્કા કામદારોના કામની નિકાસ જોડે આંકડા મેળવ્યા તો તે પણ ઊતરી ગયા હતા. એટલે સ્વાભાવિક રીતે જ એ વાંક માલ આપનારી શાળો પર ઊતર્યો. પણ શાળો શાથી પાછી પડી? તેને ગતિ આપનાર બળથી. અને તે ક્યાંથી આવે છે? મોટરમાંથી. મોટર પોતે જ ધીમી પડી છે એટલે શાળો અને મોટર વચ્ચે કંઇક ગલતી છે. મીલના યંત્ર ખાતાનો ઉપરી તો એ તાર વાંચી છક્ક જ થઇ ગયો કેમકે ગણત્રીબાજે ભૂલ બરોબર પકડી હતી! (અંગ્રેજી ઉપરથી)

### કેળાં વિષે કાંઇક

વાચકોમાંથી બહુ ઓછાને ખબર હશે કે કેળના ઝાડના થડથી માંડી પાન સુધીના એકેએક ભાગમાં મનુષ્યશરીરમાં ઉત્પન્ન થતા શારીરિક રોગો મટાડવાની ચમત્કારિક શક્તિ રહેલી છે. કેળું બહુ સ્વાદિષ્ટ અને પોષક તત્ત્વોથી ભરપૂર ફળ છે. તેની મધુરતા અને સ્વાદુપણાને લીધે તે ખૂબ પ્રસિદ્ધ છે.

સામાન્ય રીતે હિંદુસ્તાનના લોકો ફળો ખાવાં જાણતા નથી; અથવા એમ કહીએ એ યોગ્ય કે ફળો ખાવાં હિંદના લોકોને પાલવતાં નથી. ન પાલવવાનું કારણ તેમની અપાર દરિદ્રતા છે. પણ કેળાં, ચીકુ ને પોપૈયાં જેવાં ફળો જો ખેડૂતો ગામડામાં ઘરની પછવાડે કે વાડીમાં અને શહેરના લોકો પોતાના બંગલાના કૉમ્પાઉન્ડમાં ઉગાડે તો તે માટે તેમને એક પાઇનો ખર્ચ કરવો ન પડે, અને બારે માસ તેમને મીઠાં પુષ્ટિકારક ગુણકારી ફળો મળતાં રહે. જેમ આંબાના કે બીજાં ફૂલોનાં વૃક્ષો પાછળ ખાસ દેખરેખ અને સંભાળની જરૂર પડે છે તેમ કેળના ઝાડને ખાસ ફ્કેરની જરૂર હોતી નથી. એને તો માત્ર પ્રમાણમા ઠીકઠીક પાણી મળતું રહે એટલે એ દિવસે નહિ વધે એટલું રાતે વધી આવશે અને થોડા વખતમાં એના પર આંખોને આનંદ આપે અને સ્વાદને સંતોષે એવી સરસ લૂમો લાગશે.

કેળાંનો પાક દુનિયાભરમાં થાય છે. લોકો કેળાંના ફળને અમૂલ્ય કુદરતી બક્ષિશ ગણે છે. વૈદ્દાક્તરો એને મધુપ્રમેહ, મરડો અને મૂત્રાશયના રોગોમાં અકસીર ઇલાજ ગણે છે.

આહારશાસ્ત્રીઓએ નિ:શક પુરવાર કર્યું છે કે કેળાંમા માનવશરીરને પોષણ આપે એવાં ખૂબ તત્ત્વો છે. એક રીતે તો આહારશાસ્ત્રીઓની આ શોધની જાહેરાત, એ પૂર્વે આપણા વૈદો

ને હકીમો કેળાં વિષે જે કાંઈ કહી ગયા છે તેમના મતનો પુનરૂચ્ચાર જ છે. એ પુરવાર થયું છે કે કેળાંમાં 'ક' પ્રજીવનક (વિટામિન) પુષ્કળ પ્રમાણમાં છે. કેટલાક પ્રમાણમાં 'બ' પ્રજીવનક પણ છે જ. તેમાં 'અ' પ્રજીવનક છે એમ કેટલાક પુરવાર કરે છે, જ્યારે કેટલાક તેનો વિરોધ કરે છે; એટલે એ વિષે પ્રશ્નો વચ્ચે છેવટનો નિકાલ લાગ્યો નથી.

હિંદુસ્તાનમાં ખાસ કરીને હિંદુઓના રીતરિવાજોમાં કેળાંનું સ્થાન અગત્યનું છે. ફળ તરીકે એ આપણા જીવનમાં અગત્યનો ભાગ ભજવે છે. આપણે અહીં સત્યનારાયણની કથાઓમાં, દેવપૂજામાં અને દેવોને પ્રસાદ ધરવામાં, બીજી ધાર્મિક વિધિઓ વખતે અને ઇતર મંગલ પ્રસંગોએ કેળાં વપરાય છે એનું મૂળ કારણ એમાં વધુ પ્રમાણમાં રહેલાં પ્રજીવનકો અને સ્વાદુપણું જ હશે.

કેળના મૂળનો ઉપયોગ મધુપ્રમેહના રોગોમાં કરવામાં આવે છે અને તે અકસીર ઇલાજ મનાય છે. કેળના મૂળનો જેટલો ઉપયોગ છે તેટલો જ અથવા તેથી વધારે એના થડનો છે. કેળના થાંભલાઓ રેસાવાળાં જાળીદાર પડોમાં બનેલા હોય છે. આપણે ત્યાં લગ્નમંડપોમાં અને ઇતર પ્રસંગો પર કેળના થાંભલા અને આસોપાલવનો જ મુખ્યત્વે શણગાર થતો. હવે એ રિવાજ ધીરેધીરે અદૃશ્ય થતો જાય છે. કેળનો રસ પણ ઉપર કહ્યું તેમ મધુપ્રમેહમાં અપાય છે. બાળકોને જો વધારેપડતું અફીણ અથવા એવી ઝેરી દવા અપાઇ ગઈ હોય તો તેની અસરમાંથી તેને મુક્ત કરવા કેળના થાંભલાનો અને પાનનો રસ આપવામાં આવે છે. કેળનો રસ મગજને ઠંડક અને ચિત્તને શાંતિ આપનાર છે.

આપણે ત્યાં ગુજરાતમાં કેળનો રસ સીધેસીધો બીજા ખાસ ઉપયોગમાં લેવાતો હોય એમ જાણમાં નથી, પરંતુ આપણી વાણિયા, બ્રાહ્મણ અને બીજી એંઠાંજૂઠાંમાં અને આભડછેટમાં માનનારી કોમો પાણી વાપરીને પાપડ બનાવતી નથી પરંતુ કેળનો રસ વાપરે છે; તેવી જ રીતે મુસાફરીમાં પાણીથી લોટ બાંધી એંઠી વસ્તુઓ સાથે ન લઇ જતાં કેળના રસથી પૂરી, સુંઠિયાં, ગાંઠિયા, પત્તરવેલિયાં વગેરે તૈયાર કરી ઉપયોગમાં લે છે. આ રિવાજ એઠાંજૂઠાંની માન્યતામાંથી ઉત્પન્ન થયો હશે એના કરતાં કદાચ કેળના રસની ગુણકારીતા અને તળેલા પદાર્થોને ઘણા વખત સુધી ટકાવી રાખવાની તેની શકિતમાંથી નીકળ્યો હશે.

ચાંદાં, ફોલ્લા, શીતળા, ગુમડાં વગેરે પર કેળના પાનનો પાટો એ ઉત્તમ ઈલાજ છે. તેનાથી પરૂ કે રસી ઝરી જાય છે અને ઠંડક થતાંની સાથે જલદી રૂઝ આવી જાય છે.

કેળનું ફૂલ પણ એટલું જ ઉપયોગી હોય છે. આપણે ત્યાં એને કેળ પરથી ઉતારી ચટણી, રાયતું, શાક વગેરે કરવાનો ઉત્તમ રિવાજ છે. મધુપ્રમેહ–મીઠી પેશાબ–થી પીડાતા દર્દીઓને કેળાંનું ફૂલ ખૂબ ઉપયોગી નીવડે છે. ફૂલના બે તોલા રસમાં થોડુંક મધ મેળવી મધુપ્રમેહના દર્દીને આપવાથી સેંકડે પંચોતેર ટકા દાખલાઓમાં નોંધવાયોગ્ય પરિણામો આવ્યાં છે. આ ઉપાય સાવ સહેલો અને બિન ખર્ચાળ છે.

મોસંબી,સફરજન કે દ્રાક્ષ એ કેવળ અમીરો ને ગર્ભશ્રીમંતોને પાલવી શકે એવાં ફળો છે, એટલે કે એ 'અમીર ફળો' છે; જ્યારે કેળાં તો સર્વસુલભ છે. ગરીબો એને થોડા શ્રમથી જોઇએ એટલા પ્રમાણમાં પ્રાપ્ત કરી શકે છે. એટલે કેળાંને 'ગરીબફળ' કહીએ તો ચાલે. એક રીતે કેળાં એ ફળોનો રાજા છે.

મધુપ્રમેહ, મરડો ઇત્યાદિ રોગોમાં ઉપર વર્ણવેલી એની ચમત્કારિક ઉપયોગિતા બહુ ઓછા જાણે છે. આપણે તો સીધા દાક્તરો પાસે દોડીએ છીએ. એક તોલો કેળું, બે તોલા આંમળાંનો રસ અને થોડું મધ તથા સાકર દિવસમાં બે વખત લેવાથી દર્દીને ફાયદો થાય છે. મદ્રાસીઓ કાચાં કેળાંનો ઉપયોગ સારી પેઠે કરી જાણે છે. કાચાં કેળાં કબજિયાતને મટાડવામાં અને પેટ સાફ લાવવામાં મદદ કરે છે. કાચાં કેળાંમાં 'લોહતત્વ' તો ભર્યું પડ્યું છે, એટલે તે લોહીની વૃદ્ધિ કરે છે અને પાંડુરોગ (Anaemia)-રૂધિરક્ષીણતાના દર્દીઓ માટે આદર્શ શક્તિવર્ધક(ટૉનિક)ની ગરજ સારે છે. કાચાં કેળાંમાં રહેલી 'સ્ટાર્ચ' બહુ જ પોષક ખોરાક છે અને તે પાચનમાં ખૂબ મદદ કરે છે.

કેળની છાલનો રસ મગજને બહુ શાંતિ આપનાર અને અસ્વસ્થતાને દૂર કરનાર છે. ગાંડપણ, અનિદ્રા રોગ (Insomnia) અને માનસિક વ્યાધિ (Neuresthenia)માં આપવામાં આવે છે તથા તેનાં બહુ સંતોષકારક પરિણામ આવે છે. કેળની બાળી નાખેલી છાલ અને પાનની રાખમાંથી પોટૅશિયમ્ કાર્બોનેટ(Potassium Carbonate)ઉત્પન્ન કરવામાં આવે છે. એ રાખ ઘણી જગ્યાએ કપડાં ધોવામાં પણ વાપરવામાં આવે છે.

(મયૂરભંજ ગૅઝેટમાંથી સૂચિત) રતુભાઈ દેસાઈ

## સપ્તાહ (અઠવાડિયું) ક્યારથી આવ્યું

સપ્તાહના સાત વાર આખી દુનિયાભરમાં એકના એક જ છે; અને નવાઇ તો એ છે કે તેના નામાર્થમાં પણ ફરક નથી! આપણે જેને રવિવાર (સૂર્યદિન) કહીએ છીએ તેને ઇંગ્લંડમાં 'સન ડે' સન (સૂર્ય) ડે (દિન) કહે છે. એશિયા, અમેરિકા, આફ્રિકા, ઑસ્ટ્રેલીઆ બધા દેશોની ભાષામાં એ દિવસનું નામ રવિવાર છે. આ પ્રચાર હાલના જમાનાને જરાયે આભારી નથી. ઘણા પ્રાચીન કાળથી આ વારપદ્ધતિ સર્વત્ર વ્યાપ્ત છે.

આજકાલ ગ્રહમાળામાં સૂર્ય ને ચંદ્રની ગણત્રી થતી નથી, પણ પાંચસો વર્ષ પહેલાંની દુનિયામાં કોઇ પણ ખૂણે તેને ગ્રહ માનવામાં સંદેહ નહોતો થતો. એટલે કે વારપદ્ધતિ એવા જમાનામાં ઘડાઇ હતી કે જ્યારે સાતે ગ્રહોમાં સૂર્યચંદ્ર પણ લેખાતા. વેદ, બ્રાહ્મણ, ઉપનિષદ્ ને આરણ્યકની વાતો વાંચો તો પણ એ પુરાણા શ્રુતિ-સ્મૃતિગ્રન્થોમાં પણ ગ્રહોની ચર્ચા આવી નથી. વેદમાં સાત ગ્રહો આવે છે, પણ સૂર્યચંદ્ર વગેરે નામા-

વળીની બહારના કોઇ ગ્રહની વાત એમાં નથી.

દિનપત્રોમાં વારપદ્ધતિનો જે વારંવાર ઉલ્લેખ આવે છે તેના આધારે તેની પ્રાચીનતા નક્કી કરીને ભારતીય પુરાતત્ત્વના ગહન નિપૂણ જ્ઞાતા શ્રી ગૌરીશંકર ઓઝાએ એ બાબતમાં ચોક્કસ પ્રમાણ મેળવ્યાં છે, કે પર શક એટલે ઇસુની બીજી શતાબ્દિમાં આ દેશમાં વારપદ્ધતિનો પ્રચાર થયો. આથી વધુ પુરાણી તે સિદ્ધ થતી નથી.

અનેક દેશોમાં ૩ દિવસ, ૫ દિવસ, ૯ દિવસ, ૮ દિવસનાં ઝુમખાં ચાલુ તો હતાં;પણ સાતનો સમુદાય તો તે એક રહસ્યમય આંકડો હોવાથી લેવાયો હશે એમ માનીએ; તોપણ તેનો અર્થ ગ્રહણ થતો નથી. બૅબીલોનના રાજા મહિનાના સાતમા, ચૌદમા અને ઓગણીસમા દિવસે કંઈ પણ શુભ કર્મ કરતા નહિ. આ નિષેધવાળા દિવસમાંથી સપ્તાહની પદ્ધતિનો પ્રથમ આભાસ જણાય છે. પણ ઓગણીસમા દિવસની વાત જુદી પડે છે. પંડિતો કહે છે કે સાતસાત દિવસનાં ચક્રોનાં સાત ચક્રો લ્યો તો ૪૯ દિવસ થાય. આવો છેલ્લો ૪૯મો દિવસ બીજા માસના ૧૯મા દિવસે આવે છે, પરિણામે એ લોકોએ તેને પણ નિષિદ્ધ ઠરાવ્યો હોય!

મોઝિઝ (પયગંબર મુસાએ) સાતમા દિવસને વિરામ દિન ઠરાવ્યો એટલે તેનું સેબાથ (વિશ્રામ) દિન નામ મળ્યું. આ હિબ્રુ સપ્તાહપદ્ધતિ પણ દરેક માસના પહેલા દિવસથી ગણાતી. પરંતુ તેમાં પ્રમાણસર મહિના સાથે જ અઠવાડિયાનો સંબંધ હોય એવું જણાયું નથી.

હવે એક બીજી બાબત ધ્યાનમાં લેવા જેવી છે. સૂર્યવૃત્તના ૩૬૦ અંશોને બાર ભાગોમાં વહેંચી નાખવામાં આવ્યા હતા. એ ભાગોને રાશિ કહે છે. એ રાશિચક્રમાં ગ્રહો ઘૂમ્યા કરે છે. પૃથ્વીની ગતિ વિષે જ્યારે ખુલાસો નહોતો થયો ત્યારે જ્યોતિષિઓ માનતા કે રાશિચક્ર દિવસરાત મળીને એક વાર પૂરું થાય છે. આને લીધે રાશિઓનો આકાશમાં ઉદય થાય છે અને રાશિ ક્ષિતિજમાં દેખાય તે પછી બીજી દેખાય ત્યાં સુધીના કાળને લગ્ન કહેતા. બધા દેશોમાં આ લગ્નકાળ એક સરખો ઉદયમાન નથી રહેતો. ઇજિપ્ત એવો દેશ છે કે ત્યાં દરેક લગ્ન આશરે બે કલાક ટકતું. આ સમય જરા લાંબો પડતો હોવાથી ઇજિપ્તના જોષીઓએ પ્રત્યેક લગ્નના બે હિસ્સા કર્યા. એ રીતે દિવસરાતના મળી ૨૪ ખંડ થયા. આ દરેક ખંડને હોરા કહેતા. આ હોરા શબ્દ ઉપરથી અંગ્રેજી અવર શબ્દ (Hora=Hour) થયો છે.

ઇસુના જન્મ પહેલાં યુરોપમાં ફલજ્યોતિષ કહેનારનો એક સંપ્રદાય ચાલુ થઈ ગયો હતો. પણ હિંદુ સંસ્કૃતિને તેની સાથે કશો સંબંધ નહોતો. તેમાં ફલ કહેવાને સાત હોરા, સાત દિવસ, સાત માસ અને સાત વર્ષોનું ચક્ર પ્રચારમાં આવ્યું. એથી સગવડ એ થતી કે એક એક હોરા તથા એક એક દિવસને એક એક ગ્રહના આધિકારમાં લાવી શકાતા. પછી જન્મ હોરા, જન્મ દિન, જન્મ માસ અને જન્મ વર્ષના અધિપતિ ગ્રહને મેળવી તેનાં લક્ષણો પ્રમાણે ફલ કહેવામાં આવતું. આ પદ્ધતિ અહીં પણ આવી હતી. આપણા દેશમાં તો હોરાનો એટલો પ્રચાર થયો કે ફલિતશાસ્ત્રની એક શાળાનું નામ 'હોરાશાળા' પડી ગયું.

આપણા સર્વમાન્ય જ્યોતિષગ્રંથ સૂર્યસિદ્ધાન્તમાં આ પ્રકારના આધારે વારક્રમ નિશ્ચિત કરવાની રીત બતાવી છે. કહેવાય છે કે આ દેશના જ્યોતિષિઓમાં એ પ્રથા બહારથી આવી છે. જેમ દિવસના આરંભમાં આવનારી હોરાનો અધિપતિ ગ્રહ આખા દિવસનો સ્વામી માનવામાં આવે છે, તેમ માસના આરંભમાં આવતી હોરાનો પતિ માસ પતિ, અને વર્ષના આરંભમાં આવનાર હોરાનો અધિપતિ વર્ષપતિ નક્કી થાય છે.

ભારતવર્ષમાં ઇસુની બીજી સદીની પૂર્વે એવી કોઇ પ્રથા માલૂમ પડતી નથી કે જેમાં વારનો ઉલ્લેખ હોય. પણ એ દેશોમાં તેનો ઉલ્લેખ ઇસુના પૂર્વકાળમાં પણ મળે છે. ઇસુના જન્મ પહેલાં ૨૯ વર્ષે ટિબ્યુલસ નામના કવિના કાવ્યમાં તે પ્રથાનો ઉલ્લેખ મળે છે.

એ બધી પ્રથાઓમાં શનિવારથી સપ્તાહનો આરંભ થાય છે; ને પછી રવિવાર આવે છે. પણ હિબ્રુ સપ્તાહની સાથે તેનો સંબંધ સાંધવાને રવિવારને પહેલો મૂકી દીધો અને તે બીના પણ ઇસુના જન્મ બાદ ૯૦ વર્ષે બની. પરંતુ ભારતીય સિદ્ધાન્ત ગ્રંથોમાં શનિવારથી સપ્તાહ કે વર્ષનો આરંભ થાય એવું ક્યાયે લખાયું નથી. સિદ્ધાન્તશિરોમણિ ગણિતાધ્યાયમાં શ્રી ભાસ્કરાચાર્ય લખે છે કે 'લંકાનગરીમાં સૂર્યોદય થતાં સૂર્યનો દિન, ચૈત્ર શુદ પડવો, માસ, વર્ષ, યુગ આદિની એકીસાથે પ્રવૃત્તિ શરૂ થઇ.'

એશિયામાઇનરમાં મહિનાના પ્રથમ દિવસને 'સમ્રાટનો દિન' કહેવામાં આવતો. પહેલાં ત્યાં ઇસુનો ધર્મ રાજ્યધર્મ નહોતો અને રાજશાસનથી જ તેને પ્રાણદંડ દેવામાં આવ્યો હતો એટલે ખ્રિસ્તીઓ રાજશક્તિ ઉપર ચીડાએલા હતા. આથી એશિયામાઈનરના યહુદી રાજાઓને પડકાર દેતા હોય તેમ તેમણે સપ્તાહના પ્રથમ દિવસને 'પ્રભુનો દિન' ઠરાવ્યો. ઇસુની પછી ૯૦ વર્ષ બાદના એક ગ્રંથમાં રવિવારનું નામ તો જડે છે, પણ તે સાધારણ ભાવે. પરંતુ પછી ખ્રિસ્તીધર્મના હાથમાં રાજસત્તા આવી ત્યારે પ્રભુના દિનનું નામ ફરીવાર સૂર્યનો દિન થઇ ગયું અને સૂર્યવાર અથવા રવિવારનું માહાત્મ્ય આખા યુરોપમાં ફેલાઈ ગયું. ઇ.સ. ૩૨૧ પહેલાં રવિવાર કેવળ ધાર્મિક કાર્યનો દિવસ હતો; પછીથી તે રાજકાર્યનો દિન પણ ગણાવા લાગ્યો અને ત્યારથી આજ સુધી રવિવારનું મહત્ત્વ ચાલુ છે.

ખ્રિસ્તી ધર્મની વિરુદ્ધ જ્યારે મુસલમાની ધર્મનું જોર વધ્યું ત્યારે કંઈક નવીનતા અને કંઇક ધર્મવિરોધ બતાવવાને તેમણે હિબ્રુ સપ્તાહનો છેલ્લો દિવસ શુક્રવાર અથવા જુમ્મા પસંદ કર્યો; પણ યુરોપમાં તો રવિવાર જ પ્રધાન રહ્યો. આપણા દેશમાં તો વારપદ્ધતિ ઈસુની બીજી શતાબ્દિ પૂર્વે આવી જ નહોતી.

વારની શરૂઆત દિવસનો ઉદય થાય તેની સાથે સંબંધ રાખે

છે. પણ રવિવારનો આરંભ ક્યારથી ગણવો? સૂર્યોદય સાથે કે આગલી મધરાતથી? વ્યવહારમાં તો આપણે આગલી રાત્રે તારીખ બદલાતી માનીએ છીએ.

સને ૧૯૨૫ની પહેલાં જ્યોતિષી ગણના માટે સ્પષ્ટ સૌર-દિનની ગણના સ્પષ્ટ મધ્યાહ્નથી થતી હતી. એ ગણના પણ હવે તો મધરાતે લાગુ થાય છે. આ બાબત ભારતવર્ષના જોષીઓમાં બહુ મતભેદ છે. કેટલાકના મતે સૂર્યસિદ્ધાન્ત અનુસાર લંકામાં જ્યારે અરધી રાત થાય ત્યારે એકસાથે બધી દુનિયામાં વાર બદલાય છે. એ પરથી લંકાના પૂર્વ દેશોમાં વાર મધરાત પછી બદલાય અને પશ્ચિમમાં મધરાત પહેલાં. ભાસ્કરાચાર્ય તો સૂર્યબિમ્બના દેખાવા સાથે દિનનો પ્રારંભ માને છે; અને હિન્દુ જોષીઓ પણ જન્મપત્ર લખે છે ત્યારે લખે છે કે સૂર્યબિમ્બ જ્યારે અરધું ઉદય પામ્યું ત્યારે જન્મકાળને અમુક સમય વીતી ગયો હતો. યવનેશ્વર (ગ્રીક)નો એવો મત છે કે રાતનાં દસ મુહૂર્ત વીતી જાય પછી દિવસ બદલાય છે. લાટાચાર્ય પોતાના ગ્રંથમાં મધરાતથી વાર બદલાય છે એમ જણાવે છે. જેને લોકો લાટાચાર્ય કહે છે તે આલ્બેરૂની (અરબ?) જ સૂર્ય સિદ્ધાન્તના કર્તા છે.

(હિંદી 'હંસ'માંના શ્રી હજારીપ્રસાદ
દ્વિવેદી શાસ્ત્રાચાર્યના લેખ ઉપરથી)

## ઍલ્યુમિનિયમ અને આરોગ્ય

આજકાલ સાધારણ જનસમાજમાં ઍલ્યુમિનિયમનો પ્રચાર અતિશય વધી ગયો છે અને ઘરગથ્થુ ચીજ તરીકે ઍલ્યુમિનિયમની નાનીમોટી વસ્તુઓ બધા વર્ગનાં માણસો વાપરે છે. આ વસ્તુ આપણા દેશમાં એક દસકાથી ચાલુ થઇ છે, છતાં તેના ગુણદોષ સંબંધીનું કંઇ જ્ઞાન આપણા જાણવા-સમજવામાં હજુ પૂરેપૂરૂં આવ્યું નથી. અજ્ઞાન માણસો પૂરૂં જાણ્યાસમજ્યા વગર માત્ર દેખાદેખીથી, અથવા ઍલ્યુમિનિયમના ચાંદી જેવા ભભકાથી અંજાઇ જઇને એનાં વાસણો વાપરવા તરફ દોરાતા થઇ ગયા છે. હાલમાં થોડો સમય થયાં છાપાંઓમાં ઍલ્યુમિનિયમને નહિ વાપરવાની સૂચનાઓ કરવામાં આવે છે. છાપાંઓમાં આટલી ઉહાપોહ થયા છતાં કોઇ સત્તાધારી વ્યક્તિ તરફથી આ સંબંધમાં સચોટ ખબર બહાર પાડવામાં આવી નથી, કે જેને આધારે સાધારણ જન-સમૂહ ખાત્રીપૂર્વક અભિપ્રાય બાંધી શકે.

ઍલ્યુમિનિયમનાં કારખાનાંઓવાળા પણ ઍલ્યુમિનિયમ ચોકખું છે, ૯૯ ટકા શુદ્ધ છે, તે ગરીબોની ચાંદી છે, એ બતાવવા સિવાય ઉપરના આક્ષેપોનું કોઈ રીતે સમાધાન કરી શક્યા નથી. આથી પ્રજાવર્ગ કઈ રીતે સમજે કે વર્તે યા શંકાશીલ મટે એ એક મોટો સવાલ છે. અને તે જાહેર હિતનો હોવાથી આ બાબતમાં પૂરતી તપાસ તેમજ જે જે દિશાઓમાંથી આક્ષેપો થયા છે તેની બારીક સમીક્ષા કરવાને પરિણામે ખરી વસ્તુસ્થિતિ શી છે તે અત્રે જણાવી છે.

કોઇ કહે કે 'વીજળીનો સ્પર્શ થતાં જ માણસ મૃત્યુવશ થાય છે, માટે વીજળી કોઇએ વાપરવી નહિ' તો એ સૂચનાને કોઇ વાજબી લેખશે નહિ. કોઇપણ નવી વસ્તુ વાપરતાં પહેલાં તેના ગુણદોષ સમજી તેની સૂચના પ્રમાણે તે વપરાવી જોઇએ. ઍલ્યુમિનિયમ નવી વસ્તુ હોવાથી વાપરનારાઓએ પ્રથમ તેના ગુણ દોષ અને વાપરવાની રીત જાણવાં જોઇએ; પણ હિંદુસ્તાનમાં તેના ગુણદોષ કે વાપરવાની રીત કોઇએ જાહેરમાં ફેલાવી નથી.

ઍલ્યુમિનિયમનો મોટો ઉપયોગ વાસણો તરીકે થાય છે. તેને દરરોજ સાફ તો કરવાં જ જોઇએ. આપણા લોકો વાસણ સાફ કરવામાં સામાન્યરીતે રાખ કે માટીનો ઉપયોગ કરે છે. પણ ઍલ્યુમિનિયમને માટી કે રાખ ખરાબ કરે છે; છતાં આપણા ચાલતા રિવાજ પ્રમાણે ઍલ્યુમિનિયમને પણ માટી કે રાખથી જ હજી સાફ કર્યે રાખવામાં આવે છે. આમ કરવાથી ચારપાંચ દિવસમાં જ વાસણ કાળું પડી જાય છે અને નજરે જોવું ગમતું નથી, એટલું જ નહિ પણ તે રીતે સાફ કરવાથી રોગ ઉત્પન્ન કરવામાં તે વાસણ કારણભૂત બને છે.

જેવી રીતે કોઇપણ ધાતુને તેજાબ ખાઈ જાય છે, તેવી રીતે ઍલ્યુમિનિયમને મીઠું અને સોડા તેમજ પોટાશના ક્ષારો ખાઇ જાય છે. ઍલ્યુમિનિયમ વાપરનારાઓએ એટલા માટે ઍલ્યુમિનિયમના વાસણમાં મીઠું, અથાણું, સોડા, ચૂનો રાખ કે દરિયાનું પાણી ભરી રાખવું નહિ. રાખમાં સોડા અને પોટાશના ક્ષારો મોટા પ્રમાણમાં હોય છે અને તેનાથી વાસણ માંજતાં ઍલ્યુમિનિયમનાં વાસણોની સપાટી ખવાતી જાય છે. જેમજેમ દિવસો જાય છે તેમતેમ પેલી ખવાએલી સપાટીમાં રાખ ભરાઇ રહે છે અને વધારે ને વધારે ઍલ્યુમિનિયમ ખવાતું જાય છે. એ ખવાએલી સપાટીમાં જે રાખ તથા મેલ ભરાઇ રહે છે તે રસોઇ થતી વખતે ઊકળતા પાણીમાં મળી જાય છે અને ખોરાક વાટે માણસોનાં શરીરમાં જાય છે. રોજંદા ખોરાકમાં આ પ્રમાણે માટી ને રાખ જવાથી અચૂક તે અમુક રોગોને જન્મ આપે છે. આ રીતે ઍલ્યુમિનિયમ પોતે નહિ પણ ઍલ્યુમિનિયમ સાફ કરવાની આપણી રીતભાત જ રોગનું કારણ છે.

ઍલ્યુમિનિયમ સાફ કરવાની સારી રીત એ છે કે ચૂના અથવા માટીના ભેગ વગરનો સાબુ લઇ તેનો ભૂકો અથવા છુંદો બનાવી ભીનાં લૂગડાની એક પોટલીમાં તે ભરવો અને સાફ કરવાનાં ભીનાં વાસણ ઉપર આ પોટલીને એક ફેરો ઘસી પછી વાસણને કાથાની સીંદરીથી ખૂબ ઘસી નાખવું ને પછી સાફ પાણીથી ધોઇ નાખવું. આ પ્રમાણે થોડી મહેનતમાં અને ઘણા નજીવા ખરચથી વાસણો ચાંદી જેવાં સફેદ રહેશે અને તેનો કુદરતી રંગ, હમેશાં બજારમાંથી ખરીદ કરતી વખતે જે ભપકો દેખાય છે તેવો, રહેશે, તેમજ કોઈપણ રોગનું કારણ તે વાસણ બનશે નહિ.

ઍલ્યુમિનિયમ પોતે કોઇ રીતે નુકસાનકારક ધાતુ નથી.

સરકારી લૅબૉરેટરીમાં બધા ખોરાક માટે તેની લાયકાત હોવાનાં સર્ટિફિકેટો અપાએલાં છે. યુરોપ, અમેરિકા, જાપાન, હિંદુસ્તાન બધી જગ્યાએ લડાઈના કૅમ્પ, મિલિટરી રસોડાં અને મોટી ઑસ્પિટલોમાં ઍલ્યુમિનિયમનાં વાસણો વપરાય છે. તેમાં કોઇપણ જાતનું નુકસાનકારક તત્ત્વ હોય તો તરત જ ત્યાંથી તેનો ઉપયોગ બંધ થઈ જાય. (ગુજરાત સમાચાર)

### ત્રણ અગત્યના ગુણ

પશ્ચિમના સમાજમાંથી કહો કે પશ્ચિમની સંસ્થામાંથી કહો, પણ આપણે ત્રણ વસ્તુઓ વહેલી તકે આપણી સંસ્થાઓમાં લાવી દેવી જોઇએ, આ ત્રણ વસ્તુઓ તે નિયમિતતા, શાંતિ અને સ્વચ્છતા. પશ્ચિમની સંસ્થાઓમાં આ ત્રણ વસ્તુઓ એટલી બધી ઓતપ્રોત થઇ ગઈ છે કે એ ન હોય ત્યાં તરત જ કેમ જાણે આપણને ખૂંચે! આપણે ત્યાં આજે લગભગ આથી ઊલટું છે. આજે આપણે ત્યાં કોઇ માણસ નિયમિતતાનો, શાંતિનો કે સ્વચ્છતાનો આગ્રહ રાખે તો આપણે બુદ્ધિથી તો તેને સ્વીકારવી જ પડે એટલે સ્વીકારીએ છીએ; પણ અંદરથી આપણે કેમ જાણે એ ત્રણેયને હસી કાઢીએ છીએ. આપણી આવી મનોદશાને લીધે જ આટલાં વર્ષો થયાં હજી આપણી સંસ્થાઓમાં આ વસ્તુઓ આવી નથી; હજી આજે પણ આપણી કેળવણીની સંસ્થાઓ નિયમિતતાનો આગ્રહ ધરાવતી થઇ નથી; હજી આજે પણ આપણી શાળાઓનાં કામો બરાબર મિનિટેમિનિટ ચોક્કસ થતાં નથી; હજી આજે પણ આપણી સભાઓ મિનિટેમિનિટ વખતસર શરૂ થતી નથી તેમ પૂરી થતી નથી; હજી આજે પણ આપણા વિદ્યાર્થીજીવનમાં આપણે નિયમિતતા પરોવી શકયા નથી; અને વધારે હસવા જેવું તો એ હોય છે કે જેઓ નિયમિતતા માટે ઘણીવાર ઉપદેશ આપતા હોય છે એ લોકો જ ખાસ મોડા થાય છે. આ સર્વની પાછળ એક જ વસ્તુ મુખ્ય છે, તે એ છે કે આપણને બીજાના વખતની તેમજ આપણા પોતાના વખતની કિંમત નથી. જેને વખતની કિંમત છે તે નક્કી કરેલે વખતે જ પોતાનું કામ કરે છે, બીજાનો વખત બગાડયા વિના પોતાનો વખત સાચવે છે અને નિયમિત થવું એને જીવનની એક પ્રકારની કરકસર સમજે છે. શાંતિ અને સ્વચ્છતા એ આજના સમાજમાં અનિવાર્ય છે અને તે ઊભાં કરવા માટે મહેનત જ લેવી જોઇએ.

જેવું નિયમિતતાનું તેવું જ શાંતિનું. જૂના કાળમાં આપણા ઋષિમુનિઓને તપોવનની સ્વાભાવિક શાંતિનો જે લાભ હતો તે આજે આપણને નથી. આજે આપણે તો આગગાડી અને મોટરોની કાન ફોડી નાખે તેવી ધમાલ વચ્ચે જીવન ગાળવું છે. એવે વખતે તો શાંતિની આપણને તેમ જ ઊછરતી પ્રજાને વધારે જરૂર છે. જયારે ખરી રીતે કહીએ તો આપણને શાંતિ શી ચીજ છે તેનું ભાન પણ નથી. આપણે બે માણસો શાંતિથી બેસી શકતા નથી; આપણાં ઘરો ઘોંઘાટથી ભરેલાં રહે છે; શાળામાં શિક્ષક અને ગૃહમાં ગૃહપતિ બોલતાં જાણે શીખ્યા જ નથી: જમવા બેસતી વખતે આપણે શાક માર્કીટ ખડી કરી દઇએ છીએ; સભામાંથી છૂટયા એટલે શોરબકોર અને ધમાધમી! યુરોપની પ્રજાએ ઘણી મહેનતે પોતાના સમાજમાં શાંતિ સ્થાપી છે. ત્યાં છેક નાનપણથી જ માબાપ બાળકોને શાંતિથી બોલતાં, શાંતિથી ચાલતાં, શાંતિથી બીજો વ્યવહાર કરતાં શીખવે છે. આપણે પણ આ દિશામાં ભગીરથ પ્રયત્ન કરવો પડશે, અને એવો પ્રયત્ન લાંબા કાળ સુધી કરવો પડશે. શરૂઆતમાં આવો પ્રયત્ન આપણામાંના ઘણાને ગમશે પણ નહિ અને વિદ્યાર્થીઓ પણ તેને આદરપૂર્વક વધાવશે નહિ. પરંતુ આ પ્રયત્નને મીઠો બનાવી આપણે તે કર્યે જ છૂટકો છે.

જેવું નિયમિતતાનું, જેવું શાંતિનું, તેવું જ સ્વચ્છતાનું. આપણે ન સમજીએ એવી રીતે અમુક અસ્વચ્છતાઓ આપણામાં ઘૂસી જ ગઇ છે. ગમે ત્યાં થૂંકતાં આપણને સંકોચ થતો જ નથી; ગમે ત્યાં શેડા કાઢતાં આપણે શરમાતા જ નથી; ગમે ત્યાં કચરો ફેંકીએ એ આપણા માટે સહજ થઈ પડયું છે. આ બધી વસ્તુઓ કેટલી બધી ખરાબ છે એ તો શુદ્ધ વાતાવરણમાં જઇએ ત્યારે જ આપણને ખબર પડે. આ ટેવને પણ આપણે સુધાર્યે જ છૂટકો છે.

આપણા સમાજને આજના યુગમાં જીવવું હોય તો આ ત્રણે ય બાબતોમાં આપણે આળસ ખંખેરીને આગળ પડવું પડશે.
('છાત્રાલય'માંથી) —નાનાભાઇ

### શ્રી શિવાજી સ્કાઉટ પથક મંદિર

શ્રી શિવાજી સ્કાઉટ પથક મંદિર-પૂનામાં બાંધવામાં આવ્યું તેનું ખાસ મહત્ત્વ એ છે કે વિદ્યાર્થીઓએ નાટય પ્રયોગો કરી, એમ. સી. સી. મૅચ વખતે મંડળ કરી, તેની ટીકીટો વેચી ઈમારત વાસ્તે પૈસા એકઠા કર્યા. એ સ્કાઉટ પથકના જ એક સ્કાઉટ કંટ્રાકટર લંડોપંત દાતારની દેખરેખ નીચે ઇમારત બંધાઈ. સ્વાવલંબનથી પોતાનું મકાન કરવાનો યશ એ બધા બાલવીરોને મળ્યો. ૧૯૨૦થી આજ સુધી ચૌદ વર્ષ પર્યંત પ્રવૃત્તિ ટકાવી રાખનાર પ્રજાનું આ એક જ સ્કાઉટ મંડળ છે. ('સકાળ'-સાપ્તાહિક-માંથી)

### હિંદી વિદ્યાર્થિનીઓને પરદેશના અભ્યાસ માટે સ્કૅાલરશિપ

પૂર્વે એક કાળે જુનાગઢ સ્ટેટના દીવાન અને આઠ વર્ષ સુધી રાષ્ટ્રીય ચળવળના નેતા બનેલા પંડિત શ્યામજી કૃષ્ણ વર્માને બ્રિટિશ હદપારીની સજા થએલી અને તે બધો કાળ તેમણે પારીસમાં રહીને સ્વદેશના યુવકોને સહાય કરવામાં તેમજ રાષ્ટ્રીય ચળવળને પરદેશમાં સહાય આપવામાં ગાળેલો. હિંદુ લોકોએ પરદેશમાં રહી આધુનિક વિદ્યાઓ હસ્તગત કરવી જોઇએ એ તેમનો સતત આગ્રહ હતો અને તે માટે પોતે ઘણાને સ્કૅાલરશિપો આપતા. પ્રસિદ્ધ બૅરિસ્ટર સાવરકર તેમની સ્કૅાલરશિપથી જ વિલાયત જઇ શકયા હતા.

પંડિતજીની સાથે તેમનાં પત્ની પણ પરદેશ જઈ વસ્યાં

હતાં તેમનું હમણાં જ અવસાન થયું અને પોતાના પતિના જેવા જ ઉચ્ચ હેતુઓ તેઓ ધરાવતાં હોવાથી મૃત્યુપત્રમાં ત્રીસ લાખ રૂપિયાની રકમ પરદેશ શિક્ષણ લેવા જનાર હિંદી સ્ત્રીઓને જ મદદ આપવાના હેતુથી તેમણે જુદી કાઢી છે.

## એક નિબંધી યોજના

ન્યૂ યૉર્કની નવી ઇતિહાસસભાએ એશીઆના સમસ્ત યુવકો માટે એક નિબંધી યોજના બહાર પાડી છે. તેમાં પસંદગી પામેલા નિબંધો માટે ત્રણ ઈનામો છે પહેલું ઈનામ ત્રણસો ડૉલરનું, બીજું બસોનું અને ત્રીજું સો ડૉલરનું. આ સભાએ આવી બીજી નિબંધી યોજનાઓ યુનાઈટેડ સ્ટેટ્સ, યુરોપ અને લૅટિન અમેરિકા માટે પણ ગોઠવી છે.

એશીઆની ઇનામી યોજનાનો વિષય છે 'વિશ્વધર્મની સિદ્ધિમાં યુવકો શી રીતનો ફાળો આપી શકે?' ત્રીસ વર્ષની વય નીચેનાં બધાં યુવક-યુવતીઓ વિશ્વધર્મની સિદ્ધિ વિષે પોતાના વિચારો બતાવી શકશે. નિબંધ લખનારાં એશીઆમાં જન્મેલાં તથા એશીઆવાસી હોવાં જોઇશે.

એશીઆ માટે ખાસ આ ધર્મ-વિષય પસંદ કરવામાં આવ્યો છે, કારણકે સભા માને છે કે એશીઆ સર્વ ધર્મનું ઉદ્‌ભવસ્થાન છે, સઘળા ધર્મસંસ્થાપકોનો જન્મ પૂર્વમાં થએલો છે અને પૂર્વના લોકહૃદયની ધર્મપ્રેરણા પશ્ચિમમાં વહી છે. આજે સંપ્રદાયોની ગુંચ વધી છે એટલે એ બધા સંપ્રદાયોના સિદ્ધાન્તોને પૂર્વની જાગતી પ્રજા કેવા અર્થમાં ઝીલે છે એ તે પોતે કહી શકે.

આ નિબંધ બસો શબ્દોથી વધુ લાંબો હોવો ન જોઇએ. દરેક નિબંધકાર એક જ નિબંધ રજૂ કરી શકશે; તેમજ ફ્રેંચ, ઉર્દૂ, તુર્કી અને અરબ્બી ભાષાઓ સિવાય બીજી કોઇ પણ ભાષામાં નિબંધ લખાએલા હશે તો તેના અંગ્રેજી ભાષાંતરની એક નકલ સાથે જોડવાની છે

આ નિબંધની પરીક્ષણસમિતિમાં ડૉ. હરિદાસ મજુમદાર તથા કલાકાર પ્રો. નિકોલા રોરિશ સાથે બીજા અમેરિકન નાગરિકો છે.

નિબંધ રજૂ કરવાની મુદ્દત સને ૧૯૩૬ના માર્ચ માસની પહેલી તારીખ સુધી મુકરર કરવામાં આવી છે. સરનામું નીચે પ્રમાણે છે: 'ધ ન્યૂ હિસ્ટરી સોસાએટી, ૧૩૨ ઈસ્ટ ૬૫મી સ્ટ્રીટ, ન્યૂ યૉર્ક.'

## ઠાલો ઠામ

'આસપાસ અવકાશમાં ક્યાંય ઠાલો ઠામ નથી' એની છેલ્લી ખાતરી હમણાં વિજ્ઞાને આપી છે. વિજ્ઞાન જેને 'વૅક્યુમ'—તદ્દન ખાલી જગ્યા—ઠાલો ઠામ—કહે છે તે તારાઓની વચ્ચેના અનન્ત અવકાશમાં છે એમ માન્યતા હતી. પણ અમેરિકાની માઉન્ટ વિલ્સન વેધશાળા પર થએલા છેલ્લા અધ્યયન ઉપરથી જણાયું છે કે આ બ્રહ્માંડભરમાં ક્યાં યે તદ્દન ઠાલો ઠામ તો નથી જ. આકાશમાંના અબજો માઇલ દૂર પડેલા તારાઓ વચ્ચેનો અવકાશ એ 'ઊંચી કક્ષાનો' ઠાલો ઠામ કહી શકાય, પણ 'તદ્દન ઠાલો' તો નહિ જ; કેમકે ત્યાં પણ એક ઘન ઇંચ અવકાશમાં એક અણુ હોવાનું તો માલૂમ પડ્યું છે. પાણીના એક ટીપામાં ૧,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦, ૦૦૦, ૦૦૦, (એકડા ઉપર એકવીસ મીંડાં-કેટલા થયા? ગણી લેજો!) અણુ હોય છે. ઉપરના એક ઘન ઇંચે એક અણુના હિસાબે પાણીનું એક ટીપું અવકાશમાંની ૩,૭૫૦,૦૦૦ ઘન માઇલ જગ્યાને આવરી શકે! (લિટરરી ડાઇજેસ્ટ)

ૐ

અંગ્રેજી ભાષાનો સર્વથી મોટો શબ્દકોશ ઑક્સફર્ડ ડિક્શનેરી છે. આ પ્રચંડ ગ્રંથનું સંપાદન સર જેમ્સ મરેને હાથે થયું છે. આવું કંટાળાભર્યું, વર્ષાનુવર્ષ સતત જીવ ખાનારૂં કામ પોતે એકાગ્રપણે કેવી રીતે પાર પાડી શક્યા તે બાબત કોઇએ કુતૂહલ થતાં તેમને પૂછ્યું ત્યારે તેમણે ઉત્તર આપ્યો કે દારૂને સ્પર્શ પણ નહિ કરવાની પ્રતિજ્ઞાનું એ ફળ છે!

ૐ

અમેરિકાની નૅશનલ જ્યૉગ્રૉફી સોસાએટી (રાષ્ટ્રીય ભૂગોળ મંડળ)ના દસ લાખ સભાસદ છે. તે બધાને એ સોસાએટી તરફથી જગતનો તાજો નકશો ભેટ આપવાને બહાર પાડવામાં આવ્યો છે. દસ વર્ષ પૂર્વે આ જ સોસાએટીએ કાઢેલા નકશા અને હાલના આ નકશા વચ્ચે સરખામણી કરતાં જણાય છે કે દુનિયાનાં ૧૨૨૬ સ્થળોનાં નામો તદ્દન બદલી નાખવામાં આવ્યાં છે અને ૫૦૦ નામો તો નવાં જ છે! છેલ્લાં દસ વર્ષમાં જગતના નકશામાં એટલા બધા ફેરફારો થયા કર્યા છે કે ત્રણવાર તો કાઢેલા નકશા બદલવા પડ્યા! છેલ્લો આ નકશો છેવટનો બીનચુક ભૂસ્વરૂપનો ખ્યાલ આપનારો બન્યો છે! (સકાળ-સાપ્તાહિક-માંથી)

ૐ

એક્સરે અને ટેલિવીઝન એ બંનેનો સમન્વય કરીને તથા તેમાં નવા સુધારા કરીને લ્યૂથર સિગ્જીઅને નામના યુવાન શોધકે એવી એક્સરે ફોટોગ્રાફી યોજી છે કે જે વડે શરીરના ભાગોના રંગીન ફોટોગ્રાફો પાડી શકાય; એટલું જ નહિ પણ તેની છબીઓ તાર મારફત એક ઇસ્પિતાલમાંથી બીજી ઇસ્પિતાલમાં મોકલી પણ શકાય!

ૐ

ટેલુરિયમ, સિલેરિયમ, ગૅલિયમ, જર્મેનિયમ અને ઇન્ડિયમ—'ઇયમ'વાળાં પાંચ નામ તે પાંચ નવી શોધાએલી ધાતુઓનાં છે, અને કોલંબિયા યુનિવર્સિટીના ઇલેક્ટ્રો-કેમિસ્ટ્રીના પ્રોફેસર ડૉ. કૉલિન જી ફિન્કે જાહેર કર્યું છે કે આજ સુધી દુષ્પ્રાપ્ય મનાતી આ ધાતુઓ તેના વિશિષ્ટ ગુણધર્મને કારણે થોડા જ વખતમાં ઍલ્યુમિનિયમની માફક સર્વવ્યાપી થવાની છે. (લિટરરી ડાઇજેસ્ટ)

## ❀ પ્રશ્નો મારે તાપે તપી અવરની ખાતે સૂજવી ❀

ગુલામ તરીકે પકડાઇને બજારમાં વેચાવા ઊભા રહેલા ડાયોજિનિસને કોઈએ પૂછ્યું: 'આ સ્થિતિમાં અહીં હવે તું શું કરી શકવાનો ?' તેણે કહ્યું 'હકુમત જ ચલાવવાનો 'અને હરરાજી બોલનારાને કહ્યું કે 'પોકાર કર કે કોઇને માલિક જોઇતો હોય તો ખરીદવાની તક છે !'

અનેકાર્થી શબ્દ: **કળ**=કૂંચી ફેરવીને ઉઘાડી-વાસી શકાય તેવું પેટી-કબાટને જડવામાં આવતું યંત્ર; ચાંપ; યુક્તિ; મૂર્ચ્છા-તમ્મર; અંદર પેસી જવાય એવી જમીન, ચીકણો કાદવ; અટકળ, ઉકેલ; સમજ; નિરાંત, ટાઢક.

ટૉરીસેલી નામના જે વૈજ્ઞાનિકે બૅરોમીટર (હવામાનમાપક યંત્ર)ની પહેલી શોધ કરી તેના સ્મરણમાં ઇટાલીના ફાયેન્સા ગામમાં ૩૮ ફીટ ઊંચું એક સાચું બૅરોમીટર જ ઊભું કરવામાં આવ્યું છે, અને તે ઑલીવ ઑઈલથી ચાલે છે.

ગડગડીઆ નાળિયેરને ફોડતી વેળા બરાબર વચ્ચોવચ્ચ પાણીનો ગોળ વર્તુલ કરી ફોડવાથી એકસરખી ગોળ અડધિયા કાચલી ઊતરશે, જે સુંદર પલાળવાના તથા એવા બીજા ઘણા ઉપયોગમાં આવશે.

ફ્લૅશલાઇટની બૅટરી ખલાસ થવા આવીને ઝાંખી બળતી હોય ત્યારે કોલસા કાઢી લીધેલી અને હાથ અડાડી શકાય એવી સહેજ હૂંફાળી સગડીમાં ટાંગીને થોડીવાર મૂકીને વાપરજો; તેજ મારશે.

અમેરિકાના ડેલાવેર શહેરમાં રાત્રી થતાં વાહનોની પેઠે પ્રત્યેક પગે ચાલનારાએ પણ કાંઈ પ્રકાશ આપનારૂં સાધન લગાડવું જ એવો નવો કાયદો થયો છે.

હાથીદાંતની મેલી થએલી ચીજો માઠામાં બોળેલી લીંબુની ચીર વડે ઘસી કોકરવરણા પાણીથી સાફ કરીને બરોબર સૂકવી નાખજો. ખરી ચમક આવશે.


આ અંકથી એક નવો ઉપયોગી લેખવિભાગ શરૂ થયો છે. તમારૂં ધ્યાન ખેંચાયું?



ઇસ્પિતાલમાં દરદીઓ તથા ઘરમાં અપંગ માણસો સૂતાંસૂતાં આસાયેશથી વાંચી શકે એવા આ સાધનમાં જાડા પ્લેટ ગ્લાસ પાછળ ચોપડી પડી રહે છે અને પાછળ ઓશીકે કરેલી રચનાથી તેમાં દીવાનો જોઇતો પ્રકાશ મળે છે. પાનાં ફેરવવાં હોય ત્યારે ચિત્રમાં બતાવ્યા પ્રમાણે કાચ અને ફ્રેમ વચ્ચે રાખેલી જગ્યામાંથી ફેરવી શકાય છે.

તમે આટલું કરી શકો છો? (૧) દોરાને થૂંક લગાડીને અક્કડ કર્યા વિના સોયમાં પરોવી શકો છો ? (૨) પારકો કાગળ વાંચ્યા વિના ટપાલમાં નાખી શકો છો ? (૩) તમારા બૂટની એડીઓ ઘસાઇઘસાઇને તળિયે જાય તે પહેલાં નવી નખાવો છો ? અથવા (૪) છેક તૂટી જવા આવે તે પહેલાં બૂટની દોરી બદલી નાખો છો ? (૫) નળ આગળ દાંત ઘસતી વેળા ખપ ન હોય ત્યારે નળની ચકલી બંધ કરી રાખો છો ? (૬) છાપું વાંચી રહ્યા બાદ તેને હતું તેમ ઘડ વાળીને પાછું મૂકો છો ?—આ બધા પ્રશ્નોના ઉત્તર તમે જો હકારમાં આપતા હો તો કાં તો તમે અજબ માણસ હશો, અગર નરાતાળ ખોટાબોલા !

અતિશય સૂકી હવાવાળી કોઈ ઓરડીમાં સાઇકલને ઘણા દિવસ સુધી (વાપર્યા વિના) મૂકી રાખવી પડે એવું હોય તો એ ઓરડીમાં પાણી ભરેલું એક વાસણ મૂકી રાખજો. એની હવાથી સાઇકલનાં ટાયર ખરાબ થતાં અટકશે.



ખૂબ વજન ઝીલી શકે એવો બ્રૅકેટ ખીલાઓ વડે ભીંતમાં બનાવવો હોય ત્યારે બાજુના ચિત્રમાં બતાવ્યા પ્રમાણેનો ખૂણો પાડતા બે ખીલા ઠોકવા. ખીલાની લંબાઇનો આધાર ખૂણો કેવડો પાડવો છે તેના ઉપર રહે છે. આ સાદી યુક્તિ વડે કોઇપણ જાતની દીવાલમાં અતિ મજબૂત, ભારઝીલો બ્રૅકેટ બનાવી શકાશે.


બાટલીનો બૂચ બહુ સખત હોય ને કાઢતી વખતે વારંવાર મુશ્કેલી પડતી હોય તો એ બૂચ દેતી વેળા સુતરની ટેઈપનો ટુકડો સાથે ભીડવજો. તેના બહાર લટકતા રાખેલા બે છેડા ખેંચી સહેલાઇથી જરૂર પડ્યે બૂચ કાઢી શકાશે.

જરા તમારી જાણ માટે: ગયા એક વરસમાં બ્રિટિશ ઈમ્પીરીઅલ ઍરવેઇઝ મારફત દસલાખ કાગળો ઍરમેઈલથી ગયા આવ્યા.

બેશુદ્ધ બનેલા હિસ્ટીરીઆના દરદીને લોબાનનો ધૂપ શુદ્ધિમાં લાવશે.

અને આ જાણો છો ? બસમાં તમે કઇ બાજુ વધારે બેસો છો ? તરફ છે ખબર? ડાબી બાજુએ. એક બસલાઇનના મૅનેજરે આ અજબ જેવી વાત પૂરી પાડતાં કહ્યું કે અમારે બધી બસોની ડાબી બાજુની સ્પ્રિંગો જમણી બાજુ કરતાં વરસમાં બેવડી બદલવી પડે છે.

નાનાસરખા ઓરડામાં પણ જાજમ બિછાવવાથી તે વિશાળ લાગશે. જોજો.



ઝાડના ભાગ કરવાના ગયા અંકના કોયડાનો ઉત્તર ઉપર.